પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 27 OCTOBER, 2023 Vol. 20, No. 41 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news



પાતાલકોટ એક્સપ્રેસના બે કોચમાં લાગી આગ, 11 દાઝ્યા

PAGE NO. 15



ઇઝરાયેલે 400 બોમ્બ ફેંક્યા, હવાઇ હુમલામાં 700 લોકોના મોત

PAGE NO. 16

## ઇઝરાયેલ-હમાસ યુદ્ધની આડઅસર : નિફ્ટી અને સેન્સેક્સ બંને તૂટતાં રોકાણકારોને રડવાનો વારો

# ભારતીય શેરબજારમાં કડાકો : 20 લાખ કરોડ ધોવાયા

મુંબઈ

ભારતીય સ્ટોક માર્કેટમાં ચાલુ સપ્તાહમાં જબરદસ્ત ઉથલપાથલ જોવા મળી હતી. વેપારના પહેલા 4 દિવસમાં નિફ્ટી અને સેન્સેક્સમાં ભારે કડાકો બોલાતાં અંદાજે 15.09 લાખ કરોડનું ધોવાણ થયું હતું જ્યારે ગુરુવારે ચોથા દિવસે પર પણ શેરબજારમાં સ્થિતિ યથાવત રહેતાં વધુ 5 લાખ કરોડનું ધોવાણ થયું હતું. આ સાથે અઠવાડિયામાં કુલ 20.09 લાખ કરોડો રૂપિયાનું ધોવાણ થયું હતું. જેના કારણે રોકાણકારોને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે. ગુરુવારે ફરી બજાર લાલ નિશાન સાથે બંધ થયું છે. ૫ વર્ષમાં બજારની આ પ્રથમ નકારાત્મક ઓક્ટોબર શ્રેણી છે. ઓક્ટોબર સિરીઝમાં નિફ્ટીમાં લગભગ ૪%નો ઘટાડો થયો છે. સેન્સેક્સ-નિફ્ટી સળંગ છઠ્ઠા દિવસે ઘટાડા સાથે બંધ થયા છે. પાવર સિવાય બીએસઈના તમામ સેક્ટર ઈન્ડેક્સમાં વેચવાલી જોવા મળી હતી. મિડકેપ અને સ્મોલકેપ શેરો



દબાણ હેઠળ રહ્યા હતા જ્યારે રિયલ્ટી, ઓટો અને મેટલ ઈન્ડેક્સ સૌથી વધુ ઘટયા હતા. બેક્નિંગ, ફાર્મા અને આઈટી શેર્સ પર દબાણ જોવા મળ્યું હતું. કારોબારના અંતે સેન્સેક્સ ૯૦૦.૯૧ પોઈન્ટ અથવા ૧.૪૧ ટકાના ઘટાડા સાથે ૬૩,૧૪૮.૧૫ પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૨૬૪.૯૦ પોઈન્ટ અથવા ૧.૩૯ ટકાના ઘટાડા સાથે ૧૮૮૫૭.૨૫ ના સ્તર પર બંધ થયો હતો. સતત ત્રીજા ટ્રેડિંગ સેશનમાં અને ઓક્ટોબરના માસિક એક્સપાયરી ડે પર, ભારતીય શેરબજારમાં ઘટાડાનું સુનામી જોવા મળ્યું છે.

# ભારતે કેનેડામાં રહેતા લોકો માટે ચાર કેટેગરીની વિઝા સર્વિસ ફરી શરૂ કરી

ટોરોન્ટો : કેનેડા સાથેના વિવાદ વચ્ચે ભારતે એન્ટ્રી વિઝા, બિઝનેસ વિઝા, મેડિકલ વિઝા, કોન્ફરન્સ વિઝા સેવાઓ ફરી શરૂ કરી હતી. અગાઉ ભારત સરકારે સપ્ટેમ્બરમાં કેનેડિયન નાગરિકો માટે વિઝા સેવાઓ સ્થગિત કરી દીધી હતી. નિર્જર હત્યા કેસમાં ભારતની સંડોવણી હોવાના જસ્ટીન ટ્રુડોના આરોપો બાદ રોષે ભરાયેલા ભારતે 21 સપ્ટેમ્બરે કેનેડિયન નાગરિકો માટે વિઝા સ્થગિત કર્યા હતા. જેને કારણે દોઠ માસથી કેનેડામાં રહેતા ભારતીય નાગરિકોને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઓટાવામાં ભારતના હાઈ કમિશને ટોરોન્ટો તથા વાનકુવરમાં તેના કોન્સ્યુલેટ જનરલને સલામતી-સુરક્ષાની વિચારણાને કારણે અસ્થાયીરૂપે વિઝા સેવાઓ સ્થગિત કરવા માટે પ્રતિબંધિત પણ કર્યા હતા. આ સંદર્ભે કેટલાંક તાજેતરનાં કેનેડિયન પગલાંને ધ્યાનમાં લેતા ભારતે વિઝા સેવાઓ ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank®
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

વિશેષ અહેવાલ

યહૂદીઓએ USની સંસદને ઘેરી લીધી

PAGE NO. 17

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

Marché Patel
L'endroit où retrouver les saveurs de chez nous... Notre culture
One place for our food...Our Culture
www.marchepatel.com
Online & Retail Indian Grocery Store
42 Rue chabanel o, Montreal, H2N 1E6
Phone : 514 573 2632
E-mail : support@marchepatel.com
www.marchepatel.com

ABOWATH
REAL ESTATE GROUP
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More Info on PAGE 2
વધુ માહિતી પાનું 2 પર
ABOWATH.COM

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

BUY - SELL- LEASE - INVEST
Mehul Patel
Broker
Urshila Patel
Sales Representative
Dir : 416-254-6949
SAVE MAX Achievers Realty
Tel : 905-497-6701, Fax 905-497-6700
Email :- patelmayhool@gmail.com
170 Wilkinson Rd., Unit #3, Brampton, OM L6T 4Z5

Royal Rajasthan
16 days 13 nights
All-inclusive price starts at
Cad 3587 pp occ dbl.
Including: Flights (from Toronto or Montreal) Hotels 4 and 5 stars all meals, guide and monuments fees
Visit: Delhi, Agra, Ranthambore, Jaipur, Deogarh, Udaipur, Ranakpur and Jodhpur.
Serving Canadians for over 22-years
Airline Tickets (worldwide) & Travel insurance, Indian passport renewal, OCI, Indian Visa, Surrender Certificate
VOYAGES InterSky TRAVELS
Montréal, Québec
Permis du Québec
Divyesh (Dev) Patel
514 -513-9191
514 389 7070-toll free: 1855 389 7070

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડામાં ધંધાકીય માથાકૂટમાં ગોળીબાર થતાં પાંચના મોત

## બે અલગ અલગ ઘટના સંકળાયેલી હોવાનું પોલીસનું તારણ : એક યુવાને ચારની હત્યા કરી પોતાની જાતને ગોળી ધરબી દીધી હોવાની શકયતા

**ઓન્ટેરિયો**

કેનેડાના ઉત્તરી ઓન્ટેરિયો શહેરમાં ગોળીબારની ઘટનામાં ત્રણ બાળક સહિત પાંચ લોકોનાં મોત થયાં હતા. સોમવારે રાત્રે બનેલી ઘટના અંગે પોલીસે જણાવ્યું હતું કે બે અલગ અલગ ઘરમાંથી મૃતદેહો મળ્યા હતા.

અમને હેલ્પલાઈન ૯૧૧ પર રાત્રે ૧૦:૨૦ વાગ્યે (સ્થાનિક સમય) કોલ આવ્યો હતો. જે બાદ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ૪૧ વર્ષીય યુવકનો મૃતદેહ શોધી કાઢયો હતો. લગભગ દસ મિનિટ પછી ૯૧૧ પર બીજો કૉલ આવ્યો હતો. જે પછી ઘટનાસ્થળે પહોંચેલા પોલીસ અધિકારીઓને એક ૪૫ વર્ષીય વ્યક્તિ ઘાયલ જોવા મળી હતી, જેને ગોળી વાગી હતી. આ પછી છ વર્ષના




અને ૧૨ વર્ષના બાળકના મૃતદેહ પણ મળ્યા હતા, જેમની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પોલીસનું માનવું છે કે, એક જ વિસ્તારમાં બનેલી બે અલગ અલગ ઘટના એકબીજી સાથે સંકળાયેલી છે.

સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે તેમને અન્ય એક માણસ અને ૪૪ વર્ષીય માણસ મૃત મળ્યો હતો. કદાચ તેણે પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હોય એવું લાગે છે. પહેલા ચારની હત્યા કરી અને પછી પોતે આત્મહત્યા કરી લીધી હોવાનું જણાય છે. આ ઘટનામાં પ્રાથમિક તપાસમાં એવું બહાર આવ્યું છે કે, મૃતકો બિઝનેસ પાર્ટનર હતા અને અંદરોઅંદરની માથાકૂટના કારણે હત્યાની ઘટના બની હોવાનું જાણવા મળ્યું છે.

# ત્રિરંગાનું અપમાન, ખાલિસ્તાની દ્વારા ભારતીય દૂતાવાસ બહાર સૂત્રોચ્ચાર

**ટોરોન્ટો**

એક તરફ ભારત કેનેડા વચ્ચે સંબંધ વણસેલા છે તો બીજી તરફ કેનેડામાં ખાલિસ્તાઓ ભારત વિરોધી ગતિવિધિને અંજામ આપવા માંડયા છે. ફરી એકવાર ખાલિસ્તાન તરફી આતંકવાદી જૂથ SFJએ વાનકુવરમાં ભારતીય કોન્સ્યુલેટની બહાર ભારત વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા.

આ પ્રકારની ઘટના ત્યાર થઈ રહી છે જયારે ભારત સરકાર રાજદ્વારીઓ અને રાજદ્વારી બિલ્ડીંગની સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરી રહ્યું છે. કારણ કે વિઝા સેવાઓ ફરી સ્થાપી શકાય. સોશિયલ મીડિયા ઉપર જાહેર કરવામાં આવેલી તસવીરોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, આતંકવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસ (SFJ)ના




લોકો એક હાથમાં ખાલિસ્તાનનો ઝંડો અને બીજા હાથમાં કેનેડાનો ધ્વજ લઈ ફોટાઓ પડાવી રહ્યા છે. તસ્વીરોમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, ખાલિસ્તાન સમર્થકો ભારતીય ત્રિરંગાનું અપમાન કરી રહ્યા છે અને તેના પર ચંપલ પહેરીને ઉભા છે. અગાઉ પણ આ રીતે આતંકવાદી સંગઠન દ્વારા ભારતીય રાષ્ટ્રધ્વજનું અપમાન કરવામાં આવ્યું હતું.

# ટોરોન્ટોમાં પ્રજ્ઞેશ પટેલ તેમજ NYGC ગ્રુપ દ્વારા રાસ-ગરબાનો ભવ્ય કાર્યક્રમ



## ગુજરાતી સમાજના લોકો ઉત્સાહભેર ગરબે ઘૂમ્યા, વિજેતાઓને ઈનામોનું વિતરણ

**ટોરોન્ટો**

નોર્થ યોર્ક, ટોરોન્ટોમાં પ્રજ્ઞેશ પટેલ તેમજ NYGC ગ્રુપ દ્વારા ખુબ જ સુંદર અને અદભુત ગરબાનું આયોજન થયું હતુ. ગત શુક્રવારે ૨૦ ઓક્ટોબરે મા જગદંબાનું છઠ્ઠું નોરતુ હતુ. આ પાવન દિવસે સમગ્ર નોર્થ યોર્ક ગુજરાતી કોમ્યુનીટી ગ્રુપે ફરી ગ્રુપના પ્રમુખ અને ફાઉન્ડર પ્રજ્ઞેશ પટેલ તેમજ ઉપ પ્રમુખ અને કો-ફાઉન્ડર ચેતન અમીનના નેતૃત્વ હેઠળ રાસ-ગરબાના કાર્યક્રમનું આયોજન કર્યું હતુ.

કાર્યક્રમની શરૂઆત માતાજીની આરતીથી થઈ હતી. ત્યારબાદ પ્રેમલ નાયક અને કૈરવ નાયક (સુર પ્રેમ એન્ટર્ટેઈનર્સ) દ્વારા સુમધુર અને પ્રાચીન ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. દરમિયાન સૌ કોઈ ગરબાના તાલે ઝૂમવા મજબૂર થઈ ગયા હતા.



કાર્યક્રમને સફળ બનાવવા બદલ પ્રમુખ પ્રજ્ઞેશભાઈ અને ઉપ પ્રમુખ ચેતનભાઈએ સમગ્ર કોમ્યુનીટી, ખેલૈયાઓ, પ્રેમલ નાયક અને કૈરવ નાયક (સુર પ્રેમ એન્ટર્ટેઈનર્સ), દાતાઓ, સ્પોન્સર્સ, મીડિયા પાર્ટનર્સ, માતાજીની આરતી તેમજ પ્રસાદની સેવા આપનારા કુટુંબીજનો સહિત સૌનો આભાર માન્યો હતો.

અંતે વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા, ત્યારબાદ એન વાય જિ સી ગ્રુપ દ્વારા ખૂબ જ સ્વાદિષ્ટ નાસ્તો અને મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેનો સર્વેએ આનંદથી લ્હાવો લીધો હતો.


SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
  (ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA


Davinder Singh Chawla
TOLL : 1866.623.0865

Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com




રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper



પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
+1 437-421-2992 Email :- info@swadesh.news
સ્વદેશ
Leading Gujarati Newspaper


# ચીન પર સાઈબર હુમલાના આરોપ બાદ કેનેડાની ટ્રુડો સરકાર ફરી વિવાદમાં

## ચીને આરોપોને આધારવિહોણા ગણાવ્યા અને કેનેડા સાથેના સબંધો બગડવાની ભીતિ વ્યક્ત કરી

kskt



કેનેડાએ હવે ચીન સામે મોટા આરોપો મૂક્યા હતા. જોકે તેના પછી બંને દેશો વચ્ચે વિવાદ વકર્યો. કેનેડા કહે છે કે ચીન દ્વારા વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો અને તેમની કેબિનેટના સાથીઓ પર સાઈબર હુમલા કરવામાં આવી રહ્યા છે. જ્યારે ચીને હવે આ મામલે કેનેડા સરકારે સામે આકરા પ્રહારો કર્યા છે.

ચીને કેનેડિયન સરકાર સામે નિશાન તાકતાં કહ્યું કે કેનેડાની ટ્રુડો સરકાર પુરાવા વિના જ જુઠ્ઠું બોલવામાં નંબર 1 છે. ચીનના વિદેશ મંત્રાલય તરફથી આયોજિત એક પ્રેસ કોન્ફરન્સમાં પ્રવક્તા માઓ નિંગે કહ્યું હતું કે ટ્રુડો સરકારના આ જુઠ્ઠાંણાને લીધે બંને દેશોના સંબંધો બગડી શકે છે.

કેનેડાના વિદેશમંત્રી મેલોની જોલીએ કહ્યું હતું કે ચીન સાથે સંબંધિત કેટલાક સંગઠનો કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો વિશે જુઠ્ઠાંણુ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ ઉપરાંત વડાપ્રધાન સહિત કેબિનેટના અન્ય સભ્યોના ડીપફેક વીડિયો જારી કરવામાં આવી રહ્યા છે. તેમનું કહેવું છે કે તેની પાછળ ચીનના જ સંગઠનો જવાબદાર છે. માઓએ કહ્યું કે કેનેડાના વિદેશ મંત્રાલયે તથ્યોને ખોટી રીતે રજૂ કર્યા છે. ચીને કહ્યું કે કેનેડા દ્વારા લગાવાયેલા આરોપો વાહિયાત અને પાયાવિહોણા છે અને ચીન તેને ગંભીરતાથી નહીં લે.

# અમેરિકાના H1B વિઝા ધરાવતા ભારતીયો માટે કેનેડા દ્વારા ઓપન વર્ક પરમિટ જારી

ઓન્ટેરિયો




કેનેડાએ તાજેતરમાં અમેરિકાના H1B વિઝા ધરાવતા ભારતીયોને ઓપન વર્ક પરમિટ જારી કરી છે. કેનેડાનો ડ્રીમ પ્રોજેક્ટ ટોરોન્ટો-વોટરલૂ આઈટી કોરિડોરને અમેરિકાની સિલિકોન વેલીની તર્જ પર વિકસાવવાનો છે. આ માત્ર ભારતીયોના બળ પર છે.

ઓપન વર્ક પરમિટનું કામ આ વર્ષથી શરૂ થશે. કેનેડાએ ચીની વ્યાવસાયિકોને બદલે ભારતીયોને પ્રાધાન્ય આપ્યું હતું. ભારતીય વલણના કારણે કેનેડાના પીએમ ટ્રુડો કડક નિવેદન આપવાનું ટાળી રહ્યા છે.


### આ ક્ષેત્રોમાં ભારતીયોનું વર્ચસ્વ

**પ્રોપર્ટી:** કેનેડામાં વસતા લોકોમાં ભારતીયો મિલકતમાં સૌથી વધુ રોકાણ કરે છે. બીજા નંબર પર ચીન છે. ભારતીયો દર વર્ષે વાનકુવર, ગ્રેટર ટોરોન્ટો, બ્રામ્પટન, મિસીસાગા અને બ્રિટિશ કોલંબિયા, ઓન્ટેરિયોમાં રૂ. ૫૦ હજાર કરોડથી વધુનું રોકાણ કરે છે.

**નાના વ્યવસાય:** ભારતીયોએ કરિયાણાની દુકાનો, રેસ્ટોરાં અને સેવાઓ જેવા નાના વ્યવસાયોમાં રૂ. ૭૦ હજાર કરોડનું રોકાણ કર્યું છે. ઑન્ટેરિયો પ્રાંતમાં સૌથી વધુ નાના ઉદ્યોગો છે.

**યાત્રા:** અહીંની વિવિધ ટ્રાવેલ એજન્સીઓને ૨૦ લાખ ભારતીયોના પરત ફરવા અને તેમના પરિવારના સભ્યોને કેનેડાના પ્રવાસ પર લઈ જવા માટે લગભગ ૬૦ હજાર કરોડ રૂપિયા મળે છે. ૨૦૨૨માં ૧.૧૦ લાખ ભારતીયો કેનેડાથી ભારત આવ્યા હતા.

**જાહેર સેવાઓ:** ભારતીયો કેનેડાની પ્રાંતીય સરકારો દ્વારા ચલાવવામાં આવતી હાઉસકીપિંગ અને જાળવણીમાં રૂ. ૧,૦૦૦ કરોડની સેવાઓ પૂરી પાડે છે. IT અને રિસર્ચ: CII રિપોર્ટ અનુસાર, ઘણી ભારતીય કંપનીઓએ મે ૨૦૨૩ સુધીમાં કેનેડામાં ૪૧ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે અને ૧૭ હજાર નોકરીઓ ઊભી કરી છે.







તંત્રી સ્થાનેથી

# બિશનસિંહ બેદીનું નિધન : ભારતીય ક્રિકેટ જગતનું એક યશસ્વી પ્રકરણ પૂર્ણ



તંત્રી - સ્વદેશ

ભારતીય ક્રિક્રેટ જગતના મહાન ખેલાડી અને ટીમના ભૂતપૂર્વ કેપ્ટન બિશન સિંહ બેદીનું 77 વર્ષની વયે સોમવારે નવમા નોરતે નિધન થયું. આ સાથે જ ભારતીય ક્રિકેટનું એક યશસ્વી પ્રકરણ પણ પૂરું થયું. બેદીએ 1966 અને 1978 વચ્ચે એક દાયકાથી વધુ સમય સુધી ભારતની બોલિંગને મજબૂત બનાવી હતી. 1990માં ન્યૂઝીલેન્ડ અને ઈંગ્લેન્ડના પ્રવાસ દરમિયાન તે થોડો સમય ભારતીય ક્રિકેટ ટીમના મેનેજર હતા. બેદી ભારતના ગૌરવશાળી કેપ્ટનોમાંના એક હતા. તેમણે મન્સૂર અલી ખાન પટૌડીની નિવૃત્તિ પછી 1975 અને 1979 વચ્ચે ટેસ્ટ ક્રિકેટમાં લગભગ ચાર વર્ષ સુધી ટીમનું નેતૃત્વ કર્યું હતું.

બિશન સિંહ બેદીએ ૩૧ ડિસેમ્બર ૧૯૬૬ના રોજ કોલકાતાના ઐતિહાસિક સ્ટેડિયમ ઈડન ગાર્ડસમાં વેસ્ટ ઈન્ડિઝ સામે રમીને પોતાની ટેસ્ટ કરિયરની શરૂઆત કરી હતી. ઑગસ્ટ-સપ્ટેમ્બર ૧૯૭૯માં ઈંગ્લેન્ડના ધ ઓવલ ગ્રાઉન્ડ પર ઈંગ્લેન્ડ સામે છેલ્લી ટેસ્ટ રમી હતી. આમ બેદીની કરિયર ૧૩ વર્ષના સમયગાળામાં વિસ્તરેલી છે. કોઈ પણ ક્રિકેટર સળંગ ૧૩ વર્ષ સુધી પોતાના દેશ માટે રમે ત્યારે તેનામાં કોઈ વિશેષતા હોય તે સ્વાભાવિક છે. બેદી પણ મહાન ક્રિકેટકર હતા તેમાં શંકા નથી. બિશન સિંહ બેદીનો જન્મ 25 સપ્ટેમ્બર 1946ના રોજ પંજાબના અમૃતસરમાં થયો હતો. બિશન સિંહ બેદી ટીમ ઈન્ડિયા માટે 1966થી 1979 સુધી ક્રિકેટ રમ્યા હતા. આ ઉપરાંત તેમણે 22 ટેસ્ટ મેચમાં ભારતીય ટીમનું નૈતૃત્વ કર્યું છે. બિશન સિંહ બેદીએ 12 ડિસેમ્બર 1966ના રોજ વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ ઈડન ગાર્ડનમાં પોતાનું ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. તેઓ પોતાની અંતિમ ટેસ્ટ 16 ઓગસ્ટ 1979ના રોજ ઈંગ્લેન્ડ વિરુદ્ધ કેનિંગટન ઓવલમાં રમ્યા હતા. ભારતીય ટીમે બિશન સિંહ બેદીના નૈતૃત્વમાં વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ ચોથી ઈનિંગમાં રેકોર્ડ 406 રન બનાવ્યા હતા. ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે આ મેચ પોર્ટ ઓફ સ્પેનમાં રમવામાં આવી હતી.

બેદીએ ૧૯૬૭ અને ૧૯૭૯ના સમયગાળામાં ભારત માટે ૬૭ ટેસ્ટ રમીને ૨૬૬ વિકેટ લીધી હતી. ટેસ્ટ મેચદીઠ ચાર વિકેટની એવરેજ કોઈ પણ બોલર માટે સારી કહેવાય એ જોતાં બેદીને સારા સ્પિનર ગણવા પડે. બેદીની વિકેટદીઠ એવરેઝ ૨૮ રનની આસપાસ અને બેદીની સ્ટ્રાઈક રેટ પણ ૮૦ની આસપાસ હતી. દુનિયાના મહાનતમ મનાતા બોલકોનો સ્ટ્રાઈક રેટ ૫૦ની આસપાસ છે એ જોતાં બેદીનો સ્ટ્રાઈક રેટ જોરદાર જ કહેવાય. જ્યારે ટેસ્ટ મેચમાં બેસ્ટ બોલિંગ ફિગર 98 રન આપીને 7 વિકેટ લેવાનો રહ્યો છે. આ ઉપરાંત તેમણે ટેસ્ટ મેચમાં એક વખત 10 વિકેટ લેવાનો રકોર્ડ પણ પોતાના નામે નોંધાવ્યો હતો. ઉપરાંત બિશન સિંહ બેદીએ 14 મેચમાં 5 વિકેટ લીધી હતી. ટેસ્ટ મેચ ઉપરાંત બિશન સિંહ બેદીએ ભારત માટે 10 વન-ડે મેચમાં ટીમનું નૈતૃત્વ કર્યું હતુ. વનડે ફોર્મેટમાં બિશન સિંહ બેદીએ 7 વિકેટ પોતાના નામે કરી છે. આ ફોર્મેટમાં બિશન સિંહ બેદીની એવરેજ 48.57ની રહી છે, જ્યારે ઈકોનોમી 3.54ની રહી છે.

બેદી પોતાની પ્રથમ વન-ડે મેચ ઈંગ્લેન્ડ સામે ૧૩ જુલાઈ ૧૯૭૪માં લોર્ડ્સમાં રમ્યા હતા. જ્યારે છેલ્લી વનડે ૧૬ જૂન ૧૯૭૯ના રોજ શ્રીલંકા સામે માન્ચેસ્ટરમાં રમ્યા હતા. વન-ડે મેચોમાં બેદીનો દેખાવ એવો જોરદાર નથી કેમ કે બેદીએ ૧૦ વન-ડે મેચોમાં માત્ર સાત વિકેટ લીધી હતી પણ ટેસ્ટ મેચોમાં તેમનો દેખાવ જબરદસ્ત છે.

અમૃતસરમાં જન્મેલા બેદી ડોમેસ્ટિક ક્રિકેટમાં દિલ્હી વતી રમતા હતા કેમ કે દિલ્હીમાં સ્થાયી થયેલા. ડોમેસ્ટિક ક્રિકેટમાં બેદીએ ૩૭૦ મેચમાં ૧,૫૬૦ વિકેટ લીધી હતી અને આ રેકોર્ડ પણ સારો જ છે. તેમણે ભારતીય ક્રિકેટ ટીમને વિદેશની ધરતી પર જીતતી કરવામાં મોટું યોગદાન આપ્યું. બેદીનું આગમન થયું ત્યારે ભારતીય ક્રિકેટ ટીમની વિશ્વ ક્રિકેટમાં કોઈ વિસાત નહોતી. અને વિદેશની ધરતી પર રમવા જાય ત્યારે ભારતની ટીમ ખરાબ રીતે હારી જતી હતી. બિશન સિંહ બેદી, એરોપલ્લી પ્રસન્ના, ભગવત ચંદ્રશેકર અને વેંકટરાઘવન એ સ્પિન ચોકડીના આગમન સાથે આ સ્થિતિ બદલાઈ. આ સ્પિન ચોકડીમાં બિશનસિંહ બેદીનું આગમન સૌથી છેલ્લે થયું હતું પણ બેદીના આગમન પછી જ વિદેશની ધરતી પર ભારતીય ટીમની જીતનો સિલસિલો શરૂ થયો. ભારત ૧૯૬૭માં મંસૂર અલી ખાન પટૌડીના નેતૃત્વમાં ન્યુઝીલેન્ડમાં જીત્યું એ વિદેશની ધરતી ઉપર મેળવેલો ઐતિહાસિક વિજય હતો. ભારતે ૩-૧થી જીત મેળવીને ઈતિહાસ રચ્યો હતો જેમાં બેદીનું પણ યોગદાન હતું.

૧૯૭૧માં અજીત વાડેકરની ટીમે વેસ્ટ ઈન્ડિઝ અને ઈંગ્લેન્ડની ધરતી પર રગદોળીને મેળવેલી જીતની નોંધ અવશ્ય લેવી પડે. તે વખતે બંને ટીમો વર્લ્ડ ક્રિકેટમાં ટોચની ટીમ હતી અને તેમને હરાવવાની આપણે કલ્પના પણ ના કરી શકીએ એવી હાલત હતી. ભગવત ચંદ્રશેખરની આગેવાનીમાં ભારતની સ્પિન ચોકડીએ બંને ટીમોને ધૂળચાટતી કરીને ડંકો વગાડ્યો હતો અને આ સ્પીનરોમાં બેદી પણ એક ખેલાડી હતા. બેદી કેપ્ટન બન્યા પછી વેસ્ટ ઈન્ડિઝ સામે પોર્ટ ઓફ સ્પેનમાં ભારતે ચોથી ઈનિંગ્સમાં ૪૦૩ રન ચેઝ કરીને જીત મેળવી હતી. ટેસ્ટ મેચની ચોથી ઈનિંગ્સમાં ૪૦૦ રન કરીને જીતવું આજે પણ અત્યંત મુશ્કેલ છે ત્યારે ભારતીય ક્રિકેટ ટીમે સુનિલ ગાવસકર, બ્રિજેશ પટેલ, વિશ્ર્વનાથના જોરે એ પરાક્રમ કરી બતાવ્યું હતુ. એ ભારતીય ટીમના કેપ્ટન તરીકે બેદી હતા.

બેદીના નામે સૌથી મોટો વિવાદ ૧૯૭૮માં પાકિસ્તાન સામે સાહીવાલમાં વન-ડે મેચ વખતે થયો હતો. બેદી ત્યારે ભારતના કેપ્ટન હતા. આ વન ડે મેચ ભારતની તરફેણમાં હતી. ભારતની બે વિકેટ જ પડી હતી અને ભારતને જીતવા બહુ રન નહોતા જોઈતા. પાકિસ્તાની ખેલાડીઓએ તે વેળા અવળચંડાઈ બતાવતા બાઉન્સર બોલ નાંખવા માંડ્યા હતા. એ વખતે ન્યુટ્રલ અમ્પાયર નહોતા ને પાકિસ્તાનના અમ્પાયર જ રહેતા. તેમણે રીતસર અંચાઈ કરીને વાઈડ બોલ ના આપ્યા.

બેદીએ તેની સામે વાંધો લેતાં મેચ રોકવી પડી હતી. મેચ શરૂ થઈ પણ પાકિસ્તાનના વલણમાં કોઈ ફેરફાર થયો ન હતો. સરફરાઝ નવાઝે સળંગ ચાર બાઉન્સર નાંખ્યા પણ અંપાયરે એક પણ વાઈડ બોલ ન આપતાં બેદીએ ભારતીય બેટ્સમેનને પાછા બોલાવી લીધા હતા. ભારતને ૧૪ બોલમાં ૨૩ રન જોઈતા હતા પણ પાકિસ્તાનની અંચઈના કારણે જીતવું શક્ય નહોતું લાગતું. બેદીએ પાકિસ્તાનને સામેથી જીત આપી પણ આ જીતે પાકિસ્તાનને હરાવી દીધું હતુ. પાકિસ્તાનમાં ખેલદિલી નથી એ વાત આ ઘટનાએ સાબિત કરી દીધી. બેદીના નામે જોન લીવરનો વેસેલિન કાંડ પણ બોલે છે. બેદી ભારતીય ટીમના પહેલા કોચ હતા. ૧૯૮૯માં ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટનપદે મોહમ્મદ અઝહરુદ્દીનની વરણી થઈ ત્યારે કોચ તરીકે બિશનસિંહ બેદી હતા.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca






# મામસી ગામે જૂની અદાવતે 2 પક્ષ વચ્ચે ધીંગાણું, મારી નાંખવા સામ-સામી ધમકી

## ચાર ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા, બન્ને પક્ષે 13 શખ્સ સામે ફરિયાદ થઈ

**ભાવનગર**

મામસી ગામે રહેતા પ્રતાપસિંહ નિરૂભા ગોહિલના દિકરા જીતેન્દ્રસિંહને એકાદ વર્ષ પૂર્વે જીતેન્દ્રસિંહ અરવિંદસિંહ સાથે બોલાચાલી થઈ હોય, તેની દાઝ રાખી ગઈકાલે મંગળવારે સાંજના સમયે પ્રતાપસિંહ તેમજ તેમનો ભત્રીજો અર્જુનસિંહ ગોહિલ બાઈક લઈ મંદિરે દર્શન કરી વાડીએ જઈ રહ્યા હતા. ત્યારે રસ્તામાં બાઈક ઉભી રખાવી અજયસિંહ ગોહિલ, શોભરાજસિંહ ગોહિલ, ભગીરથસિંહ ગોહિલ, બળભદ્રસિંહ ગોહિલ અને નિરૂભા ગોહિલ એ ગાળો દઈ લોખંડના પાઈપ વડે કાકા-ભત્રીજા પર હુમલો કરી ઢીકાપાટુંનો માર મારી પ્રતાપસિંહના દિકરાને મારી નાંખવા ધમકી આપી હતી. મારામારીના બનાવમાં ઈજા પામેલા કાકા-ભત્રીજાને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

સામા પક્ષે બળભદ્રસિંહ ઉર્ફે ભદુભા બાબુભા ગોહિલએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તેમના દિકરા અજયસિંહ સાથે અગાઉ ઝઘડો થયાની દાઝ રાખી જીતેન્દ્રસિંહ ગોહિલ, પ્રતાપસિંહ ગોહિલ, ભુપતસિંહ ગોહિલ, સુરપાલસિંહ ગોહિલ, જીતેન્દ્રસિંહ ગોહિલ, અર્જુનસિંહ ગોહિલ, યોગીરાજસિંહ ગોહિલ, ઘુઘુભા ગોહિલએ કુહાડી, લાકડી, લોખંડનો પાઈપ, લાકડાના ધોકા અને ધારિયા વડે તેમને તેમજ બચાવવા વચ્ચે પડેલા તેમના કાકાના દિકરા ગજેન્દ્રસિંહ નિરૂભા ગોહિલને માર મારી ઈજા પહોંચાડી હતી. ઈજાગ્રસ્તને સારવાર માટે ભાવનગર ખસેડ્યા હતા.

# પોરબંદરમાં યુવાનની હત્યા મુદ્દે પોલીસપુત્ર સહિત ચાર ઝડપાયા

**પોરબંદર**

પોરબંદરના રોકડીયા હનુમાન મંદિર પાછળ સુરુચિ સ્કૂલ નજીક યોજવામાં આવેલા ગરબી મહોત્સવમાં ગરબે રમવા ગયેલી કૃપાલી નામની ૧૧ વર્ષની બાળાને એક ઈનામ ઓછું અપાતા તેની માતા માલીબેન સરમણભાઈ ઓડેદરાને જાણ કરી હતી. આથી તેની માતાએ ગરબીના આયોજકોને રજૂઆત કરી ત્યારે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેમાં ગરબીના આગેવાન રાજુ કેશવાલા અને તેની પત્ની ઉપરાંત રાજા કુછડીયા અને રાજાની પત્ની સહિત રામદે અરસી બોખીરીયા વગેરે બોલાચાલી કરવા લાગ્યા હતા અને ગરબીમાંથી ચાલ્યા જવા જણાવ્યું હતું. આથી માલીબેન તેની પુત્રીને લઈને ઘરે આવી ગયા બાદ ત્રણથી ચાર મોટરસાયકલમાં રાજા મુરુ કુછડીયા, રાજુ ભીખુ કેશવાલા, રામદે અરસી અને અજાણ્યા બે-ત્રણ માણસો લાકડાના ધોકા અને ફટકા લઈને આડેધડ મારીને સરમણને અધમૂઓ કરી નાખ્યા બાદ અપહરણ કરીને ગરબીના ચોકમાં લઈ ગયા હતા અને ત્યાં પણ બેફામ માર મારતા આ યુવાનનું મોત નિપજ્યું હતું. યુવાનની પત્ની માલીબેનને પણ માર મરાયો હતો. તેથી અંતે આ બનાવમાં તેણે પતિની હત્યાનો ગુનો દાખલ કરાવ્યો હતો. આ કેસમાં પોલીસે ચારની ધરપકડ કરી છે.

# મોરબી બ્રિજ દુર્ઘટનામાં કલેક્ટર અને ચીફ ઓફિસર સામે કાર્યવાહીની માંગણી

**મોરબી**

મોરબીમાં ઝૂલતો બ્રિજ તૂટતાં 135 જેટલા લોકોનાં મોત થયાં હતાં. આ ઘટનામાં હવે કોંગ્રેસના નેતાઓએ પત્રકાર પરિષદ કરીને આ ઘટનાના મુખ્ય આરોપી અને ઓરેવા કંપનીના માલિક જયસુખ પટેલને નિર્દોષ ગણાવ્યા છે. તે ઉપરાંત SITની તપાસ પર પણ ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે મોરબી કલેક્ટર, નગરપાલિકાના ચીફ ઓફિસર વિરુદ્ધ કાર્યવાહીની માંગ કરી છે. કોંગ્રેસના નેતાઓ લલિત કગથરા, લલિત વસોયા અને ડૉ.કિરીટ પટેલે પત્રકાર પરિષદ યોજી હતી. જેમાં લલિત કગથરાએ આક્ષેપ કર્યો હતો કે, બ્રિજ દુર્ઘટનામાં SITનો રિપોર્ટ એક તરફી છે. જેમાં અધિકારીઓને બચાવવા કોન્ટ્રાક્ટરોને હેરાન કરાયા છે. લલિત કગથરાએ ઓરેવા ગ્રુપના માલિક જયસુખ પટેલને ખોટી રીતે હેરાન કરાતા હોવાનો આક્ષેપ કર્યો છે.

# ગાંધીધામમાં 800 કરોડના કોકેઈન કેસમાં પાકિસ્તાની કનેક્શન મળ્યું

**અમદાવાદ**

દેશમાં ડ્રગ્સની ઘૂસણખોરી માટે ગુજરાતના દરિયા કિનારાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ત્યારે કચ્છના ગાંધીધામમાં 800 કરોડનું કોકેઈન પકડાયા બાદ તેનું પાકિસ્તાની કનેક્શન સામે આવતાં ગુજરાત ATSની ટીમ વધુ તપાસ માટે કચ્છ જવા રવાના થઈ ગઈ છે. સુત્રોમાં એવું ચર્ચાઈ રહ્યું છે કે, ATSની તપાસમાં અનેક આરોપીઓના નામ સામે આવવાની શક્યતાઓ છે. આ કેસમાં કરાંચીના હાજી સલીમનું નામ ખુલતા જ ATS દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.

કચ્છના દરિયાકાંઠેથી અનેક વખત મોટી માત્રામાં ડ્રગ્સનો જથ્થો ઝડપાઈ ચૂક્યો છે. તાજેતરમાં જ ગાંધીધામમાંથી પોલીસે બાતમીના આધારે અંદાજે 800 કરોડથી વધુ કિંમતનું ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. આ દરમિયાન પોલીસે મીઠીરોહર વિસ્તારની ખાડીમાંથી બિનવારસી હાલતમાં પડેલા 80 કિલોથી વધુ ડ્રગ્સના જથ્થાને કબજે કર્યો હતો. ત્યાર બાદ FSLની તપાસમાં કોકેઈન હોવાનું સામે આવ્યું હતું.કચ્છ પૂર્વ LCBને મળેલી બાતમીના આધારે મીઠીરોહર દરિયાકિનારે અમુક ઈસમોની શંકાસ્પદ પ્રવૃત્તિ પર નજર રાખતા તેઓ ડ્રગ્સનો જથ્થો સગેવગ કરે તે પહેલા જ પોલીસ દરોડો પાડીને 800 કરોડની કિંમતનું 80 કિલો કોકેઈન કબજે કર્યું હતું.

# રાજકોટમાં 11 વર્ષની પુત્રી ઉપર દૂષ્કર્મ કરનાર નરાધમ પિતાની ધરપકડ કરાઈ

**રાજકોટ**

રાજકોટમાં ૧૧ વર્ષની આંગળીયાત પુત્રી ઉપર તેના જ નરાધમ પિતાએ દૂષ્કર્મ ગુજાર્યાની ચોંકાવનારી ઘટના બહાર આવી છે. મૂળ ઉત્તર પ્રદેશની વતની છે. હાલ કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં રહી કારખાનામાં મજુરી કરે છે. ૧૨ વર્ષ પહેલાં તેના યુપીના જ યુવાન સાથે લગ્ન થયા હતા. સંતાનમાં પુત્રીની પ્રાપ્તી થઈ હતી, જે હાલ ૧૧ વર્ષની છે. પતિને દારૂ પીવાની ટેવ હોવાથી અવાર-નવાર ઝઘડા થતા હતા, જેથી બે વર્ષ પહેલાં બીજા લગ્ન કરી લીધા હતા. દરમિયાન તે કાકાના ઘરેથી પોતાના ઘરે કપડા લેવા ગઈ ત્યારે પપ્પા સુતા હતા. પપ્પાએ તેને રોકી રૂમ બંધ કરી દીધા બાદ દૂષ્કર્મ ગુજારી, અઘટીત કૃત્ય કર્યું હતું. પુત્રીની આ વાત સાંભળી તે ગભરાઈ ગઈ હતી. ઘટના અંગે પોલીસે આરોપીની ધરપકડ કરી હતી.

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

CATERING MENU

SWEET (4 OZ. OR 2 PC)
Shrikhand
Keri no Ras
Mango Matho
Ladoo
Magas
Mohanthal/ Loose Mohanthal
Boondi na Ladoo/loose Boondi
Puron Poli
Mal Pooda
Doodh Pak
Rabdi Basundi
Fruit Salad
Gulab Jamun
Doodhi no Halwo
Gajar no Halwo
Suji Siro
Lapsi
Kansar
Jalebi

FARSHAN (4 OZ. OR 2 PC)
Khaman Dhokla
Sev Khamani
Khandhvi/Patudi
Khata Dhokla
Bhajiya (Methi, Dal, Spinach, Chilli)
Lilva Kachori
Dahi Vada
Cutlet
White Idada
Sev Roll
Handvo
Muthiya
Patra
Fulvadi
Bajri na Vada

SUBJI/KATORE 4 OZ
Undhiyu
Matter Paneer
Paneer Tikka Masala
Chole Chana
Rajma
Kadhi Pakora
Bhindi Masala
Pav Bhaji
Aloo Matter
Batata Ringan/Onion
Tuver Ringan
Kala Chana
Moong Sprout
Karela Onion
Doodhi Chana
Sev Tamata
Bhinda Potato
Tindora Potato
Bangain Bharta
Mixed Katore

DALS 4 OZ.
Gujarati Dal
Kadhi
Onion Dal (non sweet)
Dal fry
Pakoda Kadhi

RICE + ROTI (4 OZ)
Plain Rice or Jeera Rice
Kichdi
Pulav
Roti - 2/person
Poori - 3/person
Bajra Rotla - 1/person

SIDES + SALADS
Papad or Bhungra
Salad/Kachumber/Sambar or Bundi Raitu/Cucumber Raitu
Pickle

$15/PERSON =
1 SWEET
1 FARSHAN
2 SUBJI/KATORE
1 DAL
1 RICE
1 ROTI
1 SALAD
1 PADAD
1 PICKLE

સ્પેશિયલ ડીલ ફોર નવરાત્રિ, ગરબા ઈવેન્ટ
દાબેલી $ 1.50/Each | વડાપાંઉ $ 1.50/Each | પાપડીનો લોટ $ 1.50/Each

MENU ADD ONS

APPETIZERS $3/PERSON
Samosa Chaat - 8 oz
Aloo Tiki Chaat - 8 oz
Pani Puri - 8 Pc
Sev Puri - 8 Pc
Live Bhajiya - 6 Pc
Mini Masala Idli - 6 Pc
Idli - 3 Pc
Meduvada - 3 Pc
Khichu - 8 oz
Dabeli/Vada Pav - 2 Pc
Bhel - 8 oz
Bhel Puri Chaat - 8 oz
Mexican Bhel - 8 oz
Paneer Tikka Swekers - 2 Pc
Sandwich Dokhla - 6 Pc
Dabeli Roll - 2 Pc
Masala Papad - 2 Pc
Spring Roll - 6 Pc
Chinese Noddles - 8 oz
Paneer Frankie/Veg Frankie - 1 Pc
Onion Uttapum - 1 Pc
Fried Mogo - 8 Pc

DESSERTS $1/PERSON
Paan - 1 Pc

DRINKS 1 CUP
Chaas - $1
Masala Chai - $2
Masala Soda - $2
Mango Lassi - $3
Rose Falooda - $3

SCARBOROUGH
840 Markham Road
416-438-0544

BRAMPTON
90 Eastern Ave Unit 20B
905-799-0013

THORNHILL
1470 Centre Street Unit 13
905-597-5777

PICKERING
512 KINGSTON RD. UNIT 2,
905-839-3277

For any questions or inquiries - please call Catering Specialist:
Tushar Shah: 416 - 434 - 8121

Special Note:
1. If the order is more than 50 people - complimentary serving with 2 people is included and/or delivery within 50 km included
2. If order is less than 50 people - serving and/or delivery is extra
3. $50 deposit for bucket and trays and $100 if warmers are required

# ગાંધીનગરના રૂપાલ ગામે પલ્લીમાં મહેરામણ ઉમટી પડ્યું : ચારેબાજુથી ઘીની નદીઓ વહી

## વરદાયિની માતાજીની પલ્લી ગામના 27 ચકલામાં ફરીને મંદિરમાં પહોંચી

**ગાંધીનગર**

ગાંધીનગરના રૂપાલ ગામ ખાતે નિકળતી પાંચ જ્યોતવાળી પલ્લીના દર્શન કરતવા માટે દર વર્ષ કરતા પણ આ વખતે ભક્તોની સંખ્યા વિશેષ જોવા મળી હતી.નોમની રાત્રે પલ્લી બનાવવાની વિધી શરૂથઈ હતી પરોઢિયે માતાજીની આજ્ઞા થતા ચાર વાગે રૂપાલ ગામમાં પલ્લી નિકળી હતી. ગામના ૨૭ ચકલામાં ચોખ્ખા ઘીના ટેન્કરો પલ્લી નીકળે તે પહેલા જ ઠલવીને ઘી જમા કરવામાં આવ્યું હતું જેમાંથી ઘી ઉલેચીને પલ્લી પર અભિષેક કરવામાં આવ્યો હતો. આ પલ્લી દરમ્યાન ગામમાં બાર લાખથી વધુ ભક્તોએ દર્શન કર્યા હોવાનો અને સાડા ચાર લાખ કિલોથી વધુના ઘીનો અભિષેક કરાયો હોવાનો અંદાજ મંદિર સંસ્થાન દ્વારા લગાવવામાં



આવ્યો છે. રૂપાલ ગામમાં પાંચ જ્યોતવાળી પલ્લીનું ખુબ જ મહત્વ છે એટલુ જ નહી દર વર્ષે પલ્લીના દર્શનાર્થીઓની સંખ્યામાં પણ ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે. આ વખતે ભક્તોના ઘોડાપુર વચ્ચે પલ્લી નિકળી હતી.

# બાળાઓએ 1100 દીવાથી અંબાજી મંદિરના ચાચર ચોકને ઝગમગાવ્યું

**અંબાજી**

નવરાત્રિના આઠમના દિવસે અંબાજીના ચાચર ચોકમાં 1100 દિવડાની મહાઆરતી કરાઈ હતી. આઠમે અંબાજીમાં 1100 દિવડાની ખાસ આરતી આદિવાસી કન્યાઓના હસ્તે કરાઈ હતી. ગત રાત્રીએ યાત્રાધામ અંબાજીમાં અંબાજી મંદિરના ચાચર ચોકમાં 1100 દિવડાની આરતી આદિવાસી કુંવારિકાઓ દ્વારા કરવામાં આવી હતી. આદિવાસી આશ્રમ શાળાઓની બાળાને આ વર્ષે અંબાજીની મહાઆરતીનો લાભ મળ્યો હતો. આદિવાસી આશ્રમ શાળાઓની કન્યાઓએ આઠમના 1100 દિવડાની



આરતીનો સંકલ્પ કર્યો હતો. માતાજીની ભવ્ય આરતી કરનાર બાળકીઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કેવડિયા કોલોનીના કાર્યક્રમ માટે પણ પસંદગી પામી હતી. આઠ દિવસમાં શક્તિપીઠ અંબાજી ખાતે લાખોની સંખ્યામાં ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

# આંકલાવમાં શહેર કોંગ્રેસ સમિતિ પ્રમુખ વિદેશી દારૂ સાથે ઝડપાયા

**આણંદ**

આંકલાવની કેશવપુરા સીમમાં રહેતા મહેન્દ્રભાઈ રાવજીભાઈ પરમાર તથા તેઓનો ભાઈ વિશાલ વિદેશી દારૂનો જથ્થો મંગાવી વેચાણ કરી રહ્યા હોવાની બાતમી આંકલાવ પોલીસને મળી હતી. જેથી પોલીસની ટીમે બાતમીવાળા સ્થળે છાપો મારતા મહેન્દ્રભાઈ સ્થળ ઉપર મળી આવ્યો હતો.

પોલીસે તેઓના ઘરની બહાર પાર્ક કરેલી મોટરસાયકલ ઉપર ભરાવેલા થેલાની તલાશી લેતા અંદરથી વિદેશી દારૂની ૧૦૭ બોટલ તેમજ બિયરના ૯૬ ટીન મળી આવ્યા હતા. જેની અંદાજિત કિંમત રૂા.૬૩,૧૦૦ જેટલી થવા જાય છે. પોલીસે મહેન્દ્રભાઈની અંગજડતીમાંથી મળેલી રોકડ રૂા.૬૦૦, ત્રણ મોબાઈલ, મોટરસાયકલ અને વિદેશી દારૂ મળી કુલ રૂા.૯૫,૭૦૦નો મુદ્દામાલ કબજે લઈ વધુ પુછપરછ હાથ ધરી હતી.

જેમાં ઉક્ત વિદેશી દારૂનો જથ્થો રૂપારેલ ગામે રહેતો દિપકભાઈ બાબુભાઈ તળપદા તેને અને તેના ભાઈ વિશાલ પરમારને વેચાણ કરવા માટે આપી ગયો હોવાની કબુલાત કરી હતી. પોલીસે ત્રણેય શખ્શો વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આણંદમાં પાંચ બુકાનીધારીઓએ વૃદ્ધ દંપતીને બાનમાં લઈ 9.40 લાખની મતાની લૂંટ ચલાવી

## લૂંટ બાદ દંપતીને ઘરમાં પૂરીને તેમના ફોનને ફેંકી દીધા : આરોપીની શોધખોળ શરૂ

**આણંદ**

આણંદ તાલુકાના સારસા ચોકડી નજીક આવેલા ખેતરમાં મકાન બનાવી રહેતા ૬૨ વર્ષીય પુનિતભાઈ બુધાભાઈ પટેલ સોમવારે રાત્રે પત્ની નમ્રતાબેન સાથે જમી-પરવારી સુઈ ગયાં હતાં. દરમિયાન રાત્રીના લગભગ બે વાગ્યાની આસપાસના અજાણ્યા પાંચ બુકાનીધારી શખ્સોએ તેઓના મકાનમાં પ્રવેશ કર્યો હતો. તે પૈકીના બે શખ્સોએ હોલમાં પ્રવેશ કરી પુનિતભાઈને બંધક બનાવ્યા હતા. જો કે પુનિતભાઈએ સામનો કરવાનો પ્રયાસ કરતા લૂંટારુંઓએ તેઓને કોશ વડે માર માર્યો હતો. દરમિયાન અન્ય બે શખ્સો બીજા રૂમમાં સુઈ રહેલાં નમ્રતાબેન પાસે પહોંચ્યા હતા અને તેઓને ચપ્પુ બતાવી તિજોરીની ચાવી માંગી હતી. જેથી તેણીએ ડરી જઈ તિજોરીની ચાવી આપી દીધી હતી. ત્યાર બાદ અન્ય એક શખ્સ તિજોરીની ચાવી લઈને રૂમમાં ગયો હતો અને તિજોરીમાં મુકેલા સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂા.૯.૪૦ લાખની લૂંટ ચલાવી પાંચેય શખ્સો ફરાર થઈ ગયા હતા. જતા જતા લૂંટારુ શખ્સોએ વૃધ્ધ દંપતિને અંદરના રૂમમાં પુરી દઈ બહારથી દરવાજો બંધ કરી દીધો હતો અને બન્નેના મોબાઈલ પણ બાથરૂમમાં ફેંકી દીધા હતા.

ભારે જહેમત બાદ વૃધ્ધ દંપતિ મકાનના અન્ય દરવાજાથી બહાર નીકળ્યાં હતાં અને ખેતર નજીકમાં રહેતા અન્ય શખ્સને બોલાવ્યા હતા. ત્યારબાદ પુનિતભાઈ પટેલે આ અંગે ખંભોળજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

# સોનારડા ગામમાં નવરાત્રિના ગરબા વખતે બાઇક પાર્ક કરવા મુદ્દે ધીંગાણું

## બંને પક્ષે સામ સામે 13ની વિરુદ્ધ ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરાઇ

**ગાંધીનગર**

ગાંધીનગરના સોનારડા ગામે પરબડીવાળા વાસમાં નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું છે. ગત રાત્રે વાહન પાર્ક કરવાને લઈને યુવકો વચ્ચે થયેલી બોલાચાલી બાદ મામલો વધુ ઉગ્ર બન્યો હતો. બંને પક્ષના ટોળાં તલવાર, લોખંડની પાઈપ અને લાકડીઓ લઈને એકબીજા ઉપર તૂટી પડયા હતા. ઘટનાની જાણ થતા પોલીસ સ્થળ ઉપર દોડી આવી હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડયા હતા. આ મામલે પોલીસે જીગર રમેશભાઈ પટેલની ફરિયાદના આધારે ધ્રુવ મેલાજી ઠાકોર અને અવિનાશ ઠાકોર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. જ્યારે સામે પક્ષે ધ્રુવ મેલાજી ઠાકોરની ફરિયાદના આધારે ડભોડા પોલીસે ગુંજન ભરતભાઈ પટેલ, રવિ ભરતભાઈ પટેલ, જીગર રમેશભાઈ પટેલ, રમેશ પુંજાભાઈ પટેલ, દીક્ષાંત ઉર્ફે દીકુ અરવિંદભાઈ પટેલ, શેફાલી ભરતભાઈ પટેલ, ટ્વિંકલ ગુંજનભાઈ પટેલ, હિરલ જીગરભાઈ પટેલ, રક્ષિત રાજુભાઈ પટેલ, રવિ અમરતભાઈ પટેલ તેમજ વિમલ શીવાભાઈ પટેલ વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

# પાદરામાં નજીવી બાબતે એક જ કોમના બે પરિવારો બાખડ્યાઃ 1 વ્યક્તિનું મોત, 3ને ઈજા

## મૃતકને હૃદયની બીમારી હતી : હત્યા કે કુદરતી મોત અંગે તપાસ કરાશે

**તારાપુર**

પાદરા ગામમાં છેવાડે રહેતા પ્રતાપસંગ કેરીસંગ રાણાના ઘરની પાછળ તેમના ઢોરનો તબેલો છે, જેમાંથી મંગળવારે વહેલી સવારે એક ભેંસ ખીલેથી છુટી અને બાજુમા આવેલા નટુભા જીલુભા રાણાના ખેતરમાં પ્રવેશી ગઈ હતી. જે બાબતે નટુભા તથા તેમના પરિવારે પ્રતાપસંગ પર લાકડીઓ અને ધારિયા વડે હુમલો કરતા બન્ને પરિવારો વચ્ચે ધિંગાણું સર્જાયું હતું. તે દરમિયાન આસપાસના લોકોએ આવીને મામલો શાંત પાડયો હતો. પરંતુ પ્રતાપસંગ કેસરીસંગ રાણા જમીન પર પડયા હતા અને તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય ત્રણ લોકો પણ ઈજાગ્રસ્ત હતા. જેથી ગ્રામજનોએ ૧૦૮ બોલાવીને તેમને તારાપુર હોસ્પિટલે ખસેડયા હતા. પરંતુ દશેરાની રજા હોવાથી પેનલ ડોક્ટર ઉપસ્થિત ના હોવાથી તેમને કરમસદ મેડિકલમાં પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતા. તારાપુર પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મૃતક પ્રતાપસંગને છેલ્લા પંદરેક વર્ષથી હૃદયની બીમારી હોવાથી છાતીમાં દુખાવો થતાં હોસ્પિટલ લઈ જતાં ફરજ પરના ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા.

# માતાજીને પહેરાવાયો 300 કરોડનો નવલખો હાર



**મહેસાણા**

દશેરાના દિવસે બહુચરાજી મંદિરેથી મા બાલા બહુચરની અનોખી પાલખી યાત્રા નીકળી હતી અને આ પાલખી યાત્રાની ખાસિયત એ હોય છે કે, માતાજીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવે છે. એટલું જ નહિ વર્ષમાં આજના દિવસે જ માતાજીને ગાયકવાડ સમયનો નવલખો હાર પહેરાવવામાં આવે છે. જેની અંદાજીત કિંમત 300 કરોડથી વધુ આંકવામાં આવી રહી છે.

બાલા ત્રિપુરા સુંદરી મા બહુચરનું મંદિર છેલ્લા ત્રણસો વર્ષથી લાખો લોકોની આસ્થાનું કેન્દ્ર રહ્યુ છે. આ મંદિરમાં માતાજીને નીતનવીન આભૂષણ પહેરાવાની ગાયકવાડ સમયથી પ્રણાલી ચાલી આવે છે. પરંતુ આ તમામ આભૂષણોમાં જો કોઈ સૌથી ઉપર હોય તો તે નવલખો હાર છે. આ હાર માતાજીને વર્ષો પૂર્વે માનાજીરાવ ગાયકવાડ દ્વારા ભેટ અપાયેલો છે. ત્યારથી આ મંદિરમાં દર દશેરાએ માતાજીને આ હાર પહેરાવાની પરંપરા ચાલી આવે છે.

પાંચેક વર્ષ અગાઉ ઝવેરીઓએ આંકેલી અંદાજીત કિંમત મુજબ આ હાર રૂપિયા ૩૦૦ કરોડથી વધુનું બજાર મૂલ્ય ધરાવે છે. આ હાર સલામતીના કારણોસર વર્ષ દરમિયાન માતાજીના અલંકારોમાંથી બાકાત રહે છે. પરંતુ દશેરાના દિવસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આ હાર માતાજીને પહેરાવાની વર્ષોથી ચાલી આવતી પરંપરાને આજે પણ મંદિર યથાવત રાખી છે.

ત્રણસો વર્ષ પૂર્વે માનાજીરાવ ગાયકવાડે પાઠાનો રોગ મટી જતાં માતાજીને નવલખો હાર ભેટ આપ્યો હતો. આ હારનું તે વખતે મૂલ્ય નવ લાખ રૂપિયા હતુ. આ કારણોસર તે હારને નવલખો હાર નામ અપાયુ હતુ. પણ સમય જતાં આ હારનું મૂલ્ય વધતુ ચાલ્યુ અને આજે તેની બજાર કિંમત રૂપિયા 300 કરોડને આંબી ગઈ છે.

# મસાણિયા મહારાજના મંદિરમાં વ્યક્તિને પ્રવેશવા નહીં દઈ ધમકી અપાઈ


**નડિયાદ**

અલીણા ગામે સરદારપુરામાં રહેતા ભરતભાઈ રાવજીભાઈ વાઘેલા ગત તા.૨૨ ઓક્ટોબરના રોજ તેમની વડિલોપાજિત જમીનમાં આવેલા વર્ષો જૂના મસાણિયા મહારાજના મંદિરે નવરાત્રિની આઠમ હોવાથી દર્શન કરવા માટે ગયા હતા. આ સમયે ગામના અમરસિંહભાઈ લક્ષ્મણભાઈ ભોજાણી (ભુવાજી) મંદિરે હાજર હતા. મંદિરમાં અન્ય દર્શનાર્થીઓ દર્શન કરી રહ્યા હતા, તે સમયે ભરતભાઈ મંદિરમાં જતા અમરસિંહે તેમને અટકાવ્યા હતા અને મંદિરમાં જવાની ના પાડી હતી. આ સમયે ત્યાં હાજર ગામના અન્ય દર્શનાર્થીઓ પણ ઉશ્કેરાઈ ગયા હતા અને તકરાર કરીને ભરતભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી જ્ઞાતિવાચક અપશબ્દો કહીને ધમકીઓ આપી હતી. જેથી ભરતભાઈ જે-તે સમયે ત્યાંથી નીકળી ગયા હતા.

# પાલનપુર બ્રિજકાંડમાં 7 ડિરેક્ટરો, 4 એન્જિનિયર સામે મનુષ્ય વધનો ગુનો

બનાસકાંઠા

પાલનપુરમાં આરટીઓ સર્કલ પાસે બ્રિજ ધરાશાયી થવાને મામલે GPC ઈન્ફ્રાના 11 લોકો સામે સાપરાધ મનુષ્ય વધનો ગુનો નોંધાયો છે. ઈડર નેશનલ હાઈવે પેટા વિભાગના નાયબ કાર્યપલ ઈજનેર મુણાલ વિઠલપરાએ GPC ઈન્ફ્રાના 7 ડિરેક્ટર અને 4 એન્જિનિયર સામે ગુનો નોંધાયો છે.



રવિવારે પાલનપુરમાં આરટીઓ સર્કલ પાસે ઓવરબ્રિજનો સ્લેબ ધરાસાઈ થતાં બે લોકોના કરુણ મોત નિપજ્યા હતા. GPC ઈન્ફ્રા કંપની દ્વારા આ બ્રિજ બનાવવામાં આવી રહ્યો હતો. ગાંધીનગરથી RNB, ક્વોલિટી કંટ્રોલ અને ડિઝાઈન સર્કલની વિવિધ ટીમોએ ઘટના સ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે. જોકે આજે મામલાની ગંભીરતાને લઈને પોલીસ દ્વારા GPC ઇનફ્રાના 7 ડાયરેક્ટરો તેમજ 4 એન્જીનીયરો સહિત 7 લોકો સામે કલમ 304 અને 114 મુજબ ફરિયાદ નોંધાઈ છે. જોકે હજુ RNB સહિત વિવિધ વિભાગોની તપાસ ચાલુ છે અને એમાં જે પણ દોષિતો સામે આવશે તેની સામે ફરિયાદ નોંધાશે.

ગણેશભાઈ પરથીભાઈ ચૌધરી-ડાયરેક્ટર, પાર્થ ગણેશભાઈ ચૌધરી-ડાયરેક્ટર, દલજીભાઈ પરથીભાઈ ચૌધરી- ડાયરેક્ટર, મહેન્દ્રભાઈ ઘેમરભાઈ ચૌધરી-ડાયરેક્ટર, વિપુલભાઈ દલજીભાઈ ચૌધરી-ડાયરેક્ટર, દલીબેન ગણેશભાઈ ચૌધરી-ડાયરેક્ટર, તખીબેન દલજીભાઈ ચૌધરી- ડાયરેક્ટર, જાલમારામ વણઝારા-બ્રિજના ટેસ્ટીંગ એન્જિનિયર, સનીભાઈ મેવાડા-સાઈટ એન્જિનિયર, હાર્દિક પરમાર-સાઈટ એન્જિનિયર, નમન મેવાડા-સાઈટ એન્જિનિયરમાં ફરિયાદ થઈ હતી.

# કાલોલ નજીક ભેદી બ્લાસ્ટથી ખળભળાટ! મકાનોની દીવાલો ધ્રુજી

પંચમહાલ

ફરી એકવાર કાલોલમાં ભેદી બ્લાસ્ટ થયો છે. કાલોલના મલાવ નજીક ભેદી ધડાકો થતા દોડધામ મચી જવાની ઘટના બની છે. મલાવ સહિત આસપાસના 20થી 25 કિ.મી સુધીના વિસ્તારમાં કંપનની અસર જોવા મળી છે. કાલોલના મલાવ નજીક ભૂકંપ આવ્યો હોય તેવો ધડાકો થતા અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો છે.

આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, આજે બપોર બાદ કાલોલના મલાવ નજીક ભેદી ધડાકો થયો હતો. જેના કારણે મલાવ સહિત આસપાસના 20થી 25 કિ.મી સુધીના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો છે. મલાવ સહિત આસપાસના ગ્રામજનો ધડાકા દિશા તરફ તપાસ માટે દોડી આવ્યા હતા. પાણી પુરવઠા વિભાગના સંપ બનાવવાની કામગીરી દરમ્યાન ભૂકંપ જેવો ધડાકો થયો છે. વિભાગની એજન્સી દ્વારા અંડર ગ્રાઉન્ડ સંપ બનાવવાની કામગીરી દરમ્યાન પથ્થર તોડવા માટે ધડાકો કરાયો છે.

# પંચમહાલના પૂર્વ MP અને બાહુબલી નેતાં પ્રભાતસિંહ ચૌહાણનું 83 વર્ષની વયે નિધન

પંચમહાલ

પંચમહાલના બાહુબલી નેતા અને પોતાની મુછો અને આગવી અદાથી ઓળખાતા પ્રભાતસિંહ ચૌહાણનું ટૂંકી માંદગી બાદ નિધન થયું છે. પ્રભાતસિંહ ચૌહાણ સતત પાંચ ટર્મ સુધી ધારાસભ્ય રહી ચૂક્યા છે. બે ટર્મ સાંસદ રહી ચૂક્યા છે. પ્રભાતસિંહ ચૌહાણ પંચાયતથી પાર્લામેન્ટ સુધી પહોંચેલા ખૂબ જ લોકપ્રિય નેતા હતા. પ્રભાતસિંહ ચૌહાણ 5 ટર્મ ધારાસભ્ય અને 2 ટર્મ સાંસદ રહ્યા હતા. પ્રભાતસિંહ ચૌહાણે શંકરસિંહ વાઘેલા જેવા કદાવર નેતાને હરાવી સાંસદ બન્યા હતા.



તેમના નિધનથી પરિવારજનોમાં ભારે શોકની લાગણી છે. વર્ષ 1974માં રાજકારણમાં એન્ટ્રી કરનાર પ્રભાતસિંહ ચૌહાણ પોતાની 49 વર્ષની રાજકીય કારકિર્દીમાં 3 વખત મંત્રી રહી ચૂક્યા છે.

# ભાભર-રાધનપુર હાઈ-વે પર 4ના મોત

બનાસકાંટા : ભાભર-રાધનપુર હાઈવે પર ગૌસણ ગામ પાસે અકસ્માત નડ્યો છે. જેમાં ટ્રેલરે કારને ટક્કર મારતા ઘટના સ્થળે જ 4 લોકોના મોત થયા છે, જ્યારે 3 ઈજાગ્રસ્ત થયા છે. બનાસકાંઠાના માળી પરિવારને ગોઝારો અકસ્માત નડ્યો છે. આ અકસ્માતમાં 3 પુરુષ અને એક બાળકનું મોત થયું છે. આ અકસ્માતમાં 40 વર્ષીય ભીખાભાઈ માળી, 17 વર્ષીય મિતેશ માળી, 40 વર્ષીય ભીખાભાઈ માળી સહિત 4 વર્ષની બાળકીનું મોત થયું છે. ઘટનામાં ઘટના સ્થળે જ 2ના મોત થયા હતા, જ્યારે બે વ્યક્તિના સારવાર દરમિયાન મોત નિપજ્યા છે. આ ઉપરાંત ઈજાગ્રસ્ત એક પુરુષ અને 2 મહિલા સારવાર હેઠળ હોસ્પિટલે ખસેડાયા છે. અકસ્માતની ઘટનાને પગલે અફરાતફરી મચી જવા પામી હતી. આ ઉપરાંત હોસ્પિટલ ખાતે પણ મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા.


First Flight
FFCL Couriers Inc.
દુનિયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-761-1317, 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-761-1317 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT - 6477611317 / 6476579631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



Imperial PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
Preventing the Spread of COVID-19 : Our disinfectant services that we offer are:
1 Spray Services 2 Fogging Services 3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By Sabir Daroga Mevada Piyush Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# રાજપીપળામાં વેપારીને બાનમાં લઈ બુકાનીધારી લૂંટારૂઓ દ્વારા 20.14 લાખના દાગીનાની લૂંટ

## ચેકિંગ હાથ ધરતાં દાહોદ જિલ્લાના પાંચ લૂંટારૂઓ રોકડ અને દાગીના સાથે ઝડપાયા

**રાજપીપળા**

નર્મદા જિલ્લાના હરીપુરા ગામમાં રહેતા વેપારી અબ્દુલરફિક હારુનાલી મેમણ રાત્રે ઊંઘતા હતા ત્યારે અજાણ્યા શખ્સોએ દુકાનનો દરવાજો કોઈ સાધન વડે તોડી દુકાનથી ઘરમાં પ્રવેશી પલંગ પર ઊંઘતા અબ્દુલ મેમણને એક શખ્સે લોખંડનો અણીદાર સળિયો પેટ પર મૂકી બીજા શખ્સે ઘરમાં ટેબલ પાસે પડેલ અણીદાર ધારીયું લઈ ગળા પર મૂકી જણાવેલ કે, ચૂપચાપ કુછ ભી બોલે બિના લેટે રહના વરના ધારીયા સે પુરા કર ડાલેંગે તેવી હિન્દી ભાષામાં ધમકી આપી હતી. વેપારીને પલંગ પર જ સૂવડાવી રાખી લોખંડના અણીદાર સળિયાથી તિજોરીનો નકૂચો તોડી અંદર મૂકેલી રોકડ રકમ તેમજ સોના-ચાંદીના દાગીના સહિત કુલ રૂા.૨૦.૧૪ લાખની લૂંટ કરી ધમકી આપી ટોળકી ફરાર થઈ ગઈ હતી.

ઘટના બાદ નર્મદા જિલ્લા પોલીસ દ્વારા વિવિધ સ્થળોએ નાકાબંધી શરૂકરવામાં આવી હતી અને પિછીપુરા ચોકડી પાસે બે બાઈક પર જતા પાંચ શખ્સોને કોર્ડન કરી પોલીસે ઝડપી પાડયા હતાં તેમની પાસેની થેલીમાંથી રૂા.૧૨.૯૧ લાખ અને સોના-ચાંદીના દાગીના, બે બાઈક, પાંચ મોબાઈલ કબજે કરવામાં આવ્યા હતાં. મૂળ દાહોદ જિલ્લાની લૂંટારૂટોળકીએ અગાઉ અમદાવાદ શહેર અને જિલ્લા ઉપરાંત મહેસાણા તેમજ સુરતમાં પણ ચોરી અને લૂંટના ગુનાઓને અંજામ આપ્યો હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું.

# BOBને 100 કરોડનો ચૂનો લગાવી વેપારી તેની પત્ની વિદેશ ભાગી ગયો

**સુરત**

સુરતમાં હાઈ-ટેક સ્વીટ વોટર કંપનીના ડિરેક્ટર વિજય શાહ અને તેમની પત્નીએ બેંક ઓફ બરોડામાંથી 100 કરોડની લોન લીધી હતી. તે ઉપરાંત શહેરના અન્ય મોટા બિઝનેસમેન સાથે ઠગાઈ કરીને વિદેશ ભાગી ગયા છે. વિદેશ જતાં પહેલાં કંપનીના કર્મચારીને ડિરેક્ટર બનાવીને સતીષ અગ્રવાલને ડિરેક્ટરના પદ પરથી હટાવી દેવામાં આવ્યો હતો, જેથી તેના પર કોઈપણ પ્રકારની કાર્યવાહી નહીં થાય. જે લોકો સાથે ઠગાઈ થઈ છે તેમણે મીડિયાને જણાવ્યું હતું કે અમારી પાસે વિજય શાહના ફ્રોડના અનેક પુરાવા સામે આવ્યા છે. આ સમગ્ર કૌભાંડ બાબતે તેમણે ગાંધીનગર CBIમાં ફરિયાદ દાખલ કરી હતી ત્યાર પછી આ ફરિયાદને વધુ તપાસ અર્થે સુરત આર્થિક ગુના શાખા ક્રાઈમ બ્રાન્ચમાં મોકલવામાં આવી હતી. એક કંપનીના માલિકે આ મુદ્દે છેક વડાપ્રધાન કાર્યાલય સુધી પત્ર લખીને જાણ કરી છે. છેતરપિંડી કરનારા પણ મલ્ટીપલ ફરિયાદ થઈ ચૂકી છે. જેમાં રાજસ્થાનના અજમેર અને જયપુર શહેરમાં GIDC અંકલેશ્વર ખાતે જમીન છેતરપિંડીના કેસમાં વિજય શાહ અને નરેન્દ્ર ગર્ગ વિરુદ્ધ FIR દાખલ થઈ છે.

# ઉધનાના ધારાસભ્યએ જાહેરમાં શહેર પ્રમુખનો ઉધડો લઈ લીધો

**સુરત**

ઉધનામાં ધારાસભ્યે જાહેરમાં જ સુરત શહેર પ્રમુખની બરાબર ઝાટકણી કાઢી નાખી. ધારાસભ્યએ આક્રોશમાં કહી દીધું કે અમારા વિસ્તારમાં સંગઠન બદલો, નબળું છે. મળતી માહિતી મુજબ સુરતમાં ભાજપ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદની શરૂઆત થાય તે પહેલા જ ઉધનાના ધારાસભ્ય મનુ પટેલ શહેર ભાજપ પ્રમુખ નિરંજન ઝાંઝમેરા પર કાળઝાળ થતા જોવા મળ્યા હતા. નોંધનીય છે કે અમદાવાદ રીવરફ્રન્ટ પર યોજાનારા કાર્યક્રમમાં બસની સંખ્યા માટે સંગઠનની બેઠક મળી હતી. તદઉપરાંત મારી માટી મારો દેશ કાર્યક્રમ અંગે માહિતી આપવા માટે પત્રકાર પરિષદ પણ યોજાઈ હતી. જો કે તે શરૂ થાય તે પહેલા જ ધારાસભ્ય શહેર ભાજપ પ્રમુખ પર આક્રોશિત થયા હતા.

ઉધનાના ધારાસભ્ય મનુ પટેલે રોષ ઠાલવતા કહ્યું કે તમે અમારી પાસે બસની અને સંખ્યા માટે અપેક્ષા રાખો છો. પરંતુ સ્થાનિક સંગઠનમાં કોઈ રસ જ નથી. અમારા વિસ્તારમાં સંગઠનમાં જે લોકો છે તે કામ કરતા નથી. સંગઠન બદલવા માટે અમે ઘણીવાર કહ્યું પણ તમે તે બદલતા નથી અને અમારી પાસે સંખ્યાની અપેક્ષા રાખો છો.

# નવસારીમાં શંકાશીલ શખ્સનો પોતાના પુત્ર સાથે આઠમા માળના ધાબેથી નીચે ઝંપલાવી આપઘાત

## એસો. પ્રોફેસર મહિલાનો મુંબઈ રહેતો બેકાર પતિ આવી રમતા માસૂમ પુત્રને ખેંચી ગયો હતો

**નવસારી**

નવસારીના જૂનાથાણા સ્થિત આવેલી સરકારી વસાહતના રહીશો પણ ગત રાતે માતાજીના ગરબા લઈ ઘૂમતા હતા. ત્યારે આશરે ૧૧:૩૦ કલાકે સરકારી વસાહતની સી વિંગમાં ત્રીજા માળે ૩૦૪માં રહેતા અને જિલ્લા શિક્ષણ તાલીમ કેન્દ્રમાં એસોસિયેટ પ્રોફિસર તરીકે ગત ૨૦૨૦ના વર્ષથી ફરજમાં જોડાયેલા ૪૩ વર્ષીય મોનિકાબેન રાકેશગીરી ગૌસ્વામી (મૂળ રહે. શ્રીજી પાર્ક, વસિંગપુર રોડ, તા. ઉના, જિ. ગીર સોમનાથ) પોતાના જોડિયા બાળકો પૈકી પુત્રી બીમાર હોવાથી પોતાની સાથે રહેતા માતા-પિતાને સોંપીને પુત્ર દ્વિજની સાથે નીચે ગરબા રમતા હતા. તે સમયે છેલ્લા નવ મહિનાથી અલગ મુંબઈ મીરા રોડ ખાતે રહેતા તેમના ૪૨ વર્ષીય પતિ રાકેશગીરી બાલુગીરી ગૌસ્વામી (મૂળ રહે. એલમપુર ગામ, જિ. ગીર સોમનાથ) મુંબઈથી સીધા જ વસાહતમાં ગરબા રમતા પુત્ર દ્વિજને ગરબા ગાતા અટકાવીને તેમની સાથે લઈ જતા જોઈ પત્ની મોનીકાબેને અટકાવવા કર્યો હતો. જોકે છતાં તેઓ પુત્રને સાથે લઈ ગયા હતા.

જે બાદ પોલીસે રાકેશગીરીના મોબાઈલ લોકેશન ટ્રેસ કરતા સી વિંગના ભોંયતળિયે બાળક દ્વિજનો પડવાનો અવાજ આવ્યો હતો અને પાછળ જ પિતા રાકેશગીરી મળી આવ્યા હતા. જે બાદ પોલીસે બન્નેને નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડતા ફરજ પરના ડોક્ટરે તેઓને મૃત જાહેર કર્યા હતા.

# વાપીમાં અપહરણ બાદ દુષ્કર્મ આચરીને 6 વર્ષની બાળકીની હત્યા, નરાધમ પકડાયો

**વાપી**

વાપીના ડુંગરા વિસ્તારમાં એક પરપ્રાંતીય પરિવારની 7 વર્ષીય લાડકવાયી દીકરી સોમવારના રોજ બપોર બાદ ગુમ થઈ હતી. બાળકીના પિતાનું મોત 3 મહિના પહેલા જ થયું હતું. જેથી બાળકીની માતા તેના પિતા સાથે વાપીમાં રહેતી હતી. તેની માતા એક કંપનીમાં કામ કરી પોતાની દીકરીનું ભરણપોષણ કરતી હતી. ત્યારે હવે આ બાળકીનો મૃતદેહ ડુંગરા પોલીસ સ્ટેશનની બાજુમાં એક અવાવરુ જગ્યામાં મળી આવ્યો હતો. ડુંગરા પોલીસે બાળકીના મૃતદેહને પેનલ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે. બાળકીને હત્યા કરાયેલી લાશ અને પ્રાથમિક રીતે દુષ્કર્મ થયુ હોય તેની આશંકા વર્તાઈ જેથી પોલીસે તેઅંગેની કલમો નોંધી તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન એક સીસીટીવી પણ હાથ લાગ્યા છે. આ સીસીટીવીમાં આ બાળકી એક વ્યક્તિ સાથે જોવા મળી છે.

તેથી પોલીસે શંકાના આધારે તે શખ્સની અટકાયત કરી હતી. હેવાનિયતના બનાવને ગંભીરતાથી લઈ ખુદ વલસાડ જિલ્લા પોલીસવાળા ડોક્ટર કરણરાજ વાઘેલાની આગેવાનીમાં વલસાડ જિલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓને 150 થી વધુ પોલીસકર્મીઓ તપાસમાં લાગ્યા છે.

# અમરોલીમાં દુર્ગાષ્ટમીએ વાહન પાર્કિંગ મુદ્દે થયેલી બબાલમાં બે ભાઈની નિર્મમ હત્યા

**સુરત**

અમરોલી આવાસમાં સુખલાલ પિંપળે તેના બે પુત્ર પુત્રવધુ અને પૌત્ર સાથે રહે છે. સુખલાલ પીપળીનો આખો પરિવારનો માળો એકઝાટકે વિખેરાઈ ગયો હતો. ઘટનામાં 28 વર્ષીય મોટો દીકરો રાહુલ પીપળેના પરિવારમાં પત્ની અને એક નાનો પુત્ર છે. તે પિતાની સાથે મોચી કામ કરે છે. જ્યારે 23 વર્ષીય પ્રવીણ પીપળે હીરાની કંપનીમાં નોકરી કરતો હતો. આ પરિવાર મૂળ મહારાષ્ટ્રના બુલદાનાના વતની છે અને વર્ષોથી સુરતમાં અમરોલી વિસ્તારના આવાસમાં સાથે રહે છે.

મહાઅષ્ટમીની રાતે કેટલાક શખસો આવ્યા હતા અને ગાડી હટાવવાનું કહેતા મામલો બિચક્યો હતો અને ઝઘડો થયો હતો. બાદમાં બન્ને ભાઈને 3 શખસે છરીથી રહેંસી નાખ્યા હતા. આ ઘટનામાં મોટાભાઈને બચાવવા જતા નાના ભાઈની પણ હત્યા કરી દેવામાં આવી હતી. રાહુલ પીપળે સાથે કેટલાક યુવકો ઝઘડો કરતા હતા, ત્યારે આ દરમિયાન તેનો નાનો ભાઈ પ્રવીણ પણ વચ્ચે પડ્યો હતો. અને મોટાભાઈ સાથે ઝઘડો કરનાર યુવકો સાથે માથાકૂટ કરી હતી. જેને લઈ હુમલાખોરોએ તીક્ષણ હથિયાર વડે બંને સગા ભાઈ પર હુમલો કરી મોતને ઘાટ ઉતારી ફરાર થઈ ગયા હતા.

# સુરતમાં 20,000 થી વધુ મહિલાઓ સ્તન કેન્સરની બીમારીથી પીડાય છે

**સુરત**

સુરતમાં અંદાજીત ૨૦,૦૦૦ થી વધુ મહિલા સ્તન કેન્સરની બીમારીથી પીડાતા હોવાની શક્યતા છે. ભારતમાં મહિલાઓમાં સૌથી વધુ સ્તન કેન્સર બીમારીથી પીડાય છે. બે વર્ષમાં એક લાખે ૨૫ મહિલાઓ બ્રેસ્ટ કેન્સર થાય છે. જ્યારે અમેરિકામાં આ બીમારીથી ૯૦ ટકા દર્દીઓ સાજા થાય છે. જ્યારે ભારતમાં ૫૦ થી ૬૦ ટકા દર્દીઓ સાજા થાય છે. જોકે સુરતમાં અંદાજીત ૨૦,૦૦૦ થી વધુ મહિલાઓ સ્તન કેન્સરની બીમારીથી પીડાઈ છે. આજના યુગમાં બદલાતી લાઈફ સ્ટાઈલ, ફાસ્ટ ફૂડ વધુ ખાવું, તીખું ટમટમતું ખાવું, મીઠાશ વાળું, જાડાપણું, કસરતનો અભાવ, મોટી ઉંમરે પ્રસુતિ થવી, પોતાના સંતાનને સ્તનપાન નહીં કરાવવું સહિતનાને લીધે બ્રેસ્ટ કેન્સર થઈ શકે છે.

# સુરતમાં વિશ્વનું સૌથી મોટું ડાયમંડ બુર્સ બની તૈયાર, 1000 જેટલાં વેપારીઓએ ઓફિસોમાં મુક્યા કુંભ ઘડા




**સુરતઃ** દશેરાના પાવન દિવસે ડાયમંડ બુર્સમાં જાણીતા ઉદ્યોગપતિઓની ઓફિસનું ફર્નિચરનું કામ પૂર્ણ થતાંની સાથે જ મંગળવારે કુંભ સ્થાપના કરવામાં આવી હતી. 983 જેટલી ઓફિસમાં એકસાથે કુંભ સ્થાપનાની મહત્ત્વની વિધિ પૂર્ણ થઈ હતી. ડાયમંડ બુર્સમાં જેમણે પોતાની ઓફિસ શરૂ કરી છે તેમના પરિવારના લોકો ડાયમંડ બુર્સ પરિવાર અને રાજનેતાઓ હાજર રહ્યા હતા. પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ અને સાંસદ દર્શના જરદોશ પણ હાજર રહ્યાં હતાં.

# સુરત જિલ્લા કોંગ્રેસમાં આંતરિક વિવાદ ચરમ સીમાએ, પ્રમુખ અને પ્રભારીને હટાવવાની માંગ

**માંગરોળ**

લોકસભાની ચૂંટણી પહેલા સુરત જિલ્લા કોંગ્રેસમાં આંતરિક વિવાદ ચરમ સીમાએ બારડોલી તાલુકા કોંગ્રેસ બાદ માંગરોળ તાલુકા કોંગ્રેસના હોદ્દેદારોએ પ્રેસ કોન્ફરન્સ બોલાવી હતી. જેમાં જિલ્લા કોંગ્રેસના પ્રમુખ અને અને દક્ષિણ ગુજરાતના પ્રભારી યુનુષ પટેલને હટાવવાની માંગ કરી હતી.

સુરત જિલ્લા કોંગ્રેસમાં આંતરિક વિખવાદ હવે ચરમ સીમાએ પહોંચ્યો છે. પક્ષથી નારાજ ચાલતા હોદ્દેદારો એક બાદ એક ખુલીને બહાર આવી રહ્યા છે, બે દિવસ પહેલા સરદાર નગરી બારડોલીના કોંગ્રેસ સમિતિના સંગઠનના હોદ્દેદારોએ રાજીનામાં આપી દીધા બાદ બુધવારે માંગરોળ તાલુકા કોંગ્રેસના હોદ્દેદારો દ્વારા પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરી પોતાનો રોષ ઠાલવ્યો છે.




## પિતા તરીકેની ફરજ બજાવવા રણબીર 6 માસનો બ્રેક લેશે

મુંબઇ : રણબીર કપૂર હવે છ મહિના સુધી એક્ટિંગમાંથી બ્રેક લેવાનો છે. દીકરી રાહા સાથે વધારે સમય વિતાવવા માટે તે આ બ્રેક લઈ રહ્યો છે. રણબીર કપૂરે એક સંવાદમાં સ્વીકાર્યું હતું કે રાહાના જન્મ પછીના શરૂઆતના દિવસોમાં તે શૂટિંગમા ંવ્યસ્ત હોવાથી પુત્રીને પૂરતો સમય આપી શક્યો નથી. તેથી તે હવે છ મહિનાનો બ્રેક લેવાનો છે જેથી પુત્રી સાથે સારો સમય પસાર કરી શકે. તે પિતા તરીકને ફરજ બજાવવા માગે છે. રણબીરે પોતાની લાડલી વિશે વાત કરતાં વધુમાં જણાવ્યુ હતુ કે, તેણે ઘૂંટણિયે ચાલવાનું શરૂ કરી દીધું છે.


# સ્વદેશ

09 FRIDAY, 27 OCTOBER, 2023

# તારા સુતરિયા આશિકી-3ની હિરોઈન તરીકે હજુ કન્ફર્મ નહીં

મુંબઈ : તાજેતરમાં કાર્તિક આર્યન અને તારા સુતરિયા ડિનર માટે સાથે જોવા મળતા લોકોએ તેઓ 'આશિકી થ્રી'માં સાથે કામ કરતાં હોવાથી હળતાં મળતાં હોઈ શકે તેવું પણ વિચારી લીધું હતું. જોકે, હવે ફિલ્મ સર્જકોએ સ્પષ્ટતા કરી છે કે તારાને 'આશિકી થ્રી'ની હિરોઈન તરીકે હજુ ફાઈનલ કરાઈ નથી. આથી , કાર્તિક અને તારા ખરેખર ડેટિંગ માટે જ હળતાં મળતાં હોવાનું પણ નક્કી થઈ ગયું છે. 'આશિકી થ્રી'ના દિગ્દર્શક અનુરાગ બસુએ કહ્યું હતું કે હજુ તારા માટે કોઈ આખરી નિર્ણય લેવાયો નથી. તેમણે જણાવ્યું હતું કે વાસ્તવમાં ફિલ્મની લીડ હિરોઈન અંગે હજુ કશું પણ ફાઈનલ થયું નથી. તારા સુતરિયાને કાસ્ટ કરી લેવામાં આવી હોવાની વાતો માત્ર અટકળો જ છે. થોડા દિવસો પહેલાં તારા અને કાર્તિક સાથે જોવા મળ્યાં હતાં. કાર્તિકે તારાને હગ કર્યું હતું. જોકે, ફોટોગ્રાફર્સને જોઈ બંને ભાગ્યાં હતાં. તે વખતે તેઓ ડેટિંગ માટે સાથે છે કે પછી 'આશિકી થ્રી' માટે હળી મળી રહ્યાં છે તેવી ચર્ચાઓ વહેતી થઈ હતી. પરંતુ, હવે સર્જકોની સ્પષ્ટતા બાદ નક્કી થઈ ગયું છે કે કાર્તિક અને તારા વચ્ચે ખરેખર અફેર ચાલી રહ્યું છે. બંનેએ જોકે પોતાની રિલેશનશિપ વિશે હજુ કશું કન્ફર્મ કર્યું નથી. બીજી તરફ 'આશિકી થ્રી'ની હિરોઈન અંગે હવે નવેસરથી અટકળબાજી શરુ થાય તેવી સંભાવના છે.

## કંગના રાવણ ઉપર તીર ન છોડી શકતાં ભારે ટ્રોલ થઇ



મુંબઈ : કંગના રણૌતને દિલ્હીમાં રામલીલા મેદાનમાં રાવણ દહન માટે આમંત્રણ અપાયું હતું. જોકે, ભારે સજીધજીને પહોંચેલી કંગના એકપણ વાર બરાબર તીર મારી શકી ન હતી. કંગનાની પોલ લાઈવ વીડિયોમાં ખુલી ગઈ હતી. બાદમાં આ વીડિયો વાયરલ થતાં તેને ભારે ટ્રોલ કરવામાં આવી રહી છે. કંગનાએ ત્રણ વખત તીર છોડવાનો પ્રયાસ કર્યો હતો પણ ત્રણેય વખત તે નિષ્ફળ ગઈ હતી. આખરે રામલીલા કમિટીના એક સભ્યએ તેને મદદ કરી હતી. સ્ટેજ પર ઊભા રહેલા લોકો પણ તાળીઓ પાડીને કંગનાને પાનો ચઢાવવા પ્રયાસ કરતા હતા પરંતુ કંગના કામયાબ થઈ ન હતી. આ વીડિયો વાયરલ થયા બાદ કંગના પર કટાક્ષબાણનો મારો ચાલ્યો છે. લોકોએ કહ્યું છે કે કંગના માત્ર શબ્દબાણ જ ચલાવી જાણે છે. પોતે ટોમ ક્રૂઝ કરતાં પણ સારા સ્ટન્ટ કરી શકે છે તેવા કંગનાના દાવાની પોલ આ વીડિયોથી ખુલી ગઈ છે. કોઈએ લખ્યું હતું કે મણિકર્ણિકા શા માટે ફલોપ ગઈ તેનું કારણ હવે ખબર પડી ગઈ છે.

## આગામી એક્શન થ્રીલરમાં સિદ્ધાર્થ સાથે જાહ્નવીની જોડી



મુંબઈ : સિદ્ધાર્થ મલ્હોત્રા અને જાહ્નવી કપૂર એક એક્શન થ્રીલર ફિલ્મમાં સાથે દેખાય તેવી સંભાવના છે. નિર્માતા દિનેશ વિજને સિદ્ધાર્થને સાઈન કર્યા બાદ જાહ્નવીને આ ફિલ્મ ઓફર કરી હતી. જોકે,જાહ્નવીએ હજુ ઔપચારિક રીતે ફિલ્મ સાઈન કરી લીધી છે કે કેમ તે વિશે સ્પષ્ટતા નથી. જોકે, બંનેનું અલગ અલગ સ્ક્રિપ્ટ રિડિંગ સેશન થઈ ચૂક્યું છે અને જાહ્નવીને પોતાની ભૂમિકા પસંદ આવી હોવાનું પણ કહેવાય છે. ફિલ્મનું પ્રિ પ્રોડક્શન શરુ થઈ ગયું છે અને તે મોટાભાગે આવતાં વર્ષે ફલોર પર જઈ શકે છે. સિદ્ધાર્થ બોલીવૂડના હાલના ટ્રેન્ડ અનુસાર રોમાન્ટિક હિરોને બદલે એક્શન હિરો તરીકે સેટ થવા માટે પ્રયાસ કરી રહ્યો છે. સિદ્ધાર્થ અને કિયારા અડવાણી ઓનસ્ક્રીન પણ કોઈ ફિલ્મમાં સાથે દેખાવાનાં છે તેવી અટકળો લાંબા સમયથી ચાલે છે જોકે હજુ તે અંગે કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી.

સિદ્ધાર્થ અને જાહ્નવી બંનેની પાછલી ફિલ્મોનું પ્રદર્શન ખરાબ રહ્યું છે. આ સંજોગોમાં બંનેને એક એવરેટ હિટ ફિલ્મની તાતી જરુર છે.





# માનુષી છિલ્લરના એક્સ બોયફ્રેન્ડ નિખિલ સાથે રિયા ચક્રવર્તીનું ડેટિંગ

**મુંબઇ**


સુશાંતસિંહ રાજપૂત કેસના કારણે ચર્ચામાં આવેલી એક્ટ્રેસ રિયા ચક્રવર્તી હવે એક સ્ટોક બ્રોકિંગ કંપનીના માલિક નીખીલ કામથને ડેટ કરી રહી હોવાનું કહેવાય છે. નીખીલનું ડેટિંગ અગાઉ હિરોઈન માનુષી છિલ્લર સાથે ચાલતું હોવાનું ચર્ચાતું હતું પરંતુ હવે તે રિયા સાથે જોવા મળે છે. નીખીલ કામથે પહેલા માનુષી છિલ્લરને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અનફોલો કર્યું હતું. આ પછી તેણે રિયા ચક્રવર્તીને પર ફોલો કરવાનું શરૂ કર્યું છે. આ બાબત લોકોના ધ્યાનમાં આવી છે. હવે નીખીલ અને રિયા સાથે સાથે પણ દેખાવાં લાગ્યાં છે. બંને એક કારમાં સાથે જતાં હોવાનો વીડિયો વાયરલ થયો હતો.



ઉલ્લેખનીય છે કે,નીખીલ અને માનુષીએ ૨૦૨૧માંડેટિંગ કરવાનું શરૂ કર્યુ હતું.જોકે તેમણે તેમના સંબંધોને ખાનગી રાખ્યા હતા. જોકે તેમણે બે-ત્રણ વખત સાથે મુસાફરી કરી હતી. બંને ઋષિકેશમાં સાથે જોવા મળ્યા હતા. તેમજ દોહા ,કતારના સ્ટેડિયમમાં પણ તેઓ ગયા વરસે ફીફા વર્લ્ડ કપ વખતે સાથે જોવા મળ્યા હતા.

રિયા ચક્રવર્તીનું નામ એકથી વધુ પ્રેમીઓ સાથે સંકળાઈ ચૂક્યું છે. જોકે, સુશાંત સિંહ રાજપૂતનાં મોત વખતે તે અને રિયા લિવ ઈનમાં રહેતાં હોવાનું કહેવાતું હતું. આ કેસમાં રિયા સામે પણ આંગળી ચીંધાઈ હતી અને તેની ધરપકડ પણ થઈ હતી. જોકે, બાદમાં તેનો જામીન પર છૂટકારો થયો હતો.

# 7માં દિવસે Leoની કમાણી અચાનક ઘટી



મુંબઈ: ફિલ્મ લિયો સાથે જ લોકેશ કનકરાજના યુનિવર્સનું સત્તાવાર એલાન થઈ ગયુ છે. થલાપતિ વિજયની ફિલ્મને દર્શકોનો પ્રેમ મળી રહ્યો છે જોકે ક્રિટિક્સથી તેને મિક્સ રિસ્પોન્સ મળ્યો છે. ફિલ્મ બોક્સ ઓફિસ પર તાબડતોડ કમાણી કરી રહી છે અને 6 દિવસમાં કમાણી લગભગ 250 કરોડ થઈ ગઈ છે. જોકે 7 માં દિવસે ફિલ્મની કમાણી ધડામ થઈ ગઈ છે, જે મેકર્સ માટે ચિંતાજનક હોઈ શકે છે. લિયોએ પહેલા દિવસે લગભગ 65 કરોડ રૂપિયાની બમ્પર ઓપનિંગ કરી હતી. જોકે બીજા જ દિવસથી ફિલ્મનું કલેક્શન લગભગ અડધુ થઈ ગયુ. લિયોએ 6 દિવસમાં કુલ 249.55 કરોડ રૂપિયાનું કલેક્શન કરી લીધુ છે. 7 માં દિવસની અર્લી રિપોર્ટ પણ સામે આવી ગઈ છે. ફિલ્મ 7 મા દિવસે 13 કરોડ રૂપિયા કમાઈ શકે છે એટલે કે 7 દિવસમાં ફિલ્મનું કુલ કલેક્શન લગભગ 262.55 કરોડ રૂપિયા થઈ ગયુ છે.











સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news





### સંસદમાં આક્રમકતા સાથે સવાલો ઉઠાવતા ટીએમસી નેતા મોઈત્રાને જેલવાસ સંભવ

# આક્રમક નેતા મહુઆ મોઈત્રા જ ચક્રવ્યૂહમાં ફસાયા

તૃણમૂલ કૉંગ્રેસનાં નેતા મહુઆ મોઈત્રાએ નાણાં લઈને સંસદમાં સવાલો પૂછ્યા હોવાનો આક્ષેપ ઉઠતા જ ભારતના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. મહુઆ મોઈત્રા બંગાળી હિંદુ બ્રાહ્મણ પરિવારમાંથી આવે છે. તેમનો જન્મ આસામના કાચર જિલ્લામાં થયો હતો. અમેરિકાના મેશેશ્યુએટ્સમાંથી ગ્રેજ્યુએટ થયેલાં મહુઆએ ન્યુ યોર્ક અને લંડનમાં વિશ્વની સૌથી મોટી બેંક જેપી મોર્ગન સાથે કામ કર્યું છે. એ દરમિયાન તેમણે ડેન્માર્કના ફાયનાન્સિયર લાર્સ બ્રોરસન સાથે લગ્ન પણ કર્યાં પણ પછી બંનેના ડિવોર્સ થઈ ગયા હતા. મહુઆએ રાહુલ ગાંધીથી પ્રભાવિત થઈને ૨૦૦૯માં જેપી મોર્ગન ચેઝની વાઈસ પ્રેસિડેન્ટની નોકરી છોડી દીધી અને રાજકારણમાં કામ કરવા ભારત આવી ગયાં. ઈન્ડિયન યુથ કોંગ્રેસમાં રાહુલ ગાંધીએ શરૂ કરેલા 'આમ આદમી કા સિપાહી' તરીકે કામ કરનારાં મહુઆને બહુ જલદી સમજાઈ ગયેલું કે, બંગાળમાં રાજકારણમાં આગળ આવવું હશે તો કોંગ્રેસમાં રહેવાથી નહીં ચાલે, તેથી તેઓ ૨૦૧૦માં મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસમાં જોડાઈ ગયાં હતા.

યુથ કોંગ્રેસના નેતા તરીકે જ મહુઆ આક્રમક હોવાથી તરત મમતાની નજરમાં વસી ગયા, જે બાદ ૨૦૧૬માં વિધાસભાની ચૂંટણીમાં કરીમપુરમાંથી ટિકિટ અપાઈ. મહુઆ સરળતાથી જીતીને ધારાસભ્ય બન્યાં અને ૨૦૧૯માં લોકસભાની ચૂંટણીમાં કરીમનગર બેઠક પરથી જીતીને સાંસદ બન્યાં. સંસદમાં મોદી સરકાર પર આકરા પ્રહારો કરીને મહુઆ સતત ચર્ચામાં રહે છે. ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ ગત અઠવાડિયે સનસનાટીભર્યા આક્ષેપો કર્યો હતો કે, મહુઆ મોઈત્રાએ મુંબઈના બિઝનેસમેન દર્શન હીરાનંદાની પાસેથી મોંઘી મોંઘી ભેટો અને રોકડ રકમ પણ લીધી હતી. બદલામાં દર્શન હીરાનંદાનીને પોતાનું પાર્લમેન્ટનું લોગ-ઈન જ આપી દીધું હતું. જેના પર દર્શન પોતાને ફાવે એ સવાલો પૂછતો હતો. આ પૈકી મોટાભાગના સવાલો અદાણી જૂથને લગતા હતા. મહુઆ મોઈત્રાએ સંસદમાં ગૌતમ અદાણી ઉપર આક્ષેપો કર્યા હતા જેથી તેઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ઈમેજને બગાડી શકે.

દુબેએ લોકસભાના સ્પીકર ઓમ બિરલાને મહુઆ સામે પગલાં ભરવા માટે પણ વિનંતી કરી હતી. નિશિકાંતે ૧૫ ઓક્ટોબરે લોકસભા સ્પીકરને પત્ર લખીને ફરિયાદ કરી પછી લોકસભા સ્પીકર ઓમ બિરલાએ આ મામલો એથિક્સ કમિટીને મોકલી દીધો હતો.



દુબેએ મોઈત્રા સામે આક્ષેપો કર્યા ત્યારે આ કેસ રાજકીય દુશ્મનાવટનો લાગતો હતો. મહુઆ નિશિકાંત દુબેને નકલી ડીગ્રીધારી ગણાવીને લાંબા સમયથી પ્રહારો કરે છે. તેનો બદલો લેવા માટે દુબેએ આક્ષેપો કરેલા એવું લાગતું હતું પણ જય અને દર્શનની એન્ટ્રી સાથે આ કેસ થ્રીલર જેવો બની ગયો છે. બીજી બાજુ મહુઆએ દુબેના આક્ષેપોને ખોટા ગણાવતા કહ્યું હતુ કે, દુબે બકવાસ કરી રહ્યા છે. જો કે, મહુઆ આવું નિવેદન આપતા રહ્યા ત્યાં જ બિઝનેસમેન દર્શન હિરાનંદાનીની એફિડેવિટ બહાર આવી ગઈ છે. આ એફિડેવિટમાં દર્શને દાવો કર્યો છે કે, મહુઆ મોઈત્રાએ મને પોતાનું સંસદનું લોગ-ઈન આઈડી અને પાસવર્ડ આપ્યાં હતાં કે જેથી હું તેમના વતી પ્રશ્નો પોસ્ટ કરી શકું. આ એફિડેવિટની વિશ્વસનીયતા સામે મહુઆ મોઈત્રાએ સવાલ ઉઠાવ્યા છે. મહુઆનું કહેવું છે કે, પીએમઓ દ્વારા દર્શન હીરાનંદાનીને ધમકાવીને સહી લેવામાં આવી છે.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

### ભેટો-રોકડના બદલામાં બિઝનસમેનને પાર્લમેન્ટનું લોગ-ઈન આપી દીધું હોવાના આરોપ બાદ બહાર આવેલી એફિવડેવીટે મુશ્કેલી વધારી દીધી, ભૂતપૂર્વ બોયફ્રેન્ડ સાથેની તકરાર પોલીસ સુધી પહોંચી ગઈ

મહુઆએ પોતાના એક્સ બોયફ્રેન્ડ અને સુપ્રીમ કોર્ટના વકીલ જય અનંત દેહાદ્રાઈ સામે પણ આક્ષેપો કર્યા છે. સુપ્રીમ કોર્ટના વકીલ જય અનંત દેહાદ્રાઈ અને મહુઆ મોઈત્રા બંને પહેલાં મિત્રો હતાં. મહુઆએ પોતે જયનો ઉલ્લેખ પોતાના એક્સ બોયફ્રેન્ડ તરીકે કર્યો છે, તેથી બંને વચ્ચે સંબંધો હતા તેમાં શંકા નથી. આ સંબંધોમાં પછીથી ખટાશ આવી ગઈ અને બંને વચ્ચે ઝઘડો થયો પછી સામસામી ફરિયાદો શરૂ થઈ. જય અને મહુઆ વચ્ચે બંને સાથે હતા ત્યારે પાળેલા ત્રણ વર્ષના ડોગ મુદ્દે પણ ઝગડો ચાલે છે. જયનો આક્ષેપ છે કે, મહુઆ પોતાના પેટ ડોગ હેનરીને ઉપાડી ગઈ છે. હેનરી ૪૦ દિવસનો હતો ત્યારથી પોતે તેની સંભાળ રાખતો હોવાથી હેનરી અને પોતાની વચ્ચે પિતા અને સંતાન જેવો સંબંધ છે. પોતે મહુઆ સામે ફરિયાદ કરી પછી હેનરી પાછો આપવાના બદલામાં ફરિયાદ પાછી ખેંચી લેવાની ઓફર થયેલી પણ પોતે આ ઓફરને નકારી કાઢી છે. જયે દિલ્હીના પોલીસ કમિશનરને આ અંગે ફરિયાદ કરી છે. મહુઆના એક્સ બોયફ્રેન્ડ જયે સીબીઆઈને પણ મહુઆ સામે એફઆઈઆર નોંધવા માટે વિનંતી કરતી અરજી આપી છે. જયનો આક્ષેપ છે કે, મહુઆ સામે ભ્રષ્ટાચાર જ નહીં પણ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ પણ કેસ થવો જોઈએ. જયે પોતાની અરજીની નકલ લોકસભા સ્પીકરને પણ મોકલેલી છે.

મોઈત્રાએ પણ છેલ્લા છ મહિનામાં દેહાદ્રાઈ સામે ચોરી, અશ્લિલ સંદેશા મોકલવા અને ગેરવર્તન કરવા સહિતની ઘણી બધી પોલીસ ફરિયાદો નોંધાવી છે. જય દેહદ્રાઈએ પણ સીબીઆઈમાં મોઈત્રા સામે ફરિયાદ કરી છે. જય અને મહુઆ વચ્ચેની લડાઈ પાછો અલગ વિષય છે પણ અત્યારે તો આ વિવાદને કારણે મહુઆનું સંસદસભ્યપદ જોખમમાં છે. લોકસભાની એથિક્સ કમિટીએ આ કેસમાં કામ શરૂ કરી દીધું છે. લોકસભામાં ભાજપ પાસે બહુમતી છે અને સ્પીકર પણ ભાજપના છે એ જોતાં મહુઆ મોઈત્રાની મુશ્કેલી ચોક્કસ વધશે. મહુઆએ જેલમાં જવાનો વારો પણ આવી શકે. વળી, મહુઆ મમતાની પાર્ટીનાં સૌથી આક્રમક સાંસદ છે તેથી તેમને ભીંસમાં લેવાની તક ભાજપ સરકાર છોડે એ વાતમાં માલ નથી. લોકસભામાં ભાજપના સ્પીકર છે તેથી મહુઆ સામે મુશ્કેલી છે. એક્સ બોયફ્રેન્ડે પણ મહુઆ સામે મોરચો માંડયો હોવાથી મહુઆ ત્રણ તરફથી ભીંસમાં છે. મહુઆ સામેના કેસમાં શું થશે તેની ખબર બહુ જલદી પડશે પણ બહુ જલદી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) અને સીબીઆઈ સહિતની એજન્સીઓ સક્રિય થશે તેમાં શંકા નથી.

આ કેસમાં તપાસનો રેલો કૉંગ્રેસના નેતાઓ લગી પણ પહોંચી શકે. કેટલાક પત્રકારોના ફરતે પણ ગાળિયો કસાઈ શકે. કેમ કે, દર્શન હીરાનંદાનીએ પોતાની એફિડેવિટમાં કહ્યું છે કે, મહુઆ મોઈત્રાને સુચેતા દલાલ, શાર્દુલ શ્રોફ અને પલ્લવી શ્રોફ જેવા અન્ય લોકોની મદદ મળી રહી હતી. આ તમામ લોકો અદાણી અને તેની કંપની સાથે સંબંધિત તપાસ કર્યા વિનાની માહિતી આપતા હતા. કૉંગ્રેસના નેતાઓ પણ તેમાં સાથ આપી રહ્યા હતા. આ આખું ટોળું ફાઈનાન્સિયલ ટાઈમ્સ, ન્યૂયોર્ક ટાઈમ્સ, બીબીસી જેવી મીડિયા સંસ્થાઓના પત્રકારોના સંપર્કમાં હતા અને અદાણી વિશે માહિતી મેળવીને અલગ-અલગ પ્લેટફોર્મ પર ઉઠાવતા હતા.

આ વાતોને આધાર બનાવીને ઘણાંના ફરતે ગાળ્યો કસાય એ શક્ય છે. મહુઆનો કેસ એ વાતનો પુરાવો છે કે, ભારતમાં રાજકારણીઓ ભરોસાપાત્ર નથી અને તેમની નીતિમત્તા ઉપર વિશ્વાસ મૂકી શકાય તેમ નથી. મહુઆ મોઈત્રા અને નિશિકાંત દુબે બંને રાજકારણી છે અને બંને એકબીજા સામે આક્ષેપો કરી રહ્યાં છે. બંનેમાંથી સાચું કોણ એ કળવું મુશ્કેલ છે પણ બેમાંથી કોઈ તો ખોટું છે જ એ નક્કી છે. મહુઆએ દર્શને કરેલી કબૂલાત પ્રમાણે તેની પાસેથી લક્ઝરીયસ ચીજોની માગણી કરી હોય કે દિલ્હીમાં પોતાના બંગલાના રિનોવેશનમાં મદદ લીધી હોય તો એ ભ્રષ્ટાચાર જ છે. દુબેએ પણ માત્ર મહુઆને ફસાવવા આ ત્રાગડો કર્યો હોય તેમ માની શકાય છે.

# તામિલનાડુમાં બસ અને કાર વચ્ચે ભયંકર અકસ્માત સર્જાતાં સાત નાગરિકોના મોત

**ચેંગમ**

તમિલનાડુમાં તિરુવન્નમલાઈ જિલ્લામાં બસ અને કાર વચ્ચે ભયંકર અકસ્માત થયો છે, જેમાં 5 શ્રમિકો સહિત 7 લોકોના મોત દર્દનાક મોત નિપજ્યા છે. આ અકસ્માત જિલ્લાના ચેંગમ પાસે તિંડીવનમ-કૃષ્ણાગિરી હાઈવે પર સર્જાયો છે.

તિંડીવનમ-કૃષ્ણાગિરી હાઈવે પર સોમવારે મોડી રાતે એક એસયુવી કાર તમિલનાડુ રાજ્ય પરિવહન નિગમની બસ સાથે અથડાઈ છે, જેમાં 5 શ્રમિકો સહિત 7 લોકોના મોત નિપજ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ કારમાં લગભગ 11 લોકો સવાર હતા અને તે



તમામ શ્રમિકો હતા. એસયુવી કારમાં સવાર 11 લોકોમાંથી 7ના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે, જ્યારે અન્ય લોકો ઈજાગ્રસ્ત થયા છે. તમામ ઈજાગ્રસ્તોને તિરુવન્નામલાઈની સરકારી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. પોલીસે જણાવ્યું કે, મૃતદેહોનો પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવાયા છે. બસના મુસાફરો કે ડ્રાઈવરને કોઈ નુકસાન થયું નથી. હાલ ઘટના અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

# ચૂંટણીમાં ઉમેદવારો ઉતારવા મુદ્દે INDIA ગઠબંધનમાં સામેલ ચાર પક્ષો સામ-સામે

**નવી દિલ્હી**

મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણીની તડામાર તૈયારીઓ વચ્ચે વિપક્ષી ગઠબંધન 'ઈન્ડિયા'માં સામેલ ચાર પક્ષો સામ-સામે આવી ગયા છે. બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે સૌને ચોંકાવી દીધા છે અને તેમણે મંગળવારે મધ્યપ્રદેશની 5 બેઠકો પર પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતારી દીધા છે. તો બીજીતરફ સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે તાજેતરમાં જ વાકયુદ્ધ જોવા મળ્યું હતું. ઉપરાંત દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની પાર્ટી પણ ચૂંટણી મેદાનમાં છે. ઈન્ડિયા ગઠબંધનમાં એક હોવાનું કહેનારી પાર્ટીઓએ સામ-સામે



ઉમેદવારો ઉતારતા ભાજપે પણ કટાક્ષ કરવાનું શરૂ કરી દીધું છે.

મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે, 'વિપક્ષી ગઠબંધન 'ઈન્ડિયા'ની સ્થિતિ એક દિલ કે ટુકડે હજાર હુએ, કોઈ યદા ગીરા, કોઈ વહા ગીરા' જેવી સ્થિતિ થઈ ગઈ છે. તેમણે કહ્યું કે, આ લોકો એકબીજા સામે લડી પોતાને સાથી કહી રહ્યા છે.

# રાજસ્થાનમાં જમીન મુદ્દે ઝઘડો : પરિવારની સામે ટ્રેક્ટરથી યુવકને કચડ્યો

**ભરતપુર**

રાજસ્થાનના ભરતપુરમાં બે પક્ષો વચ્ચે વિવાદિત જમીનને લઈને ઝઘડો થઈ ગયો હતો. જેમાં એક યુવકની ટ્રેક્ટરથી કચડી હત્યા કરી નાખવામાં આવી. હેવાનિયતની તમામ હદો પાર કરતા એક વખત નહીં પરંતુ 8 વખત યુવકને ટ્રેક્ટરથી કચડ્યો. પરિવારજનોએ યુવકને બચાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ ટ્રેક્ટર વાળાએ તેમની એક વાત માની. તે બસ તેજીથી યુવક ઉપર ટ્રેક્ટર ચલાવતો રહ્યો. બીજી તરફ લોકોએ આ સમગ્ર ઘટનાનો વીડિયો બનાવી લીધો. જે હવે સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. બંને પક્ષો વચ્ચે જમીન મુદ્દે લડાઈ ચાલુ થઈ હતી. આ લડાઈમાં 12 લોકો ઘાયલ પણ થઈ ગયા છે.

# કોંગ્રેસ અધ્યક્ષ દોતાસરાના ઘરે દરોડા સીએમ ગેહલોતના પુત્રને પણ સમન્સ

**જયપુર**

રાજસ્થાનમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા EDની કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ગોવિંદસિંહ દોતાસરાના ઘરે દરોડા પાડવામાં આવી રહ્યા છે. સીએમ અશોક ગેહલોતના પુત્ર વૈભવ ગેહલોતને પણ સમન્સ મોકલવામાં આવ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે પેપર લીક મામલે EDની ટીમ દોતાસરાના ઘરે પહોંચી છે.

ઈડીએ ગુરુવારે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતના પુત્ર વૈભવ ગેહલોતને સમન પાઠવ્યુ છે. ઈડીએ વૈભવ ગેહલોતને આવકવેરા અધિનિયમ, 1961ની કલમ 131(1) અને સિવિલ પ્રોસિજર, 1908ની કલમ 30 અને ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999 (FEMA)ની કલમ 37(1) અને (3) હેઠળ સમન્સ પાઠવ્યું છે. ઈડી ફેમાની સાથે સાથે લાલ ડાયરીને લઈને પણ વૈભવની પૂછપરછ કરી શકે છે. લાલ ડાયરીમાં આરસીએની ચૂંટણીમાં વૈભવના પૈસાની લેવડદેવડનો ઉલ્લેખ છે. દોતાસરા ઉપરાંત મહુઆના અપક્ષ ધારાસભ્ય ઓમ પ્રકાશ હુડલાના ઘર પર પણ દરોડા પાડવામાં આવી રહ્યા છે.

# શ્રીનગરમાં પ્રથમ વખત ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન

**ભરતપુર**

કલમ 370 હટ્યા બાદ જમ્મુ કાશ્મીરથી સતત સુખદ સમાચાર આવી રહ્યા છે જે જોઈને અનુભૂતિ થાય કે એક સમયે આતંકવાદના ખપ્પરમાં હોમયેલી કાશ્મીર ખીણ હવે ધીરે ધીરે પુનઃ ધરતીનું સ્વર્ગ બની રહી છે. વિજયાદશમીની શોભાયાત્રા અને ફક્ત મહિલાઓ માટે મોટરસ્પોર્ટ્સના આયોજન બાદ હવે શ્રીનગરમાં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રીનગરમાં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલની ઉજવણી થઈ રહી છે. શ્રીનગરના ટાગોર હોલમાં આયોજિત બે દિવસના આ ફિલ્મ ફેસ્ટિવલમાં 17 દેશોની 30 ફિલ્મોનું સ્ક્રિનિંગ કરવામાં આવી રહ્યું છે.

SHARP INT. IMMIGRATION
SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
@sharpimmigration
• Canada Study Visa
• Canada PR & Work visa
• Visitor Visa
• Europe Study or Work Visa
• Study in USA/Australia/ New Zealand/Singapore/Malta/ Germany/ Poland & many other countries.
• Investor Visa
• Spousal visa
• Family Sponsorship
14+ years of experience
SOLVE ALL YOUR QUERIES REGARDING IMMIGRATION & STUDENT VISA
Refusal case specialist

AMI MEHTA
CANADIAN AUTHORIZED IMMIGRATION PRACTITIONER
CONTACT US
Nigeria Student Recruitment
Shop 22, Lobito Mall,
2 labito Crescent, Abuja.
+ 234 - 814 618 4869
CANADA
94- 499 Main Street South, Shoppers World Mall, Brampton, Ont.
Ph : 416-745-2466, 905-230-7855
: Vadodara Office :
101-102, Siddharth Complex, Alkapuri, Vadodara - 390007
+91-98255 56911

# વિવાદથી ભારત કેનેડાની નિકાસ-આયાતને માઠી અસર

## કેનેડા માટે ભારત એક મોટું બજાર છે , આમ છતાં મસૂરની આયાત માટે ભારત સાથે નવા કરારો પર હસ્તાક્ષર થયા નહીં

**નવી દિલ્હી**

ભારત અને કેનેડા વચ્ચે છેલ્લા કેટલાય દિવસોથી રાજદ્વારી તણાવની અસર બંને દેશોમાં નિકાસ-આયાત પર થવા લાગી છે. કેનેડા ભારતમાં સૌથી વધુ મસૂર દાળ નિકાસ કરે છે. પરંતુ બંને દેશો વચ્ચે ચાલી રહેલા તણાવને કારણે કેનેડાથી મસૂરની આયાત માટે નવા કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા નથી.

નાણાકીય વર્ષ 2022-23માં કેનેડા પાસેથી ભારતે સૌથી વધુ મસૂર દાળની ખરીદી કરી હતી. ભારતે આ સમયગાળા દરમિયાન કેનેડા પાસેથી કુલ 4.85 લાખ મેટ્રિક ટન મસૂર દાળની ખરીદી કરી હતી જે કુલ આયાતના અડધાથી વધુ છે. ભારતમાં મસૂર દાળનો મોટો હિસ્સો આયાત કરવામાં આવે છે જેમાં મોટાભાગની આયાત કેનેડામાંથી થાય છે. દેશમાં પહેલાથી જ દાળના ભાવ આસમાને પહોંચી ગયા છે અને ગયા મહિને કઠોળનો મોંઘવારી દર 13 ટકાથી વધુ હતો. હવે જો મસૂર દાળના પુરવઠામાં ઘટાડો થાય તો તેની કિંમતો વધી શકે છે.

ભારતમાં દર વર્ષે 23 લાખ ટન દાળનો વપરાશ થાય છે જ્યારે તેની સામે માત્ર 16 લાખ ટન જ ઉત્પાદન થાય છે, જો કે ભારત અન્ય દેશો પાસેથી પણ દાળની આયાત કરે છે અને તેનાથી સૌથી વધારે ઓસ્ટ્રેલિયાને લાભ થયો છે. આ સિવાય તાજેતારમાં અમેરિકાથી કરવામાં આવતી દાળને કોઈપણ પ્રકારની કસ્ટમ ડ્યુટીમાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. ભારત રશિયા, તુર્કી, સિંગાપોર અને યુએઈમાંથી પણ મસૂરની આયાત કરે છે. કેનેડા માટે ભારત એક મોટું બજાર છે. ભારત વર્ષ 2022માં કેનેડાનું 10મું સૌથી મોટું ટ્રેડિંગ પાર્ટનર હતું. કેનેડા વટાણાનું સૌથી મોટું ઉત્પાદક છે અને તેનો મોટો હિસ્સો તે ભારતમાં નિકાસ કરે છે.

આ ઉપરાંત કેનેડા ન્યુઝપ્રિન્ટ, લાકડાનો પલ્પ, એસ્બેસ્ટોસ, પોટાશ, આયર્ન સ્ક્રેપ, ખનિજો અને ઓદ્યોગિક રસાયણો પણ વેચે છે. નાણાકીય વર્ષ 2022-23માં કેનેડાએ ભારતમાં 4.5 અબજનો સામાન નિર્યાત કર્યો હતો.

# ભારત સાથે વિવાદને કારણે કેનેડાની કોલેજો મુશ્કેલીમાં, આર્થિક નુકસાન થવાની ભીતિ

### ભારતીય વિદ્યાર્થીઓ દ્વારા ચુકવાતી ફીની રકમ કોલેજની આવકમાં 72 ટકા સુધીનો ફાળો આપે છે

**ઓન્ટેરિયો**

ભારત અને કેનેડા વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે એક તરફ કેનેડા જવાની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓમાં ગભરાટ છે. તો બીજી તરફ કેનેડાની ઘણી મોટી કોલેજો મુશ્કેલીમાં છે. આ કોલેજોમાં ૭૦થી ૮૦ ટકા વિદ્યાર્થીઓ ભારતીય છે.

ભારતીય વિદ્યાર્થીઓ દ્વારા ચૂકવવામાં આવતી ફી તેમની કુલ વાર્ષિક ફીના ૫૫થી ૭૨ ટકા ફાળો આપે છે. જો ભારતીય વિદ્યાર્થીઓને એક સત્રમાં પ્રવેશ આપવામાં આવતો નથી, તો આ કોલેજો એક સત્રનો ખર્ચ પણ ઉઠાવી શકશે નહીં.

આ કોલેજોમાં ૪ હજાર વિદ્યાર્થીઓ સાથે નોર્ધન કોલેજ અગ્રણી છે, જેમાં માત્ર ૮૩૩ કેનેડિયન વિદ્યાર્થીઓ છે અને ૩૩૫૩ ભારતીય વિદ્યાર્થીઓ છે. અન્ય તમામ મોટી કોલેજોમાં પણ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ તરીકે ગયેલા ભારતીય વિદ્યાર્થીઓનો હિસ્સો ૬૫થી ૭૫ ટકા સુધીનો છે. દર વર્ષે તેમનો આંકડો વધી રહ્યો છે. કેનેડિયન ઈમિગ્રેશન બાબતો પર નજર રાખનાર ગગન કંવલના મતે આ સમયે કેનેડિયન કોલેજોના સંચાલકોમાં ગભરાટ વધુ છે. તેમની બાજુથી કેનેડાની સરકાર પર પણ દબાણ છે કે, તે કોઈપણ રીતે ભારતીય વિદ્યાર્થીઓના ધસારાને અટકાવે નહીં. ભારતીય વિદ્યાર્થીઓ વિશે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં કેનેડાના ઈમિગ્રેશન મંત્રી માર્ક મિલરે કેનેડાની સંસદમાં સ્પષ્ટપણે કહ્યું છે કે, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અમારા માટે આકર્ષક સંપત્તિ છે અને અમે કોઈપણ સંજોગોમાં તેમની અવગણના કરી શકીએ નહીં. કેનેડાની નાગરિકતા ધરાવતા કોલેજના વિદ્યાર્થીઓ પાસે ખૂબ જ ઓછી ફી લેવામાં આવે છે અને તેમાંથી મોટાભાગની ફી કેનેડા સરકાર દ્વારા સબસિડી આપવામાં આવે છે. જ્યારે ભારતીય કે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને આવી કોઈ સબસિડીનો લાભ મળતો નથી. ભારતમાંથી દર વર્ષે લગભગ ૨ લાખ વિદ્યાર્થીઓ કેનેડા જાય છે. કેનેડાને તેમની ફી તરીકે અંદાજે ૭૫ હજાર કરોડ રૂપિયા મળે છે.

# પીએમ ટ્રુડો ભારત સાથેના સંબંધોની કિંમતને સમજી શક્યા નથી : વિપક્ષ

### વડાપ્રધાન બનશે તો બંને દેશો વચ્ચેના સંબંધોને ફરી પુનઃસ્થાપિત કરવા વચન આપ્યું

**ઓન્ટેરિયો**

ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યાના આરોપોને લઈને ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોમાં બગડયાં છે. આવી સ્થિતિમાં કેનેડાની કન્ઝર્વેટિવ પાર્ટીના વડા અને વિપક્ષી નેતા પિયરે પોઈલિવ્રેએ કહ્યું કે, આઠ વર્ષ સુધી સત્તામાં રહ્યા પછી પણ પીએમ જસ્ટિન ટ્રુડો ભારત સાથેના સંબંધોની કિંમતને સમજી શક્યા નથી. જો હું કેનેડાનો વડાપ્રધાન બનીશ તો બંને દેશો વચ્ચેના સંબંધોને ફરી પુનઃસ્થાપિત કરીશ. તેમણે કહ્યું કે, અમારે ભારત સરકાર સાથે વ્યાવસાયિક સંબંધો (ૈકીજર્જૈહટ્વક્મ ાિક્મટ્વૅરૈહજ) બનાવવાની જરૂર છે. ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે. બે દેશો વચ્ચે મતભેદ હોય એ ઠીક છે. પણ બંને વચ્ચેના સંબંધો વ્યાવસાયિક હોવા જોઈએ. તેમને ભારતમાંથી ૪૧ કેનેડિયન રાજદ્વારીઓને પાછા બોલાવવા વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે ટ્રુડો પર અસક્ષમ અને બિનવ્યાવસાયિક હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, આજના સમયમાં ભારત સહિત વિશ્વના ઘણા મોટા દેશો સાથે કેનેડાના મતભેદો છે. કેનેડામાં હિંદુ મંદિરોની તોડફોડ અંગે તેમણે કહ્યું કે મને લાગે છે કે, હિંદુ મંદિરો પર હુમલો કરનારા અને સંપત્તિમાં તોડફોડ કરનારાઓ વિરુદ્ધ ફોજદારી કેસ દાખલ કરવા જોઈએ.

# TTC ટ્રેનમાં બોમ્બની અફવા મામલે 3 સગીર સામે કાર્યવાહી

### ટ્રેન અને સ્ટેશન ખાલી કરાતા જ 3 સગીરો ચોરીનો મુદ્દામાલ લઈને ભાગી ગયા હતા

**ટોરોન્ટો**

TTC સબ વે સ્ટેશન પર બોમ્બની ધમકીના આરોપોનો સામનો કરી રહેલા 3 સગીરોની ધરપકડ કરવામાં આવી હતી. અધિકારીઓએ આરોપ મુક્યો હતો કે, ત્રણ સગીરોએ તે સમયે દક્ષિણ તરફની TTC ટ્રેનમાં હતા અને તેઓ પાછળની ઓપરેટર કેબમાં પ્રવેશ મેળવવામાં સક્ષમ હતા. તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર સગીરોએ PA સિસ્ટમ પર એક જાહેરાત પ્રસારિત કરી, જેમાં કહ્યું કે તે ટ્રેનમાં બોમ્બ હતો. જ્યારે ટ્રેન અને સ્ટેશનને જાહેર સલામતી માટે ખાલી કરવામાં આવ્યા, ત્યારે તકનો લાભ લઈને સગીરો કથિત રીતે ચોરેલી સંપત્તિ લઈને ભાગી ગયા હતા હતા. પોલીસે જણાવ્યું હતું કે, ધમકી ક્યા સ્ટેશન ઉપરથી મળી તેની શોધ કરી હતી પણ ક્યાંય કોઈ ઈજાઓ નોંધાઈ ન હતી. ત્રણ 17 વર્ષની વયના સગીરો $ 5,000થી વધુની છેતરપિંડી, $ 5,000થી ઓછી રકમની ચોરી અને સામાન્ય ઉપદ્રવ કે જીવનને જોખમમાં મૂકવા અથવા લોકોની સલામતી સાથે ચેડાં કરવાનાં આરોપોનો સામનો કરી રહ્યાં છે.

# મેફિલ્ડ કોમ્યુનિટિ ઓફ બ્રામ્પ્ટન દ્વારા નવરાત્રિ મહોત્સવની શાનદાર ઉજવણી

### 10 દિવસ સુધી દરરોજ રાત્રે ગુજરાતી ભાઈ-બહેનો ગરબે ઘૂમ્યા

**બ્રામ્પ્ટન**

10 શ્રી રાધા માધન હેરિટેજ બ્રામ્પ્ટન ખાતે 15-10-2023 અને 24-10-2020 દરમિયાન મેફિલ્ડ વિલેજ નવરાત્રી મહોત્સવનું આયોજન કરાયું હતુ. વિશાળ ટેન્ટમાં 10 દિવસ સુધી દરરોજ રાત્રે ગુજરાતી ભાઈ-બહેનોએ ગરબા રમીને આનંદ માણ્યો હતો. જયારે દશેરા નિમિત્તે સૌએ ફાફડા, જલેબી, ખમણ અને ગુલાબજાંબની મજા માણી હતી. રમાબેન, ભાવિનીબેન, વિધીબેન અને મીનલબેને નવરાત્રીના આયોજનને સફળ બનાવવા યોગદાન આપ્યું હતુ.



# સાંસદના સવાલ બાદ એર કેનેડાએ માફી માંગી

**ઓન્ટેરિયો**

એર કેનેડાનું કહેવું છે કે, જેમને ગયા અઠવાડિયે સંસદીય સમિતિ સાથે કેનેડામાં અને ત્યાંથી મુસાફરી કરતી વખતે વધારાની સુરક્ષા તપાસ માટે પસંદ કરવામાં આવ્યા હતા, તેવા બ્રિટિશ સાંસદની તેણે માફી માંગી છે કે, લેબર સાંસદ મોહમ્મદ યાસીનને એર કેનેડા અને કેનેડાના ઈમિગ્રેશન અધિકારીઓ દ્વારા તેમની સઘનપૂછપરછ કરવામાં આવી હતી અને કહેવામાં આવ્યું હતુ કે તેમનું નામ મોહમ્મદ છે. બેટ્સે સોમવારે યુ.કે.ના હાઉસ ઓફ કોમન્સને જણાવ્યું હતું કે, યાસીનને પૂછપરછ માટે રોકવામાં આવ્યો હતો, હાઉસ ઓફ કોમન્સ કમિટીના અન્ય સભ્યોથી વિપરીત કે જેઓ એકસાથે કેનેડાની મુસાફરી કરી રહ્યા હતા તેમાં યાસીન મુસ્લિમ નામ ધરાવતો એકમાત્ર શખ્સ હતો. એર કેનેડાના અધિકારીઓ દ્વારા તેની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. પહેલા હીથ્રો એરપોર્ટ પર અને પછી મોન્ટ્રીયલ અને ટોરોન્ટોના એરપોર્ટ પરયાસીનની ઘણી વખત પૂછપરછ કરવામાં આવી હતી. જો કે, એર કેનેડાના ઈમેલ સ્ટેટમેન્ટમાં જણાવાયું છે કે, અમે પ્રક્રિયાઓનું યોગ્ય રીતે પાલન કરી રહ્યા છે. બીજી બાજુ યાસીનની ઓફિસના પ્રવક્તાએ તેના વતી સીબીસી ઈન્ટરવ્યુની વિનંતીને નકારી કાઢી હતી. યાસીને બીબીસીને કહ્યું કે, ઈમિગ્રેશન કંટ્રોલ દ્વારા આટલી આક્રમક રીતે ઓળખ કરવામાં આવે તે તણાવપૂર્ણ અને અપમાનજનક હતું, ખાસ કરીને જ્યારે લાંબા સમયથી તેઓ સમિતિમાં બ્રિટિશ સંસદના પ્રતિનિધિ તરીકે જૂથમાં મુસાફરી કરી રહ્યા હોય ત્યારે આ અપમાનજનક છે.

# 3 વર્ષથી ગુમ શખ્સના અવશેષો ટોરોન્ટો નજીકના યાર્ડમાં દટાયેલા મળી આવ્યા

**ટોરોન્ટો**

પાંચ વર્ષથી વધુ સમયથી ગુમ થયેલા એક શખ્સના અવશેષો તેના ટોરોન્ટો વિસ્તારના રહેઠાણના યાર્ડમાં દાટેલા મળી આવ્યા હતા. આ અવશેષો કેવિન બોનાડા રોસાસના છે, જે છેલ્લે 21 જૂન 2018ના રોજ રિચમંડ હિલમાં એલ્મવુડ એવેન્યુ પરના તેમના નિવાસસ્થાને જોવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા મંગળવારે જારી કરાયેલા એક પ્રકાશનમાં 26 જૂન, 2018ના રોજ યુવાનના પરિવાર દ્વારા તેના ગુમ થવા અંગે અપાયેલી જાણકારી જાહેર કરાઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે, તેને શોધવાના પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. એપ્રિલ 2021માં યોર્ક પ્રાદેશિક પોલીસ સર્વિસના હોમિસાઈડ યુનિટે તપાસનો હવાલો સંભાળ્યો હતો. 5 જૂન, 2023ના રોજ માનવ અવશેષો એલ્મવુડ એવન્યુ પરના નિવાસના યાર્ડમાં દફનાવવામાં આવ્યા હતા. ફોરેન્સિક તપાસમાં તેઓ બોનાડા રોસાસ હોવાની પુષ્ટિ થઈ હતી. પોલીસે મૃત્યુનું કારણ જાહેર કર્યું નથી. પણ મૃત્યુ શંકાસ્પદ છે.

# ગુજરાતમાં હાર્ટ એટેકના કેસઃ સરકારે નિષ્ણાંતોની કમિટી બનાવી

## મેડિકલ એસોસિએશન દ્વારા તપાસની માંગ કરાઈ : ડોક્ટરોની ટીમ હાર્ટ એટેકના કારણ શોધાશે

**અમદાવાદ**

ગુજરાતમાં હાર્ટ એટેકના બનાવોમાં યુવાનોના મોત થવાની ઘટનાઓ સતત પ્રકાશમાં આવી રહી છે. આ વખતે નવરાત્રિના નવ દિવસમાં જ હાર્ટ એટેકને કારણે 36 જેટલા લોકો મોતને ભેટ્યાં છે. ત્યારે અમદાવાદ મેડિકલ એસોસિએશનના તબિબોએ પણ આ મુદ્દે રિસર્ચની માંગ કરી છે. હવે રાજ્ય સરકાર આ મામલે એક્શનમાં આવી છે. સરકારે તાત્કાલિક ધોરણે નિષ્ણાંત ડોક્ટરો સાથે ચર્ચા કરીને હાર્ટ એટેક આવવાનું કારણ શોધવા એક કમિટીની રચના કરી છે. જેમાં યુએન મહેતા તથા ખાનગી હોસ્પિટલના નિષ્ણાંત ડોક્ટરોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે યુવાનોમાં વધી રહેલા હાર્ટ એટેકનું કારણ શોધવા નિષ્ણાંત ડોક્ટરોની કમિટી બનાવી છે. જેમાં યુએન મહેતા હોસ્પિટલના ડાયરેક્ટર ચિરાગ દોશીને કમિટીના હેડ બનાવવામાં આવ્યાં છે. તે ઉપરાંત આ કમિટીમાં ડો. જયેશ શાહ, ડો. ગજેન્દ્ર દુબે અને ડો. પૂજાબેનનો સમાવેશ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ કમિટી બનાવવા રાજ્ય સરકારે આજે મળેલી કેબિનેટની બેઠકમાં નિર્ણય કર્યો હતો. હવે આ કમિટીમાં સમાવેશ કરવામાં આવેલા ડોક્ટરો દ્વારા યુવાનોમાં હાર્ટ એટેક આવવાનું અને તેનાથી મોત કેમ થઈ રહ્યાં છે તે અંગેનું એનાલિસિસ કરવામાં આવશે.

### ગુજરાતમાં હાર્ટ એટેકનો દાવાનળ ફાટ્યો : માત્ર નવરાત્રિમાં હાર્ટ અટેકથી 36 મોત

નવરાત્રિ દરમિયાન હાર્ટ અટેકથી રાજ્યમાં 36 વ્યક્તિઓના મોત થયા છે. તો સૌથી વધુ સૌરાષ્ટ્રમાં 16 લોકોના હાર્ટ અટેકથી મોત નિપજ્યા છે. દક્ષિણ ગુજરાતમાં પણ 15 લોકોનો હાર્ટ અટેકે ભોગ લીધો છે. ઉત્તર-મધ્ય ગુજરાતમાં 2 અને અમદાવાદમાં 3 લોકોના મોત થયા છે. સારવારનો સમય જ ન મળે એટલી ઝડપથી સિવિયર અટેકના કેસ વધી રહ્યાં છે. ખાસ કરીને આ નવરાત્રિ જીવલેણ સાબિત થઈ છે. નવરાત્રિમાં સાંજે 6થી રાત્રે 2 વાગ્યા સુધી હૃદયરોગના 766 કેસ નોંધાયા છે. 9 દિવસમાં 8 કલાકના સમયમાં સરેરાશ 85 ઈમરજન્સી કેસ નોંધાયા છે. તો અમદાવાદમાં છેલ્લા નોરતે સૌથી વધુ 32 કાર્ડિયાક ઈમરજન્સી આવી છે. નવરાત્રિ દરમિયાન હાર્ટ અટેકથી રાજ્યમાં 36 વ્યક્તિઓનાં મૃત્યુ થવા એ કોઈ નાનો આંકડો નથી. ગુજરાતમાં નવરાત્રિ દરમિયાન સાંજે 6 થી રાતે 2 વાગ્યા સુધી હૃદયરોગના 766 કેસ નોંધાયા છે.

# ગૂગલ પર સર્ચ કર્યા બાદ પ્રેમિકાની લાશ સળગાવા પ્રેમીએ નિર્ણય લીધો

**રાજકોટ**

રાજકોટના સદર વિસ્તારમાં આવેલી હોટલ પાર્ક ઈનના મેનેજર મેહુલ ચોટલીયા (ઉ.વ.૩૨, રહે. આત્મન એપાર્ટમેન્ટ, ગાંધીગ્રામ) એ મુળ અમદાવાદના મોરૈયા ગામેની પ્રેમીકા અલ્પા ઉર્ફે આયશા મકવાણાની પોતાના જ ફ્લેટમાં ગળુ દાબી હત્યા કર્યા બાદ લાશ ટ્રોલીબેગમાં નાખી તેને પડધરીના ખામટા ગામની સીમમાં સળગાવી દીધાનો ખુલાસો થયો હતો. પડધરી પોલીસે મેહુલની ધરપકડ કર્યા બાદ ખુલાસો થયો કે તેની પ્રેમીકા અલ્પા મેહુલના ફલેટમાં મુંબઈ રહેતી તેની બહેનો વાર-તહેવારે આવતી હતી. જેના ફોટા મેહુલ પોતાના વોટસએપ સ્ટેટસમાં મુકતો હતો. આ ઉપરાંત અમદાવાદ રહેતા મિત્રના કારણે અવાર-નવાર પ્રેમીકા અલ્પા સાથે ઝઘડા થતાં હોવાથી મેહુલે તેની હત્યા કરી નાખી હતી. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ હત્યા કર્યા બાદ મેહુલ અલ્પાની લાશ દાટી દેવી કે સળગાવી નાખવી તે બાબતે અવઢવમાં હતો. જેથી તેણે ગુગલ પર હાઉ ટુ બર્ન અને હાઉ ટુ ડીસ્પોઝ બોડી સર્ચ કર્યું હતું. જે બાદ તેણે અલ્પાની લાશ સળગાવવા નિર્ણય કર્યો હતો.

# ટ્રસ્ટની મિલકતનું વેચાણ અને ભાડાપટ્ટાની કાર્યવાહી હવે ઈ-ઓક્શન પોર્ટલથી જ થશે

## રાજ્ય સરકારે ગુજરાત પબ્લિક ટ્રસ્ટ અધિનિયમ-1950ની કલમ-36ની જોગવાઈમાં કર્યો સુધારો

**ગાંધીનગર**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો અંગે મીડિયાને સંબોધતા પ્રવક્તા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ગુજરાત પબ્લિક ટ્રસ્ટ અધિનિયમ-1950ની કલમ-36માં સાર્વજનિક ટ્રસ્ટની કોઈપણ સ્થાવર મિલકત વેચાણ, ગીરો, વિનિયમ કે ભાડાપટ્ટે અથવા બક્ષિસથી તબદીલ કરવા અંગેની જોગવાઈમાં સુધારો કરી આ પ્રક્રિયાને વધુ સરળ અને પારદર્શક કરવાનો નિર્ણય કરાયો છે. અત્યાર સુધી કલમ 36 હેઠળ ટ્રસ્ટની મિલકત તબદીલ કરવાની કાર્યવાહી મેન્યુઅલ રીતે કરવામાં આવતી હતી, જેના કારણે ઈજારાશાહી વધવાની શક્યતાઓ રહેતી હતી. પરંતુ આ નવા સુધારાથી હવે ટ્રસ્ટની મિલકત તબદીલ કરવાની આ કાર્યવાહી વધુ પારદર્શક પદ્ધતિથી થાય તે માટે ટેકનોલોજીનો ઉપયોગ કરીને મિલકતનું યોગ્ય મૂલ્યાંકન કરવામાં આવશે અને ટ્રસ્ટની મિલકતના વેચાણ અને ભાડાપટ્ટા અંગેની કાર્યવાહી હવેથી ઓનલાઈન ઈ-ઑક્શન પોર્ટલ મારફત હાથ ધરવામાં આવશે. ટ્રસ્ટની મિલકત અદલા-બદલી કરવા માટે ટ્રસ્ટો દ્વારા અદલા-બદલી કરવા ધારેલી બંને મિલકતની કિંમતની સરખામણી કરી, ખૂટતી રકમ સરભર કર્યેથી જ અદલા-બદલીની મંજૂરી આપવામાં આવશે.

# અમદાવાદમાં 73 કરોડના ખર્ચે ફોરલેન ફ્લાયઓવર બ્રિજ બનાવાશે

**અમદાવાદ**

અમદાવાદના આંબાવાડીથી વસ્ત્રાપુર જતા રોડ ઉપર પાંજરાપોળ જંકશન ખાતે રુપિયા 73 કરોડના ખર્ચે ફોરલેન ફ્લાયઓવરબ્રિજ બનાવવા મ્યુનિ.તંત્રે કવાયત શરુ કરી છે. બ્રિજની લંબાઈ 652 મીટર તથા પહોળાઈ 17 મીટર રાખવામાં આવી છે. બે વર્ષમાં બ્રિજ બનીને તૈયાર કરાશે. બ્રિજ બન્યા બાદ 1.50 લાખની વસ્તીને લાભ મળશે. સમય, ઈંધણ અને પોલ્યુશનની સમસ્યાનો ઉકેલ આવશે. આજુબાજુના સર્વિસ રોડ ઉપર બ્રિજની કામગીરી શરુ કરતા પહેલા વ્હાઈટ ટોપીંગ પધ્ધતિથી રોડ બનાવાશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાંજરાપોળ જંકશન પર આંબાવાડીથી વસ્ત્રાપુર જતા રોડ પર ફોરલેન ફ્લાયઓવરબ્રિજ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# પોલીસ તંત્રનો સપાટો, 2406 હોટેલ અને સ્પામાં દરોડા, 200ની ધરપકડ

## પોલીસ દ્વારા 32 જેટલા સ્પા સેન્ટરો તથા હોટલોના લાયસન્સ પણ રદ કરાયા

**અમદાવાદ**

સમગ્ર ગુજરાતમાં સ્પાની આડમાં ચાલતી અનૈતિક પ્રવૃત્તિઓને લઈને પોલીસ એક્શનમાં આવી ગઈ છે. છેલ્લા ચાર જ દિવસમાં પોલીસે કુલ 2406 હોટલ-સ્પામાં દરોડા પાડીને 200 જેટલા આરોપીઓની ધરપકડ કરી છે અને 225 એફઆઈઆર નોંધી છે. પોલીસ દ્વારા 32 જેટલા સ્પા સેન્ટરો તથા હોટલોના લાયસન્સ પણ રદ કરી દેવાયાં છે. અમદાવાદમાં તાજેતરમાં એક સ્પા ગર્લને સ્પાના માલિક દ્વારા જાહેરમાં મૂઢ માર મારવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ત્યાર બાદ પોલીસ સામે સવાલો ઉભા થતાં જ પોલીસ એક્શનમાં આવી હતી અને સ્પામાં ચાલતા ગોરખધંધા બંધ કરાવવા માટે દરોડા પાડવામાં આવ્યા હતાં. ત્યારે રાજ્યમાં પોલીસ દ્વારા છેલ્લા ચાર દિવસમાં કુલ 2406 હોટલ-સ્પામાં દરોડા પાડીને સપાટો બોલાવી દેવામાં આવ્યો છે. દરોડા પાડ્યા બાદ 225 જેટલી એફઆઈઆર કરવામાં આવી છે અને 200 જેટલા આરોપીઓની ધરપકડ કરાઈ છે. તે ઉપરાંત 32 જેટલી હોટેલ અને સ્પાના લાયસન્સ પણ રદ કરી દેવાયાં છે. અમદાવાદમાં સ્પા ગર્લને માર મારવાના કિસ્સા બાદ ગૃહ વિભાગે પોલીસને ગેરકાયદે સ્પા અને દેહ વ્યાપારની પ્રવૃત્તિઓ પર દરોડા પાડવા કડક સૂચના આપી હતી.

# અમદાવાદમાં ગરબા રમવાની ના પાડી તો યુવાનની હત્યા કરી નંખાઈ

**અમદાવાદ**

ઘોડાસરમાં યશ બંગ્લોની સામે રોડ પર અંકિત તથા તેનો મિત્ર અલ્પેશ અને આકાશ ગરબા રમવા માટે ક્રિષ્ના પાર્ક ગયા હતા. ત્યારે ત્યાં ગરબા રમતી વખતે અંકિત તેના મિત્ર વિજય દિવાકરના ઘરે ગયા હતા. જે બાદ અમરાઈવાડીથી ગરબા રમવા આવેલા વિજયના ભત્રીજા વિક્કી દીવાકરે કહ્યું કે, આ અમારા પારિવારિક ગરબા છે તું અહીં ગરબા ના રમીશ. આવું કહેતા બંને વચ્ચે બોલાચાલી બાદ ઝઘડો થયો હતો. વિકીએ અંકિતને લાફો મારી માર્યો હતો. ત્યારબાદ યશ બંગલોની સામે રોડ ઉપર વિજયના ભત્રીજા આરોપી વિક્કી, અજય તથા ભાણીયો બોબી થાપાએ અંકિતને માર માર્યો હતો બોબીએ અંકિતને છરીના ઘા માર્યા હતા. જેના કારણે અંકિતનું સારવાર દરમિયાન મોત થયુ હતું.

# ગુજરાતમાં ફરી ઝેરી બની રહેલી હવા પીએમ-2.5 નું પ્રદૂષણ મુખ્ય કારણ

**રાજકોટ**

ગુજરાતના મહાનગરો વિસ્તરવાની સાથે પ્રદુષણનો બેફામ વિકાસ થઈ રહ્યો છે. આજે સી.પી.સી.બી. મૂજબ ગત ચોવીસ કલાકમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ 179 રહ્યો છે અને આજે સાંજે 8 વાગ્યે એન.સી.ડી.સી.મૂજબ અમદાવાદ, ગાંધીનગર અને સુરતમાં અનુક્રમે 185, 187 અને 188 રહ્યો છે. ઉપરાંત રાજકોટમાં મ્યુનિ.સેન્સરોમાં નોંધાયા મૂજબ મોટાભાગના ચોકમાં 100ને પાર અને ક્યાંક તે 200ને આંબી જાય છે.

હવામાં રહેલા ફાઈન પાર્ટીકલ્સ અર્થાત્ સીધા શ્વાસ મારફત ફેફસાંમાં પહોંચે તેવા અતિ બારીક 2.5 માઈક્રોન (0.0025 MM) કણોથી આ પ્રદુષણ ફેલાય છે. આ પ્રદુષણ હોય તેની સાથે પીએમ-10 કહેવાતું પ્રદુષણ હોય છે. આ પ્રદુષણ ગેસોલીન, ઓઈલ, ડીઝલ ફ્યુલ વગેરે સળગવાથી તેમજ સુકા કચરો સળગતા, ફટાકડા ફૂટવાથી અને સુકા હવામાનમાં અત્યંત બારીક થયેલી રજકણો પવનથી ઉડવાથી ફેલાય છે. ચોમાસા વખતે ભેજકણોના ભાર તણે આ પ્રદુષણ હવામાં ઘટી જાય છે અને હાલ સુકા હવામાનમાં તે વધતું હોય છે.

રાજ્યમાં હવે શુધ્ધ હવાની તંગી સર્જનાર આ પ્રદુષણ માટે વાહનોમાં અને ટ્રાફિકમાં નિરંકુશ વધારો, સાથે શહેરોમાં વૃક્ષો, ગ્રીન બેલ્ટમાં ઘટાડો તથા શહેરી ગીચતા, સીમેન્ટ કોંક્રિટના જંગલમાં વધારો, ટ્રાફિક જેવા પરિબળો જવાબદાર છે.

શિવશ્રધ્ધા જ્યોતિષ
UK - USA - CANADA - AUS તથા ભારતમાં મશહુર
૨૦ વર્ષથી આપની સેવામાં.. વિશ્વાસપાત્ર સ્થળ - રજી. કાર્યાલય
મહામોહીની વશીકરણ, શત્રુ પર વિજય, ધારેલી વ્યકિતનું મિલન, ગ્રીન કાર્ડમાં સમસ્યા, સૌતનમુકિત, દારૂ છોડાવવા સ્પેશ્યાલીસ્ટ
Love Problem • One Side Love • Divorce • Business
Family & Children Problem • Marriage Problem
પતિ-પત્ની-છોકરાઓ કહેવામાં ના હોય તો ચંદ્રમોહની વશીકરણ કરવામાં આવશે
On the Spot Result - Black Magic Specialist
NRI ભાઈઓ બહેનો માટે ફોન ઉપર માગદર્શન
84/A, શ્રીકુંજ રો હાઉસ, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા, અમદાવાદ, India.
: +91-99246 34078
www.shivshraddhaastro.com

# 3 વર્ષમાં ગુજરાતમાં 12,55,066 લોકોને કુતરા કરડ્યા

## ગુજરાતમાં રખડતા કૂતરાઓનો આતંક : વિધાનસભામાં વિપક્ષો સવાલ ઉઠાવતાં ચિંતાજનક સ્થિતિનો ખુલાસો

**અમદાવાદ**

ગુજરાતમાં છેલ્લાં ચાર-પાંચ વર્ષથી રખડતાં પશુઓની સમસ્યા વિકરાળ બની છે. તાજેતરમાં વિધાનસભામાં પુછાયેલા એક પ્રશ્નના જવાબમાં સરકારે કરેલી કબૂલાત મુજબ સાડા બાર લાખ લોકોને છેલ્લાં ત્રણ વર્ષમાં રખડતાં કૂતરા કરડ્યાં હોવાની બહાર આવ્યું હતું.

ગુજરાતમાં રખડતા કૂતરાઓનો આતંક જીવલેણ સાબિત થઈ રહ્યો છે. ન માત્ર અમદાવાદમાં, પંરતુ આખા ગુજરાતમાં રખડતા કૂતરા, રખડતા ઢોર અડીંગો જમાવીને બેસ્યા છે. ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલ માહિતી મુજબ, છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતમાં કુલ 12,55,066 લોકોને કુતરા કરડવાની ઘટનો સામે આવી છે. ગુજરાત વિધાનસભાની અતારાંકિત પ્રશ્નોત્તરીમાં અમદાવાદના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ પૂચેલા સવાલ અંગે સરકારે કહ્યું હતું કે, 31 માર્ચ 2023 ની પરિસ્થિતિએ છેલ્લા 3 વર્ષમાં રાજ્યમાં ક્યાં પ્રકારના પ્રાણીઓ કેટલા નાગરિકોને કારડવાના બનાવો સામે આવ્યા છે, જેમાં રાજ્ય સરકારે વર્ષ 2020-21, 2021-22 અને 2022-23 સુધીના આંકડા જાહેર કર્યા હતા જેમાં સોથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં વર્ષ 2020-21 માં 46,436 વર્ષ 2021-22 માં 50,397 અને વર્ષ 20223 માં 60330 નાગરિકોને કૂતરું કરડયું હોવાની ઘટના સામે આવી છે.

| કોર્પોરેશન અને કેસ | |
|---|---|
| અમદાવાદ કોર્પોરેશન | 60,630 |
| રાજકોટ કોર્પોરેશન | 3962 |
| સુરત કોર્પોરેશન | 20,609 |
| બરોડા કોર્પોરેશન | 7166 |
| જૂનાગઢ કોર્પોરેશન | 6108 |
| જામનગર કોર્પોરેશન | 11,326 |
| ભાવનગર કોર્પોરેશન | 76 |
| ગાંધીનગર કોર્પોરેશન | 5222 |



આમ ફક્ત અમદાવાદ મ્યુ. કોર્પોરેશન વિસ્તારમાં 3 વર્ષમાં 1,57,163 નાગરિકોને કૂતરાએ કરડી ખાધા છે. જ્યારે સમગ્ર ગુજરાતમાં છેલ્લા 3 વર્ષમાં 8 નગરિકોના મૃત્યુ પણ થયા છે.

## કૂતરાઓને કારણે વાઘબકરી ચા બ્રાન્ડના માલિક પરાગભાઈ દેસાઈએ જીવ ગુમાવ્યો

ગુજરાત ટી પ્રોસેસર્સ એન્ડ પેકર્સ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પરાગ દેસાઈનું નિધન થયું છે. પરાગ દેસાઈ (50) ગયા અઠવાડિયે મોર્નિંગ વોક માટે નીકળ્યા હતા. આ દરમિયાન તેમના પર કૂતરાઓએ હુમલો કર્યો હતો. આ દુર્ઘટના સમયે પડી જવાથી તેને માથામાં ગંભીર ઈજા થઈ હતી. તેમને ઉતાવળે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જેઓને શેલ્બી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને અહીં તેમની સારવાર ચાલી રહી હતી. બાદમાં 24 કલાક બાદ તેની તબિયત બગડતાં તેમને હેબતપુર રોડ ખાતેની અન્ય ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પરાગ દેસાઈની ખાનગી હોસ્પિટલમાં તાત્કાલિક સર્જરી કરવામાં આવી હતી, પરંતુ કમનસીબે, દેસાઈની સ્વાસ્થ્ય સંબંધી મુશ્કેલીઓ જીવલેણ સાબિત થઈ હતી અને રવિવારે તેમનું અવસાન થયું હતું.

## સુરત: રોજ ડોગ બાઈટના 65 કેસ

સુરત: આખા ગુજરાતમાં રખડતા શ્વાનનો આતંક વધી રહ્યો છે. સુરત શહેરમાં રોજે ડોગ બાઈટના 65 કેસ નોંધાઈ રહ્યા છે. વર્ષ 2022-23માં ડોગ બાઈટના 11 હજાર 818 કેસ નોંધાયા છે. શ્વાનના ખસીકરણ પાછળ પાલિકાએ કરોડો રૂપિયાનો ખર્ચ કર્યાનો દાવો કર્યો છે. તેમ છતાં પણ રખડતા શ્વાન લોકોને ટાર્ગેટ કરી રહ્યા છે. રખડતા શ્વાનના આતંકથી લોકો ડરી ડરીને ઘરની બહાર નિકળી રહ્યા છે.

## અમદાવાદમાં રખડતા ઢોર અને ખરાબ રસ્તા અંગેનો રીપોર્ટ હાઈકોર્ટને સોંપાયો

**અમદાવાદ**

ગુજરાતમાં રખડતાં ઢોરને લઈને હાઈકોર્ટે લાલ આંખ કરીને કડક કાર્યવાહી કરવા આદેશો આપ્યા હતાં. ત્યાર બાદ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં રખડતાં ઢોરને લઈને કાર્યવાહી માટેનવી નીતિ તૈયાર કરાઈ હતી. પરંતુ ઢોર પકડનાર પાર્ટી અને ઢોર માલિકો વચ્ચે માથાકૂટ થવાના કિસ્સા વધવા માંડ્યા હતાં. હવે હાઈકોર્ટમાં વકીલ અમિત પંચાલ દ્વારા કોર્ટના અગાઉના આદેશોનું પાલન નહીં કરવા અંગે સરકાર સામે કન્ટેમ્પ્ટ પીટિશન દાખલ કરાઈ હતી. સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટીએ અમદાવાદના સાતેય ઝોનની કામગીરીનો રીપોર્ટ આજે કોર્ટમાં રજૂ કર્યો હતો. હાઈકોર્ટમાં સુનાવણીમાં સરકારને જણાવાયું હતું કે, સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટીના રીપોર્ટ પ્રમાણે સ્થિતિ ચિંતાજનક છે કારણ કે તમામ કામગીરી માત્ર પેપર પર થઈ છે. કોઈપણ સ્થાનિક સરકારે રખડતાં ઢોર સહિતની સમસ્યાઓના નિકાલ માટે પગલાં લીધાં નથી.

# ખેડબ્રહ્માની શાળામાં મસ્તી કરતા ૧૩ છાત્રોને સજા રૂપે ડામ અપાતા વિવાદ

## શિક્ષણમંત્રી સુધી રજૂઆતો છતાં ત્રણ મહિને તંત્ર જાગ્યું : તપાસનો આદેશ

**ગાંધીનગર**

ખેડબ્રહ્મામાંમાં ત્રણ મહિના પહેલા નચિકેતા વિદ્યા સંસ્થામાં ૧૩ વિદ્યાર્થીઓને સજા માટે ડામ આપ્યા હોવાની ગંભીર ઘટના બની હતી. આ સમગ્ર ઘટના અંગે વાલીઓએ લેખિતમાં રજૂઆત કર્યા છતાં પણ તંત્ર દ્વારા આજદિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી ત્યારે હવે શિક્ષણમંત્રીએ આ ઘટના અંગે તપાસના આદેશ આપ્યા છે.

સાબારકાંઠા જિલ્લાના ખેડબ્રહ્માના ખેરોજ ખાતે આવેલ નચિકેતા વિદ્યા સંસ્થામાં આદિવાસી વિદ્યાર્થીઓને તાલીબાની સજા ફટકારવામા આવી હતી જેમાં વિદ્યાર્થીઓ મસ્તી-તોફાન કરતા હોવાથી સંચાલકે ડામ આપ્યો હોવાથી વાલીઓએ આ મામલે જિલ્લા કલેક્ટર નૈમેશ દવેને લેખિત રજૂઆત કરી હતી તેમજ ખેરોજ પોલીસ સ્ટેશનમાં પણ રજૂઆતો કરવામાં આવી હતી. આ ઉપરાંત શિક્ષણ વિભાગને પણ આ ઘટના અંગે રજૂઆત કરી હોવા છતાં પણ તંત્રએ કોઈપણ પગલાં લીધા ન હતા.

આ સિવાય સંસ્થા દ્વારા વાલીઓ પાસેથી સમાધાનના પત્રો લેવાયા હોવાનો પણ અહેવાલ મળ્યો હતો. આ સમગ્ર મામલે હવે શિક્ષણમંત્રીએ તપાસના આદેશ આપ્યા હતા.

સાબરકાંઠા જિલ્લા શિક્ષણ અધિકારીએ ૧૫ દિવસ પહેલા જ એક પરિપત્ર બહાર પાડયા હતો જેમાં કોઈપણ શિક્ષકોને વિદ્યાર્થીઓને સજા પર પ્રતિબંધ ફરમાવ્યો હતો અને જણાવ્યું હતું કે જો કોઈ શિક્ષક વિદ્યાર્થીઓને સજા કરશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# સુરતમાં માતાની હાજરીમાં પ્રેમીએ પ્રેમિકાના ગળાના ભાગે ઘા ઝીંક્યા

**સુરત**

ઉધના વિસ્તાર ખાતે આવેલા કાશીનગરમાં ૨૧ વર્ષે વિષ્ણુ વસાવા છેલ્લા બે વર્ષથી પ્રેમિકા સાથે લીવ ઈન રિલેશનમાં રહેતો હતો. ત્રણ વર્ષથી બંને વચ્ચે પ્રેમ સંબંધ હતો. પરંતુ બે મહિના પહેલા જ બંને વચ્ચે ઝઘડો થતાં પ્રેમિકા માતાની ઘરે રહેવા માટે આવી ગઈ હતી. પ્રેમી સતત તેને વતન જવા માટે કહેતો હતો અને પ્રેમિકાએ તેને ના પાડી હતી. વિષ્ણુના દબાણના કારણે માતા અને પ્રેમિકા બંને પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા જઈ રહી હતી તે દરમિયાન આરોપી વિષ્ણુભાઈ પર રસ્તા વચ્ચે આવી ગયો અને બળજબરી કરવા લાગ્યો હતો. પ્રેમિકાએ તેની સાથે જવાની ના પાડી દીધી હતી. ઉશ્કેરાયેલા વિષ્ણુએ આખરે પ્રેમિકા ઉપર તેની માતાની સામે જ જાહેર રસ્તા ઉપર ચપ્પુ વડે ગળાના ભાગે ઘા ઝીંકી દીધા હતા અને ત્યાંથી નાસી ગયો હતો. આરોપી વિષ્ણુએ પ્રેમિકા પર ડાબા હાથે અને ગળાના ભાગે કુલ ત્રણ જેટલા ઘા મારતા તેને ગંભીર ઈજાઓ થઈ હતી. જેથી તેને નવી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા અને પોતાની મોપેડ લઈને આરોપી ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર મામલે ખટોદરા પોલીસે તપાસ હાથ ધરી હતી .પોલીસે આ મામલે ગણતરીના કલાકોમાં જ આરોપીને કિંમથી ઝડપી પાડી જેલ ભેગો કર્યો હતો.

## અમદાવાદમાં કોન્સ્ટેબલ 3 લાખની લાંચ લેતા ઝડપાયો

**અમદાવાદ**

ગુજરાત લાંચ અને રૂશ્વત બ્યુરોએ સાયબર ક્રાઈમ બ્રાંચના પોલીસ કોન્સ્ટેબલ હરદીપસિહ ધર્મેન્દ્રસિહ પરમાને કેમ્પ હનુમાન ટેલીફોન એક્ષચેંજ બસસ્ટેન્ડ પાછળ, શાહીબાગ ખાતેથી રંગે હાથે 3 લાખની લાંચ લેતા ઝડપી લીધો હતો. ફરીયાદી વિરુધ્ધ સાયબર ક્રાઈમમાં અરજી થઈ હતી. જમાં એફ.આઈ.આર. નહી કરવા અને ફરીયાદીનુ ફેડરલ બેંકનું ફ્રીજ થયેલ ખાતુ ખોલવા 10 લાખ મંગાયા હતા. જે બાદ હરદીપસિહ ધર્મેન્દ્રસિહ પરમારે ફરીયાદી પાસે રૂ.10,00,000/-(દસ લાખ)ની લાંચની માંગણી કરી ટુકડે-ટુકડે રૂ. 7,00,000/- લઈ લીધા હતા. બાકીના રૂ.3,00,000/-(ત્રણ લાખ) ફરિયાદી આપવા માંગતો ન હતો. તેથી તેણે એસીબીનો સંપર્ક કર્યો હતો.

# લોથલમાં પ્રોજેક્ટની તૈયારી : મેરીટાઈમ મ્યુઝિયમ બનશે

## લોથલમાં 4,500 કરોડના ખર્ચે સાકાર થનારા પ્રોજેક્ટમાં 12 રાજ્યના ઈતિહાસની ઝાંખી કારાવાશે

**કેવડિયા**

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા રસાયણ અને ખાતર મંત્રી ડૉ. મનસુખ માંડવિયા લોથલ ખાતે બનનારા નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્ષ પ્રોજેક્ટની સમીક્ષા કરી હતી. હેરીટેજ સાઈટ લોથલ ખાતે નિર્માણ પામનાર નેશનલ મેરીટાઈમ હેરીટેજ કોમ્પ્લેક્ષનું સ્થળ નિરીક્ષણ કરી ત્યારબાદ અધિકારીઓ સાથે નેશનલ મેરીટાઈમ હેરીટેજ કોમ્પ્લેક્સ ખાતે થયેલા કાર્યની સમીક્ષા બેઠક કરી હતી. લોથલ ખાતે વિશ્વનું સૌથી મોટું મેરીટાઈમ મ્યુઝિયમ નિર્માણ પામશે. ગુજરાતીઓને આગામી સમયમાં વિશ્વના સૌથી મોટા મેરીટાઈમ મ્યુઝિયમની ભેટ મળશે. લોથલ ખાતે વિશ્વનું સૌથી ઊંચું લાઈટ હાઉસ અને અંડર વોટર મારું મ્યુઝિયમનો 4500 કરોડનો પ્રોજેક્ટ નિર્માણ પામી રહ્યો છે. જે માત્ર ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર દરિયાઈ વારસાને જ નહિ પરંતુ દેશના મજબૂત દરિયાઈ ઈતિહાસ અને જીવંત દરિયાકાંઠાની પરંપરાને પણ પ્રદર્શિત કરશે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવીયાએ કહ્યું કે, લોથલમાં ૪,૫૦૦ કરોડના ખર્ચે નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પલેક્સ બનશે. આખો પ્રોજેક્ટ ભારતનો 5000 વર્ષ જૂનો ઈતિહાસ બતાવશે. દુનિયાને મેરીટાઈમનો ઈતિહાસ જાણવામાં મદદ કરશે, 5000 વર્ષ પહેલાં ભારતમાં સમુદ્રી વેપાર કેવો થતો હતો તે બતાવશે. 5000 વર્ષ જૂનું લોથલ ઉભુ કરાશે,

સમુદ્ર સાથે જોડાયેલા ભારતના 12 રાજ્યોનો અલગ અલગ ઈતિહાસ છે. એ તમામ ઈતિહાસને અહીં દર્શાવવામાં આવશે. તમામ કૉસ્ટલ રાજ્યો તરફથી ગેલેરી બનાવાશે. નેવી અને એરફોર્સની ગેલેરી બનશે. દુનિયાનું સૌથી ઊંચું 77 મીટર લાંબુ લાઈટ હાઉસ બનશે. જે અહીંથી ૮૦ કિમી દૂર અમદાવાદ સુધી પ્રકાશ પાડશે. **Statue of unity** પછી ગુજરાતમાં બીજી સૌથી મોટી ટુરિસ્ટ સ્પોટ બની રહેશે.

# પાતાલકોટ એક્સપ્રેસના બે કોચમાં લાગી આગ, 11 દાઝ્યા

## 11 લોકો ગંભીર રીતે દાઝી જતાં હોસ્પિટલમાં રિફર કરાયા, ટ્રેન પંજાબના ફરીદકોટથી મધ્યપ્રદેશના સિયોની જતી હતી ત્યારે ઘટના બની

**ચંડીગઢ**

પંજાબના ફરીદકોટથી મધ્યપ્રદેશના સિયોની જતી પાતાલકોટ એક્સપ્રેસ ટ્રેન ભયંકર આગની લપેટમાં આવી ગઈ હતી. આગ ત્યારે લાગી હતી જ્યારે આ ટ્રેન યાત્રીઓથી ભરેલી સ્થિતિમાં ચાલી રહી હતી. આગરાથી 10 કિ.મી. દૂર ભાંડઈ સ્ટેશન નજીક આ આગાની ઘટના બની હતી. જોકે હજુ સુધી આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી. યાત્રીઓમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ દુર્ઘટનામાં 11 લોકો આગની લપેટમાં આવી ગયા હતા. જોકે સદભાગ્યે તેમના જીવ બચી ગયા હતા. ઘાયલોને હોસ્પિટલ રિફર કરાયા હતા. સ્થાનિકોએ આગ ઓલવવા પ્રયાસ કર્યો હતો. લગભગ 3 કલાકની મહામહેનતે આગ પર કાબૂ મેળવાયો હતો.

જોકે આ દુર્ઘટના એક મોટી હોનારતમાં ફેરવાઈ જાય તે પહેલાં દેવદૂત બનીને આવનાર બીજી કોઈ નહીં પણ રેલવે ગેટમેન જ હતો. અહેવાલ અનુસાર યશપાલ સિંહ નામના ગેટમેને ટ્રેનમાં આગ લાગી હોવાની જાણકારી તાત્કાલિક સ્ટેશન માસ્ટરને આપી હતી. સ્ટેશન માસ્ટરે એલર્ટનેસ બતાવતા ટ્રેનના બંને ડબાનો વીજ સપ્લાય બંધ કરી દીધો. પછી બંને કોચને ટ્રેનથી અલગ કરી દેવાયા. જો ગેટમેને આ જાણકારી ન આપી હોત તો કદાચ મોટી હોનારત સર્જાઈ હોત. માહિતી અનુસાર આ દુર્ઘટના સમયે ટ્રેનના બે એ ડબામાં 150થી વધુ મુસાફરો સવાર હતા. આગરા રેલવે ડિવિઝનના પીઆરઓ શ્રીવાસ્તવે કહ્યું કે આગ લાગવાનું કારણ હજી જાણી શકાયું નથી. તપાસ ચાલી રહી છે.



## જમ્મુમાં ઘૂષણખોરીનો પ્રયાસ કરનાર પાંચ આતંકીઓને સૈન્યએ ઠાર કર્યા

**જમ્મુ**

પાકિસ્તાને ગુરુવારે જમ્મુના અરનિયા સેક્ટરમાં ફરીથી યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું. સરહદ પર તૈનાત BSF અને પાકિસ્તાનના રેન્જર્સ વચ્ચે ગોળીબાર ચાલુ કર્યો હતો. પાકિસ્તાનની આ કાર્યવાહીને કારણે બજારો બંધ થઈ ગયા છે. સ્થાનિક લોકો સુરક્ષિત સ્થળોએ જતા રહ્યા છે. પાકિસ્તાને એવા સમયે યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું છે જ્યારે ગુરુવારે સુરક્ષા દળોએ ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા પાંચ આતંકવાદીઓને ઠાર માર્યા હતા.

જમ્મુ અને કાશ્મીરના ડીજીપી દિલબાગ સિંહે કહ્યું હતું કે, પાકિસ્તાની સેનાની મદદથી એલઓસી પર પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથો દ્વારા 16 લોન્ચ પેડ્સને ફરીથી સક્રિય કરવામાં આવ્યા છે. જ્યાંથી આતંકવાદીઓ ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરે છે. BSFએ જણાવ્યું કે, પાકિસ્તાની સૈનિકોએ રાત્રે લગભગ 8 વાગ્યે ગોળીબાર શરૂ કર્યો. BSFએ કહ્યું, ફાયરિંગ હજુ પણ ચાલુ છે. તેમણે કહ્યું કે બીએસએફના જવાનોએ ઉશ્કેરણી વગરના ગોળીબારનો જડબાતોડ જવાબ આપ્યો હતો. પાકિસ્તાન રેન્જર્સે જમ્મુના અરનિયા સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય બોર્ડર પાસે સ્થિત ભારતીય ચોકીઓ પર ઉશ્કેરણી વિના ગોળીબાર કર્યો હતો.

## યુપીમાં ટ્રક-કાર વચ્ચે અકસ્માત: કારમાં આગ લાગતાં ભાજપ અધ્યક્ષનું સળગી જવાથી મોત

**મુરાદાબાદ**

ઉત્તરપ્રદેશના ભાજપ નેતા સરિતા સિંહનું કાર-ટ્રક અકસ્માત સળગી જતા મોત નિપજ્યું છે. અમરોહાના નૌગાંવા સાદાત વિસ્તારમાં સોમવારે મોડી રાત્રે ટ્રક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સરિતા સિંહ કારમાં એકલા હતા અને તેઓ નૂરપુરથી મુરાદાબાદ તેમના ઘરે જઈ રહ્યા હતા. ત્યારે ઝડપી ગતિએ આવી રહેલા ટ્રકે તેમની કારને ધડાકાભેર ટક્કર મારતા કારમાં આગ લાગી અને તેઓ કારમાં જીવતા સળગી જવાની દુઃખદ ઘટના બની છે.

મળતા અહેવાલો મુજબ સરિતા સિંહ અમરોહા જનપદના નૌગાવા સાદાત પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા કુમખીયા ચોકી પાસે બિઝનૌર જિલ્લાના ચંદ્રનગર મંડળના BJP અધ્યક્ષ હતા. તેઓ સોમવારે મોડી રાત્રે નૂરપુરથી મુરાદાબાદ એકલા તેમના ઘરે આવી રહ્યા હતા. આ દરમિયાન કુમખીયા પોલીસ સ્ટેશન પાસે સામેથી ધસમસતા આવી રહેલા ટ્રકે સરિતા સિંહની કારને ધડાકાભેર ટક્કર મારતા તેમની કારમાં આગ લાગી હતી. સરિતા સિંહ કારમાં જ ફસાઈ જતા તેમનું સળગી જતા મોત નિપજ્યું છે.





## ઝાંસીમાં મૂર્તિના વિસર્જન વખતે ગાડીએ અનેક લોકોને કચડ્યા, મહિલા-બાળકોને ગંભીર ઈજા

**ઝાંસી**

દેશભરમાં નવરાત્રીના તહેવારની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. દરેક જગ્યાએ પંડાલોમાં દેવી માતાને વિવિધ રૂપોમાં શણગારવામાં આવ્યા હતા. દશેરાના દિવસે માતાના લગભગ તમામ સ્વરૂપોને નદી, તળાવ અને કૂંડોમાં વિસર્જિત કરવામાં આવે છે. આ દરમિયાન દરેક દેવી વિસર્જનમાં ક્યાંક સેંકડો તો ક્યાંક હજારો લોકો સામેલ થાય છે. ઝાંસીમાં પણ મૂર્તિ વિસર્જનનો કાર્યક્રમ ખૂબ જ ધૂમધામથી ચાલી રહ્યો હતો. ઝાંસીના પૂંછ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભૂમિયા બાબા મહારાજના સ્થાન પર બિરાજમાન દુર્ગા માને દશેરાના દિવસે વિસર્જન માટે લઈ જવામાં આવી રહ્યા હતા. દુર્ગા માતાની પ્રતિમાને જ્યારે એરચની બેટબા નદીના ઘાટ પર લઈ જવામાં આવી રહ્યા હતા ત્યારે જ જૂલુસમાં સામેલ ડીજે ભીડ પર આવી પડ્યું.

જ્યારે માતા દુર્ગાને વિસર્જન માટે લઈ જવામાં આવી રહ્યા હતી ત્યારે જ રસ્તામાં દરેક લોકો ડીજેના તેજ મ્યૂઝિક પર નાચી રહ્યા હતા, પરંતુ અચાનક ડીજેની કાર થોભી ગઈ અને પછી તે અચાનક તેજ રફતારથી બેક થઈ ગઈ. ડ્રાઈવર વાહન પર કાબુ મેળવે તે પહેલા જ પાછળથી ચાલી રહેલા બાળકો, યુવાનો, મહિલાઓ અને વૃદ્ધોને વાહને ટક્કર મારી દીધી હતી. આ અકસ્માતમાં અનેક લોકો ઘાયલ થયા છે. તમામ ઘાયલોને તાત્કાલિક નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સદનસીબે આ અકસ્માતમાં દરેકને નાની-મોટી ઈજાઓ જ થઈ હતી અને કોઈને ગંભીર ઈજા નથી થઈ.

## દેશની શાળાઓમાં 'ઇન્ડિયા'ને બદલે 'ભારત'ને પ્રાધાન્ય આપવા ભલામણ

### NCERTના અભ્યાસક્રમોમાં ધરખમ ફેરફારોની તૈયારી

**નવી દિલ્હી**

આગામી દિવસોમાં દેશભરની સ્કૂલોના વિદ્યાર્થીઓને દેશના નામ તરીકે ઈન્ડિયાના સ્થાને ભારત ભણાવવામાં આવી શકે છે. એનસીઈઆરટીની પેનલે પાઠયપુસ્તકોમાં ઈન્ડિયાના સ્થાને ભારત શબ્દનો પ્રયોગ કરવાની ભલામણ કરી છે. આ સાથે જ ઈતિહાસના પાઠ ભણાવવામાં આવે ત્યારે હિન્દુઓને પ્રાધાન્ય આપવામાં આવે તેવી પણ ભલામણ કરવામાં આવી છે. આ ભલામણ પેનલે એનસીઈઆરટીને કરી છે. જે અંગે ટુંક સમયમાં અંતિમ નિર્ણય લેવામાં આવી શકે છે. જો એનસીઈઆરટીના અભ્યાસક્રમોમાં ઈન્ડિયાના સ્થાને ભારત શબ્દને જ પ્રાધાન્ય આપવામાં આવે તો સમગ્ર દેશની સ્કૂલોમાં વિદ્યાર્થીઓ માત્ર ભારત શબ્દને જ ભણી શકશે. આ ભલામણ અંગે જ્યારે એનસીઈઆરટી એટલે કે નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગના ચેરમેન દિનેશ સકલાનીને પૂછવામાં આવ્યું તો તેમણે જણાવ્યુ હતું કે પેનલ દ્વારા જે ભલામણો કરવામાં આવી છે તે અંગે અંતિમ નિર્ણય લેવામાં નથી આવ્યો.

## સાયબર ફ્રોડ રોકવા માટે સ્વદેશી યોજના બનાવાશે

**નવી દિલ્હી**

તાજેતરના સમયમાં, દેશની સરકારી એજન્સીઓ એ5Gના ઉપયોગને લઈને ઘણા પડકારોનો સામનો કરવો પડયો છે. જેમ કે, તેની સ્પીડ એક રીતે વરદાન છે, તો બીજી તરફ સુરક્ષા એજન્સીઓ માટે પણ મોટી સમસ્યા છે. જ્યારે આ સ્પીડનો દુરુપયોગ થાય છે ત્યારે આ સમસ્યા વધી જાય છે. સુરક્ષા એજન્સીઓના આ પડકારોનો સામનો કરવા માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા વિમર્શ ૨૦૨૩નું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં આવા સાયબર ગુનાઓ સામે લડવા માટે દેશી રણનીતિ તૈયાર કરવામાં આવશે. બ્યુરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટના મહાનિર્દેશક બાલાજી શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે BPR&Dને ગૃહ મંત્રાલયમાં ઉપયોગ માટે કેન્દ્રના શ્રેષ્ઠતા તરીકે નિયુક્ત કરવામાં આવ્યું છે.

## 86 લાખથી વધુ ખેડૂતો, 182 ગામોને થશે લાભ, PM મોદી શરૂ કરશે યોજના

**મુંબઈ**

પીએમ મોદી આજે મહારાષ્ટ્ર અને ગોવાની મુલાકાત લેશે. દરિયાકાંઠાના રાજ્ય ગોવામાં 37મી નેશનલ ગેમ્સના ઉદ્ઘાટન સહિત અનેક કાર્યક્રમોમાં ભાગ લેશે. PM મોદી ગોવાની મુલાકાત પહેલા મહારાષ્ટ્રના 86 લાખથી વધુ ખેડૂતોને લાભ પહોંચાડવાના હેતુથી એક યોજના શરૂ કરશે અને રૂ. 7,500 કરોડથી વધુના પ્રોજેક્ટ્સ લોન્ચ કરશે.

PM મોદી શિરડીમાં સાંઈબાબા મંદિરની મુલાકાત લેશે. એક સત્તાવાર નિવેદન અનુસાર, PM મોદી મહારાષ્ટ્રના શિરડીમાં શ્રી સાંઈબાબા મંદિરમાં પ્રાર્થના કરીને તેમના પ્રવાસની શરૂઆત કરશે અને તેના નવા "દર્શન કતાર પરિસર" નું ઉદ્ઘાટન કરશે.

પીએમ મોદી નીલવંડે ડેમનું "જળ પૂજન"કરીને ડેમની નહેર નેટવર્ક દેશને સમર્પિત કરશે. ત્યારબાદ આરોગ્ય, રેલ, રસ્તા અને તેલ અને ગેસ જેવા ક્ષેત્રોમાં લગભગ રૂ. 7,500 કરોડની કિંમતની અનેક વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

## 22મી જાન્યુઆરીએ રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા : પીએમ મોદીને આમંત્રણ

**નવી દિલ્હી**

22મી જાન્યુઆરી 2024ના રોજ અયોધ્યામાં રામલલાની પ્રાણપ્રતિષ્ઠા થશે. શ્રીરામ જન્મભૂમિ ટ્રસ્ટના ચંપતરાયે આ જાણકારી આપી. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામેલ થશે. તેના માટે પીએમ મોદીને આમંત્રણ આપવામાં આવ્યું છે. વડાપ્રધાન મોદીએ પણ તેને લઈને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે. તેમણે જણાવ્યું હતું કે શ્રીરામ જન્મભૂમિ તીર્થક્ષેત્રના હોદેદારો તેમને મળવા આવ્યા હતા અને રામલલાની પ્રાણપ્રતિષ્ઠાને લઈને તેમને અયોધ્યા આવવાનું આમંત્રણ આપ્યું. પીએમ મોદીએ જણાવ્યું હતું કે તેમનું સૌભાગ્ય છે કે તેઓ આ ઐતિહાસિક પ્રસંગના સાક્ષી બનશે.

# ઈઝરાયેલે 400 બોમ્બ ફેંક્યા, હવાઈ હુમલામાં 700ના મોત

## હુમલા બાદ ગાઝામાં જન-જીવન ખોરવાયું, ઇઝરાયલી વાયુસેનાનો હવાઇ હુમલો કરતાં આઠ સીરિયન સૈનિકોના મોત

**જેરૂસલેમ**

અમેરિકન બે નાગરિકોને મુક્ત કર્યા બાદ હમાસે સોમવારે બે ઈઝરાયેલી બંધકોને મુક્ત કર્યા છે. ત્યાર બાદ પણ ઈઝરાયેલે ગાઝામાં ઝડપી હવાઈ હુમલો કર્યો હતો. માત્ર 24 કલાકમાં ઈઝરાયેલે ગાઝામાં 700 પેલેસ્ટાઈનીઓને મારી નાખ્યા હતા. આ ડેટા પેલેસ્ટાઈનના સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કર્યો છે. તમને જણાવી દઈએ કે છેલ્લા 24 કલાકમાં ઈઝરાયલે ગાઝામાં હમાસની 400 જગ્યાઓને નિશાન બનાવી હતી.



ઈઝરાયેલી સેનાના આ હુમલાઓમાં ગાઝામાં 704 લોકો માર્યા ગયા હતા. ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા બોમ્બ ધડાકામાં એક જ દિવસમાં મૃત્યુનો આ સૌથી વધુ આંકડો છે. ઈઝરાયેલના હુમલાને કારણે ગાઝામાં આરોગ્ય સુવિધાઓને ખરાબ અસર થઈ છે. વીજળીના અભાવે ઘણી હોસ્પિટલો બંધ કરવાની ફરજ પડી છે.

આના એક દિવસ પહેલા ઈઝરાયેલે હમાસના સ્થાનોને નિશાન બનાવીને 320 હવાઈ હુમલા કર્યા હતા. હમાસ દ્વારા જાહેર કરાયેલા બે ઈઝરાયેલના નામ નુરીટ કૂપર અને યોચેવેડ લિફશિટ્ઝ છે. કૂપર લગભગ 79 વર્ષનો છે જ્યારે લિફશિટ્ઝ 85 વર્ષનો છે. 7 ઓક્ટોબરે થયેલા આ યુદ્ધમાં હમાસના લડવૈયાઓએ આ બે વૃદ્ધોનું તેમના ઘરેથી અપહરણ કરી લીધું હતું. ત્યાર બાદ હમાસના લડવૈયાઓ તેને ત્યાંથી ગાઝા લઈ ગયા હતા.

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલ યુદ્ધ વધુ ભડક્યું છે. હવે ઈઝરાયેલની વાયુસેનાએ સીરિયાના સૈન્ય મથક પર હવાઈ હુમલો કર્યો છે જેમાં 8 સીરિયન સૈનિકો માર્યા ગયા છે. આ હુમલામાં સીરિયાના 7 સૈનિકો પણ ઘાયલ થયા છે. સીરિયાના મીડિયાએ આ વાતની પુષ્ટિ કરી છે.

ઈઝરાયેલની ૧૩ છોકરીઓની એક સૈન્ય ટૂકડીની ચર્ચા થઈ રહી છે. આ ટૂકડીએ ૧૦૦થી વધારે હમાસના ખૂંખાર આતંકીઓને ઠાર મારીને કિબુટ્ઝ શહેરનો કબજો પરત લીધો છે. અગાઉ હમાસે અમેરિકન માતા-પુત્રીને મુક્ત કર્યા હતા. હમાસે 200થી વધુ લોકોને બંધક બનાવ્યા છે. જેમાંથી તેણે અત્યાર સુધીમાં કુલ ચાર બંધકોને મુક્ત કર્યા છે જેમાંથી બે ઈઝરાયેલ અને બે અમેરિકન નાગરિક છે.

# કતારમાં ભારતીય નેવીના આઠ પૂર્વ અધિકારીને ફાંસીની સજા

**દોહા**

આરબ દેશ કતારની કોર્ટે 8 નેવીના પૂર્વ અધિકારીઓને ફાંસીની સજા સંભળાવી છે. આ મામલામાં ભારતીય વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે આ નિર્ણયથી અમે આશ્ચર્યચકિત છીએ અને વિગતવાર નિર્ણયની રાહ જોઈ રહ્યા છીએ.

કતારમાં ભારતીય નેવીના 8 પૂર્વ અધિકારીઓની જાસૂસીના આરોપમાં ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ધરપકડ કરવામાં આવી હતી. આ તમામ અધિકારીઓ ભારતીય નેવીમાં અલગ-અલગ પોસ્ટ પર કામ કરી ચૂક્યા છે. તેના પર ઈઝરાયેલ માટે જાસૂસી કરવાનો આરોપ છે. આ મામલે વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે અમે પરિવારના સભ્યો અને કાનૂની ટીમના સંપર્કમાં છીએ અને તમામ કાયદાકીય વિકલ્પો શોધી રહ્યા છીએ. આ ઉપરાંત જણાવ્યું હતું કે આ બાબત ખુબ જ ગંભીર હોવાથી અમે તેના પર સતત નજર રાખી રહ્યા છીએ.

જે નેવી અધિકારીઓની ધરપકડ કરવામાં આવી હતી તેમાં કેપ્ટન નવતેજ સિંહ ગિલ, કેપ્ટન બિરેન્દ્ર કુમાર વર્મા, કેપ્ટન સૌરભ વશિષ્ઠ, કમાન્ડર અમિત નાગપાલ, કમાન્ડર પૂર્ણેન્દુ તિવારી, કમાન્ડર સુગુનાકર પાકલા, કમાન્ડર સંજીવ ગુપ્તા અને નાવિક રાગેશનો સમાવેશ થાય છે.

# અમેરિકામાં ફરીવાર અંધાધૂંધ ગોળીબાર થતાં 24 લોકોના મોત, 12થી વધુ ઘાયલ

**વોશિંગ્ટન**

અમેરિકામાં ગોળીબારની ઘટનાઓમાં ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા નથી. લેવિસ્ટન, મેઈનથી તાજેતરનો મામલો સામે આવ્યો છે, જેમાં એક વ્યક્તિ દ્વારા કરવામાં આવેલા અંધાધૂંધ ગોળીબારમાં ઓછામાં ઓછા ૨૪ લોકો માર્યા ગયા છે, જ્યારે 12થી વધુ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. ઘાયલોમાં કેટલાકની હાલત નાજુક છે. પોલીસના જણાવ્યા અનુસાર એક શૂટરે બુધવારે રાત્રે ફાયરિંગની આ ઘટનાને અંજામ આપ્યો હતો. એન્ડ્રોસ્કોગિન કાઉન્ટી શેરિફ ઓફિસે તેના ફેસબુક પેજ પર શંકાસ્પદ વ્યક્તિના બે ફોટા પ્રકાશિત કર્યા છે, જેમાં એક બંદૂકધારી તેના ખભા પર હથિયાર લટકાવીને સંસ્થામાં પ્રવેશી રહ્યો છે અને હાલમાં તે ફરાર છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં બંદૂકની હિંસા પર નજર રાખતી સંસ્થા ગન વાયોલન્સ આર્કાઈવના જણાવ્યા અનુસાર, આ વર્ષે અત્યાર સુધીમાં ૫૬૫મી




સામૂહિક ગોળીબાર છે. સૂચિમાં ઉમેરવા માટે, ગોળીબારના પરિણામે ચાર લોકો ઘાયલ થયા અથવા ગોળીથી માર્યા ગયા, હુમલાખોરની ગણતરી ન કરવી. ૨૦૨૩ માં દરરોજ લગભગ બે સામૂહિક ગોળીબાર થાય છે. સૌથી ભયંકર સામૂહિક ગોળીબાર મે મહિનામાં મોન્ટેરી પાર્ક, કેલિફોર્નિયા (૧૬ માર્યા ગયા) અને એલેનમાં થયો હતો.

# 1950 બાદ પહેલીવાર મેક્સિકોમાં સૌથી ભયાનક વાવાઝોડું 'ઓટિસ' ત્રાટક્યું, ચારેકોર વેર્યો વિનાશ

**મેક્સિકો સિટી**

પેસિફિક મહાસાગરના કિનારે સ્થિત મેક્સિકોમાં ગઈકાલે કુદરતનો કહેર જોવા મળ્યો હતો. મેક્સિકો કિનારે 'ઓટિસ' વાવાઝોડું 230 કિમી પ્રતિ કલાકની ઝડપે અથડાયું હતું. જોરદાર પવન અને વરસાદના લીધે દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે તારાજી સર્જાય હતી. આ વાવાઝોડાએ લોકોના ઘર, વાહનો, સ્ટ્રીટ લાઈટ, વૃક્ષો અને મોબાઈલ ટાવરને ભારે નુકશાન પહોંચાડ્યું હતું.

આ વાવાઝોડું ખૂબ શક્તિશાળી હોવાથી મેક્સિકોમાં ચારેકોર વિનાશ વેર્યો હતો. મેક્સીકન સરકારના જણાવ્યા પ્રમાણે વર્ષ 1950 પછીનું આ સૌથી ભયંકર વાવાઝોડું સાબિત થયું છે. તેણે તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. સતાધીશો દ્વારા એવું પણ કહેવામાં આવ્યું કે, આ વાવાઝોડું એટલું ખતરનાક



હતું તેનાથી બચવા માટે તૈયારી કરવાનો પણ સમય મળ્યો ન હતો કારણ કે ચક્રવાત તેના ઉદ્ભવના 12 કલાકની અંદર દરિયાકાંઠેના વિસ્તારમાં અથડાયું હતું. મેક્સિકોની સિવિલ ઓથોરિટીના જણાવ્યા અનુસાર, હજુ સુધી લોકોને કેટલું નુકસાન થયું તે અંગે કોઈ આંકડો સામે આવ્યો નથી.

# USમાં બે ભારતીય વૈજ્ઞાનિકોને મળ્યું સર્વોચ્ચ વૈજ્ઞાનિક સન્માન

## બે ભારતીય-અમેરિકન વૈજ્ઞાનિક અશોક ગાડગીલ અને સુબ્રા સુરેશને મેડલ ઓફ સાયન્સ એનાયત થયો

**વોશિંગ્ટન**

અમેરિકાના વ્હાઈટ હાઈસ ખાતે બે ભારતીય અમેરિકન વૈજ્ઞાનિકોને રાષ્ટ્રપતિ જો બાયડેન દ્વારા નેશનલ ટેક્નોલોજી એન્ડ ઈનોવેશન મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. નેશનલ મેડલ ઓફ સાયન્સ એ રાષ્ટ્રનું સર્વોચ્ચ વૈજ્ઞાનિક સન્માન છે.

અમેરિકિ રાષ્ટ્રપતિ જો બાયડેને ગઈકાલે વ્હાઈટ હાઉસમાં બે ભારતીય અમેરિકન વૈજ્ઞાનિક અશોક ગાડગીલ અને સુબ્રા સુરેશને નેશનલ મેડલ ઓફ ટેકનોલોજી એન્ડ ઈનોવેશન અને નેશનલ મેડલ ઓફ સાયન્સ એનાયત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે આ વૈજ્ઞાનિકોએ જીવનરક્ષક તબીબી સારવારને સક્ષમ કરવા, એપીયોઈડ રોગચાળા સામે લડવામાં મદદ કરવા અને ખાદ્ય સુરક્ષામાં સુધારો કરવા વગેરે સહિત ઘણી શોધ કરી છે. નેશનલ મેડલ ઓફ સાયન્સ એ રાષ્ટ્રનું સર્વોચ્ચ વૈજ્ઞાનિક સન્માન છે.

# અફઘાનિસ્તાનમાં મધ્યરાત્રિ દરમિયાન 4.3ની તીવ્રતાનો ભૂકંપ, લોકોમાં ભયનો માહોલ

**કાબુલ**

ચાલુ મહિને જાણે અફઘાનિસ્તાનથી જાણે કુદરત નારાજ હોય તેમ એક પછી એક અનેકવાર ભૂંકપ આવી ચૂક્યા છે. તાજેતરની માહિતી અનુસાર મધ્યરાત્રિ દરમિયાન અફઘાનિસ્તાનમાં ફરી ભૂકંપના આંચકા અનુભવાયા છે. જોકે તેની તીવ્રતા 4.3 મપાઈ હતી. લોકોમાં ફરી ભયનો માહોલ ફેલાયો છે. ઓક્ટોબરની શરૂઆતમાં જ અફઘાનિસ્તાનમાં એક પછી એક આવેલા અનેક ભૂકંપના આંચકાને પગલે મોટી જાનહાનિ થઈ હતી અને આશરે 4000થી વધુ લોકોએ જીવ ગુમાવી દીધા હતા. આ દરમિયાન લાખોની સંખ્યામાં લોકો બેઘર પણ થઈ ગયા હતા. આખે આખા શહેર કાટમાળમાં ફેરવાઈ ગયા હતા.

# અમેરિકાનાં 42 રાજ્યોમાં ફેસબુક-ઇન્સ્ટાગ્રામના માલિકો વિરુદ્ધ કેસ

**વોશીગ્ટન**

નફા માટે બાળકો અને યુવાનોને વ્યસની બનાવે, માનસિક આરોગ્ય કથળી પડે એવી રણનીતિ અપનાવવા માટે અમેરિકાના ૫૦માંથી ૪૨ રાજ્યોએ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવી સોશિયલ મીડિયા સાઈટ્સ અને મોબાઈલ એપ્લીકેશનના માલિક મેટા ઉપર કેસ દાખલ કર્યો છે. કેલીફોર્નીયા અને ન્યૂ યોર્કે દાખલ કરેલા કેસ અનુસાર આ બન્ને સોશિયલ મીડિયા પ્લેટફોર્મના કારણે બાળકોમાં ડીપ્રેશન, એન્ગઝાઈટી, ઈન્સોમ્નીયા અને દૈનિક જીવનચર્યામાં વિક્ષેપ ઉભો થાય તેવી સ્થિતિ માટે જવાબદાર



ગણવામાં આવ્યા છે. મેટાને ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ ઉપર આ પ્રકારની વિશેષતાઓ જાણી જોઈને ઉમેરી છે તેમજ અમેરિકાના કાયદાઓની વિરુદ્ધ, વાલીઓની પૂર્વ મંજૂરી વગર આ કંપની ૧૩ વર્ષથી ઓછી ઉમરના બાળકોનો ડેટા એકત્ર કરી રહી છે એમ પણ કેલીફોર્નીયાની કોર્ટમાં દાખલ થયેલી અરજીમાં જણાવવામાં આવ્યું છે.

# શ્રીલંકામાં ભારત તેમજ અન્ય 6 દેશના પ્રવાસીઓને વિઝા ફી મુક્ત પ્રવેશ અપાશે

**નવી દિલ્હી**

શ્રીલંકાની સરકારે ભારત તેમજ અન્ય 6 દેશોનાં પ્રવાસીઓને વિઝા ફીમુક્ત પ્રવેશ આપવાનો નિર્ણય લીધો છે. ભારત, ચીન, રશિયા, મલેશિયા, જાપાન, ઈન્ડોનેશિયા તેમજ થાઈલેન્ડથી શ્રીલંકા ફરવા માટે આવતા પ્રવાસીઓને કોઈપણ ફી વિના ટૂરિસ્ટ વિઝા આપવામાં આવશે તેમ શ્રીલંકાનાં વિદેશ પ્રધાન અલી સાબરીએ જણાવ્યું હતું. જંગી દેવામાં સપડાયેલા શ્રીલંકામાં ટૂરિઝમ વિકસાવવા આ પગલું લેવામાં આવ્યું છે. વિઝા ફીમુક્ત પ્રવેશની આ નીતિ તત્કાળ અમલમાં આવે છે જે 31 માર્ચ 2024 સુધી પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમલમાં મુકાશે.

# GSSMના સભ્યો દ્વારા પેન્સિલવેનિયામાં મંદિર અને ક્રિસ્ટલ ગુફાની મુલાકાત લેવાઈ

**મિસાસાગા**

ગુજરાતી સિનિયર સમાજ ઓફ મિસિસોગા દ્વારા વ્રજ સફરનું આયોજન પ્રમુખ કલાબેન પટેલ અને મધુભાઈ ગજરીયા અને મુકેશ ભાઈ ગજરીયાના સહયોગથી કરવામાં આવ્યું હતું વ્રજ ટ્રીપ વહેલી સવારે 8.00 વાગ્યે 52 સભ્યો સાઠે 1275 મિસીસાગા વેલી બુલેવાર્ડ, મિસીસાગાથી શરુ થઈ હતી. બસમાં તમામ સભ્યોએ ભજનો અને દિવ્ય ભગવાન શ્રી કૃષ્ણના ગીતો ગાયા બાદ અંતાક્ષરીની મજા માણી હતી. વ્રજ પહોંચ્યા બાદ સૌએ શ્રી વલ્લભધિશ કી જય શ્રી ગિરિરાજ ધરણ કી જય બોલાવી હતી. બીજા દિવસે સૌએ યમુનાજી આરતી પછી વહેલી સવારે બીએપીએસ મંદિર તરફ પ્રયાણ કર્યું હતુ. મંદિરની મુલાકાત કર્યા બાદ સૌ પેન્સિલવેનિયાની ક્રિસ્ટલ ગુફામાં પહોંચ્યા હતા. ગુફામાં દીવાલો અને છત પર સ્ફટિકોની અસંખ્ય રચનાઓ જોવા મળી હતી. ગુફાની મુલાકાત પછી સૌ વ્રજ પહોંચ્યા અને સુંદર-શાંતિપૂર્ણ વાતાવરણનો આનંદ માણ્યો હતો. હવેલી સંગીતના આધ્યાત્મિક અને સંગીતમય વાતાવરણમાં યમુનાજી આરતી અને શાયન દર્શન કર્યા પછી સૌએ રાત્રિભોજન કર્યું હતુ. પરત ફરતી વેળા સૌએ ગીતો અને ભજનો ગાયા હતા.




# 5 હોસ્પિટલો સાયબર એટેકથી પ્રભાવિત દર્દીની એપોઇન્ટમેન્ટ ફરી શેડ્યૂલ કરાશે

**ઓન્ટેરિયો**

હોસ્પિટલના આઈટી પ્રદાતાના જણાવ્યા અનુસાર સાયબર એટેકને પગલે દક્ષિણ-પશ્ચિમ ઓન્ટેરિયોની પાંચ હોસ્પિટલોમાં સોમવારે સવારથી દર્દીઓના રેકોર્ડ્સ અને ઈમેઈલ જેવી ઑનલાઈન સેવાઓ બંધ થઈ હતી. સંસ્થાની વેબસાઈટ અનુસાર, ટ્રાન્સફોર્મ એ વિન્ડસર પ્રાદેશિક હોસ્પિટલ, એરી શોર્સ હેલ્થકેર, હોટેલ-ડીયુ ગ્રેસ હેલ્થકેર, બ્લુવોટર હેલ્થ અને ચથમ-કેન્ટ હેલ્થ એલાયન્સ દ્વારા IT, સપ્લાય ચેઈન અને એકાઉન્ટ્સ ચલાવવા માટે સ્થાપિત સ્થાનિક બિન-લાભકારી સંસ્થા છે.

સોમવારે સાંજે એક સમાચાર પ્રકાશનમાં ટ્રાન્સફોર્મે જણાવ્યું હતું કે તેણે નિર્ધારિત કર્યું છે કે તેની સભ્ય હોસ્પિટલો પર સાયબર એટેક થયો છે. કમનસીબે, આ ઘટના હોસ્પિટલોની સંભાળની જોગવાઈને વિવિધ રીતે અસર કરી રહી છે. આગામી દિવસોમાં શિડ્યુલ્ડ કેર એપોઈન્ટમેન્ટ ધરાવતા દર્દીઓને ફરીથી શેડ્યૂલ કરવા અથવા વૈકલ્પિક વ્યવસ્થા કરવા માટે તેમની હોસ્પિટલ દ્વારા સંપર્ક કરવામાં આવશે. કંપની કહે છે કે તે ઘટનાના કારણ અને અવકાશની તપાસ કરી રહી છે.

# ટોરોન્ટો ખાતે ભાડા ખર્ચની વૃદ્ધિ વર્ષોના સૌથી નીચા દરે ધીમી પડી

**ઓન્ટેરિયો**

નવા Rentals.ca રિપોર્ટ અનુસાર ટોરોન્ટોમાં ભાડા ખર્ચનો વધતો દર ધીમો થવા લાગ્યો છે. એજન્સીના નેટવર્ક ઓફ ઈન્ટરનેટ લિસ્ટિંગ સર્વિસિસ (ILS) દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટા અનુસાર સપ્ટેમ્બરમાં ટોરોન્ટોમાં ભાડાના એકમ માટે સરેરાશ પૂછવામાં આવતા ભાવમાં વાર્ષિક ધોરણે માત્ર 2.3 ટકાનો વધારો થયો હતો. આ બે વર્ષમાં શહેરમાં ભાડાના ભાવમાં વૃદ્ધિનો સૌથી ધીમો દર દર્શાવે છે, એમ એજન્સીએ કહ્યું છે.

ગયા વર્ષે સપ્ટેમ્બરના ભાડાની કિંમતમાં 8.7 ટકાનો વધારો થયો હતો. સપ્ટેમ્બર દરમિયાન મોટાભાગના મોટા બજારોમાં ભાડામાં વધારો અપવાદરૂપે મજબૂત રહ્યો હતો, ત્યારે ટોરોન્ટોમાં ભાડા વૃદ્ધિનો વાર્ષિક દર નોંધપાત્ર રીતે ધીમો પડ્યો હતો. આ વલણ શહેરમાં ભાડાના ફુગાવાના લાંબા સમયથી વધતા દરથી ભાવિ રાહતનો સંકેત આપી શકે છે. જો રાહત નજીક જ હોય, તો પણ હજી સુધી મળી નથી. એક મહિના-દર-મહિનાના આધારે, ટોરોન્ટોમાં ભાડું મોટાભાગે યથાવત્ રહ્યું હતું. તમામ પ્રકારના ભાડા માટે ટોરોન્ટોના રહેવાસીઓ દર મહિને સરેરાશ $2,902 ચૂકવી રહ્યા છે, જે સપ્ટેમ્બર કરતાં 0.1 ટકાનો વધારો સૂચવે છે.

# મંદીના એંધાણ વચ્ચે તહેવારોની મોસમમાં કેનેડિયનો વધુ ખર્ચ કરશે નહીં : અહેવાલ

## વ્યાજના દરો, ફુગાવો અને હાઉસિંગની કિંમતોથી નાગરિકોને નાણાકીય મુશ્કેલી વધી

**ટોરોન્ટો**

હજુ હેલોવિનનો તહેવાર બાકી હોવાથી, કેનેડિયનો પહેલેથી જ કહી રહ્યા છે કે, આ તહેવારોની મોસમમાં ઓછો ખર્ચ કરવાની યોજના ઘડી રહ્યા છે. જ્યારે ઘણા લોકો વધતા વ્યાજના દરો, ફુગાવો અને હાઉસિંગની કિંમતોથી નાણાકીય મુશ્કેલી અનુભવી રહ્યા છે, ત્યારે ડેલોઈટ કેનેડાના નવા 2023 હોલિડે રિટેલ આઉટલુક સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે, રજાઓનો ખર્ચ પાંચ વર્ષની નીચી સપાટીએ પહોંચશે. માર્ટી વેઈનટ્રોબ, ડેલોઈટ ખાતેના ભાગીદાર અને કેનેડાના રાષ્ટ્રીય નેતાએ જણાવ્યું હતું કે, જો આપણે પાંચ વર્ષ પહેલાંના સમયગાળા પર નજર કરીએ તો આપણે છૂટક ખર્ચમાં તે સમય કરતાં લગભગ 20 ટકા નીચા સ્તરે છીએ અને તેથી જ અત્યારે તળિયે પહોંચી ગયા છીએ.

ઘણા લોકો વધતા ભાડા અને મોરગેજ ખર્ચ વિશે ચિંતિત છે અને જ્યારે તમે કરિયાણા અને ગેસોલિનના ભાવને ધ્યાનમાં લો છો, ત્યારે આસપાસ જવા માટે ઓછા પૈસા હોય છે તેથી જ ઘણા કેનેડિયનોએ કહ્યું કે તેમની આ વર્ષે તહેવારોમાં ઓછો ખર્ચ કરવાની યોજના છે. 2023 હોલિડે રિટેલ આઉટલુક અનુસાર કેનેડિયનોએ રજાઓ પર $1,347 ખર્ચવાની યોજના બનાવી છે, જે ગયા વર્ષ કરતાં 11 ટકા નીચે છે. સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે 67 ટકા કેનેડિયનોને ચિંતા છે કે ત્યાં મંદી આવી શકે છે, 55 ટકા લોકો ભાડા અને મોરગેજ વધારા અંગે ચિંતિત છે, અને 33 ટકા હોલિડે ગિફ્ટનાં ખર્ચ અંગે ચિંતિત છે.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels

Among TOP 75 Producers in Canada Award & Centurion Producer Awards Winner

35 Room Motel For Sale Asking $3.3 Millon (price reduced)
Located in Cochrane on Hwy 11 in northern Ontario, about 1 hour from Timmins &8 hours north of Toronto.
18 Room with full kitchennet. Year round business. Heated Garage for Snowmobilers. 6.5 Acres of Commercial Land right on Trans Canada Hwy 11.
Room Revenue: over $750,000 (Net sales - before taxes). Net Operating Income: over $500,000. Cap Rate: over 10%
All numbers of income & expenses are 100% provable.
Seller is retiring after sucessfully operating of 15 years. Great opportunity to invest in a profitable motel. Good for LMIA, WP etc.

Burrito Boyz For Sale Asking $375,000 Dundas St & Appleby Rd, Burlington
New Store- started in 2022. All chattles & eqipments are new and owned.
Current monthly sales: over $50,000 , Rent + TMI $5600/month, Lease 8 years remaining & 5 + 5 years option to renew. Royalty only 2%. About 1400 sq ft store. New residential projects & developmnet on Dundas & Appleby. Very busy area. Customer based set in 15 months & third party sales also growing. New buyer can definetly make good money with growing income month by month.

Small Motels For Sale
Northern Ontario, Call for info

Burrito Boyz SOLD
Plains Rd, Burlington

30 Room Motel
With Restaurant & Bar (on lease)
Near Ottawa- Asking $2.4M

Franchise Hotels For Sale
Coming up in Fall/Winter
1 to 4 Hrs From Toronto
Asking: $6M to $9M

Working Partner in Motels
Small to Mid size Motel in North
Min Investment $100K to $200K
% Partnership + Good Salary to Stay and Operate the Motel

Motel Jobs Available
Location: 6 hrs north of Toronto
On-site Manager/Front desk
Housekeepers/General work

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100



## ગ્લેન મેક્સવેલે રચ્યો મોટો ઈતિહાસ

ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ગ્લેન મેક્સવેલે મોટો ઈતિહાસ રચી દીધો છે. તેમણે વર્લ્ડ કપ ઈતિહાસની સૌથી ફાસ્ટ સદી ફટકારી દીધી છે. તેમણે 40 બોલમાં સદી બનાવી. છઠ્ઠા નંબર પર ઉતરેલા મેક્સવેલે 44 બોલમાં 9 ચોગ્ગા અને 8 છગ્ગા લગાવીને 106 રનની ઈનિંગ રમી. મેક્સવેલે સાઉથ આફ્રિકાના બેટ્સમેન એડેન માર્કરામનો રેકોર્ડ તોડ્યો છે, જેમણે 49 બોલમાં સદી ફટકારી છે.

# ઓસ્ટ્રેલિયાનો ઐતિહાસિક વિજય નેધરલેન્ડ્સને ૩૦૯ રનથી હરાવ્યું

નવી દિલ્હી : આઈસીસી વન-ડે વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયા નેધરલેન્ડ્સને ૩૦૯ રનથી કચડીને ઐતિહાસિક વિજય મેળવ્યો હતો. રનના માર્જિનથી ઓસ્ટ્રેલિયાનો વર્લ્ડ કપમાં બિગેસ્ટ વિજય રહ્યો છે. આ પહેલાં પણ રનના માર્જિનના આધારે ઓસ્ટ્રેલિયાએ જ સૌથી મોટા વિજયનો રેકોર્ડ નોંધાવ્યો હતો. ૨૦૧૫ના માર્ચમાં ઓસ્ટ્રેલિયાએ અફઘાનિસ્તાનને ૨૭૫ રનથી હરાવ્યું હતું. ત્યારબાદ બીજા ક્રમે ભારત છે જેણે ૨૦૦૭ના માર્ચમાં બરમૂડાને ૨૫૭ રનથી પરાજય આપ્યો હતો. જોકે વન-ડે ઈતિહાસમાં ઓસ્ટ્રેલિયા બિગેસ્ટ માર્જિનના વિજયમાં બીજા ક્રમે છે. ઓવરઓલ વન-ડે ક્રિકેટમાં સૌથી મોટો વિજય ભારતના નામે છે. વોર્નરે ૧૦૪, સ્મિથે ૭૧, લાબુશેને ૬૨ તથા મેક્સવેલે ૪૪ બોલમાં ૧૦૬ રનની ઈનિંગ રમી હતી. લોગાન વાન બીકે ૭૪ રનમાં ચાર વિકેટ હાંસલ કરી હતી. ટાર્ગેટને ચેઝ કરનાર નેધરલેન્ડ્સની ટીમ ૨૧ ઓવરમાં ૯૦ રનના સ્કોરે સમેટાઈ ગઈ હતી.

# ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડનો શ્રીલંકા સામે પરાજય: વર્લ્ડ કપમાંથી લગભગ બહાર

## હાર્દિકને સ્નાયુ ફાટી જવાની ઈજા, હજી ત્રણ મેચ ગુમાવશે



નવી દિલ્હી । ભારતીય ટીમનો ઉપસુકાની હાર્દિક પંડયા ગયા સપ્તાહે પૂણે ખાતે બાંગ્લાદેશ સામે વર્લ્ડ કપની મેચમાં ઈજા થયા બાદ લાંબા સમય માટે ક્રિકેટથી દૂર રહે તેવી સંભાવના છે. હાર્દિકને સ્નાયુઓ ખેંચાઈ જવા તથા સ્નાયુ ફાટી જવાની ઈજા થઈ છે. હાર્દિક ઈંગ્લેન્ડ, શ્રીલંકા તથા સાઉથ આફ્રિકા સામેની મેચ ગુમાવી શકે છે.

## અફઘાનિસ્તાન સામે પાક.ની શરમજનક હાર

ચેન્નાઈ: વર્લ્ડકપ-2023ની 22મી મેચમાં અફઘાનિસ્તાને પાકિસ્તાનને પછાડી મોટો અપસેટ સર્જ્યો છે. પાકિસ્તાનના 50 ઓવરમાં 7 વિકેટે 282 રનના જવાબમાં અફઘાનિસ્તાનની ટીમે 49 ઓવરમાં 2 વિકેટે 286 રન કરી ભવ્ય જીત મેળવી છે. અફઘાનિસ્તાન તરફથી ઓપનિંગમાં આવેલા રહેમાનુલ્લા ગુરબાઝ અને ઈબ્રાહિમ ઝદરાન તેમજ રહેમત શાહની ધમાકેદાર બેટીંગના કારણે વર્લ્ડકપમાં બીજી જીત મેળવી છે.


**બેંગ્લોર**

ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડને આઈસીસી વન-ડે વર્લ્ડ કપમાં વધુ એક શરમજનક પરાજયનો સામનો કરવો પડયો છે અને આ સાથે સેમિફાઈનલની રેસમાંથી તે લગભગ બહાર થઈ ચૂક્યું છે. શ્રીલંકાએ ઓલરાઉન્ડ દેખાવ કરીને ઈંગ્લેન્ડને આઠ વિકેટ હરાવી ટૂર્નામેન્ટમાં બીજો વિજય હાંસલ કર્યો હતો. ઈંગ્લેન્ડનો પાંચ મેચમાં આ ચોથો પરાજય થયો છે. પ્રથમ બેટિંગ કરનાર ઈંગ્લેન્ડની ટીમ ૧૫૬ રનમાં ઓલઆઉટ થઈ



ગઈ હતી. શ્રીલંકાએ ૨૬ ઓવરમાં ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો. શ્રીલંકા માટે ઓપનર નિશાન્કાએ ૮૩ બોલમાં ૭૭ તથા સમરાવિક્રમાએ ૫૪ બોલમાં ૬૫ રન બનાવવાની સાથે ત્રીજી વિકેટ માટે અણનમ ૧૩૭ રનની ભાગીદારી નોંધાવી હતી. ઈંગ્લેન્ડની ટીમ માટે બેન સ્ટોક્સે ૭૩ બોલમાં સર્વાધિક ૪૩ રન બનાવ્યા હતા. મેન ઓફ ધ મેચ બનેલા લાહિરુ કુમારાએ ૩૫ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. ઈંગ્લેન્ડ જોઈ રુટ (૩) અને આદિલ રશીદ (૨) રનઆઉટ થયા હતા. રાજિથાએ ૩૬ રનમાં બે તથા એન્જેલો મેથ્યુઝે ૧૪ રનમાં વિકેટ હાંસલ કરી હતી.

## જસપ્રીત બુમરાહ બન્યો 'ડોટ બોલ' કિંગ



નવી દિલ્હી । આઈસીસી વન-ડે વર્લ્ડ કપ હવે રોમાંચક તબક્કામાં પહોંચી ગયો છે. બેસ્ટ બોલર્સમાં ભારતીય ટીમનો પેસ બોલર જસપ્રીત બુમરાહ નંબર-૧ છે. બુમરાહ વર્લ્ડ કપમાં અત્યાર સુધી સર્વાધિક ૧૮૮ ડોટ બોલ નાખી ચૂક્યો છે. બીજા ક્રમે ન્યૂઝીલેન્ડનો પેસ બોલર ટ્રેન્ટ બાઉલ્ટ છે જેણે ૧૬૫ ડોટ બોલ નાખ્યા છે.

## રોહિત સૌથી વધુ છગ્ગા ફટકારવામાં ટોપ પર

વર્લ્ડકપ 2023માં અત્યાર સુધી ચાર બેટ્સમેનોએ 10 કે તેથી વધુ છગ્ગા ફટકાર્યા છે. ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન રોહિત શર્મા તેમાં સૌથી આગળ છે. રોહિત શર્માએ ODI World Cup 2023માં અત્યાર સુધી 17 છગ્ગા ફટકાર્યા છે. તે ODI World Cup 2023ની સૌથી વધુ છગ્ગા ફટકારનાર ખેલાડીઓની લિસ્ટમાં ટોપ પર છે. આ લિસ્ટમાં બીજો નામ શ્રીલંકાના ખેલાડી કુસલ મેંડિસનો છે.

# બાંગ્લાદેશને હરાવી સા.આફ્રિકા બીજા ક્રમે પહોંચ્યું

**મુંબઇ**

ઓપનર ડી કોકની આક્રમક સદી બાદ બોલર્સના શિસ્તબદ્ધ પ્રદર્શન વડે સાઉથ આફ્રિકાએ વર્લ્ડ કપની લીગ મેચમાં બાંગ્લાદેશને ૧૪૯ રનથી હરાવીને પોઈન્ટ ટેબલમાં બીજું સ્થાન હાંસલ કર્યું હતું. સાઉથ આફ્રિકાના પાંચ વિકેટે ૩૮૨ રનના જવાબમાં બાંગ્લાદેશની ટીમ ૨૩૩ રનના સ્કોરે ઓલઆઉટ થઈ ગઈ હતી. આ સાથે બાંગ્લાદેશની સેમિફાઈનલમાં પહોંચવાની આશાનો લગભગ અંત આવી ગયો હતો.

વન-ડેમાં સતત સાતમી વખત પ્રથમ બેટિંગ કરીને ૩૦૦ પ્લસનો સ્કોર નોંધાવનાર સાઉથ



આફ્રિકાની ઈનિંગમાં ઓપનર હેન્ડ્રિક્સ (૧૨) અને વાન ડેર ડુસૈનના (૧) આઉટ થયા બાદ ડી કોક અને સુકાની માર્કરામે ત્રીજી વિકેટ માટે ૧૩૧ રનની ભાગીદારી નોંધાવી હતી. માર્કરામ ૬૯ બોલમાં ૬૦ રન બનાવીને આઉટ થયા બાદ ડી કોક અને હેનરિચ ક્લાસેને ઈનિંગને આગળ વધારી હતી અને ચોથી વિકેટ માટે ૮૭ બોલમાં ૧૪૨ રનની ભાગીદારી નોંધાવીને ટીમને ૩૦૦ના સ્કોર સુધી પહોંચાડી દીધી હતી. ડી કોક ૧૪૦ બોલમાં ૧૫ બાઉન્ડ્રી અને સાત સિક્સર વડે ૧૭૪ રન બનાવીને આઉટ થયો હતો.

## પાંચ ઇનિંગ્સમાં ડી કોકની ત્રીજી સદી

સાઉથ આફ્રિકન ઓપનિંગ બેટ્સમેન ક્વિન્ટન ડી કોક શાનદાર ફોર્મમાં છે અને કારકિર્દીની ૧૫૦મી વન-ડે રમનાર ડી કોકે વર્તમાન વર્લ્ડ કપની પાંચ ઈનિંગ્સમાં ત્રીજી સદી ફટકારીને કેટલાક રેકોર્ડ બ્રેક કર્યા હતા. બાંગ્લાદેશ સામેની મેચમાં ડી કોકે ૧૪૦ બોલમાં ૧૫ બાઉન્ડ્રી અને સાત સિક્સરની મદદથી ૧૭૪ રનની ઈનિંગ રમી હતી અને તેની આ ઓવરઓલ ૨૦મી વન-ડે સદી નોંધાઈ છે. ડી કોકે રોહિત શર્માનો રેકોર્ડ તોડવા ઉપરાંત સૌરવ ગાંગુલીની સાથે વિશેષ ક્લબમાં સ્થાન મેળવ્યું છે.

# IPL ૨૦૨૪ની હરાજી ૧૮મી કે ૧૯મી ડિસેમ્બરે દુબઈમાં યોજાય તેવા સંકેત

**નવી દિલ્હી**

વર્તમાન સમયમાં ભારતની યજમાનીમાં વર્લ્ડ કપ રમાઈ રહ્યો છે જેનું સમાપન ૧૯મી નવેમ્બરે થશે. દરમિયાનમાં મળેલા અહેવાલ અનુસાર બીસીસીઆઈ આ વખતે આઈપીએલની હરાજી વિદેશમાં કરી શકે છે. ગયા વર્ષે ૨૦૨૨ના અંતમાં કેરળના કોચ્ચિ ખાતે હરાજી થઈ હતી. ૨૦૨૪ની આઈપીએલની હરાજી દુબઈ ખાતે ડિસેમ્બરમાં યોજાય તેવી સંભાવના છે. બોર્ડના સૂત્રોના અનુસાર બીસીસીઆઈ ૧૫થી ૧૯મી ડિસેમ્બરની વચ્ચે હરાજી યોજી શકે છે. જોકે ફ્રેન્ચાઈઝી ટીમોને હજુ સુધી કોઈ સૂચના આપવામાં આવી નથી. દુબઈનો પ્લાન અનિૃતિ હોઈ શકે છે પરંતુ તમામ ફ્રેન્ચાઈઝીઓને હરાજીના વેન્યૂ તરીકે દુબઈના પ્લાનિંગ અંગે સંકેતો આપી દેવામાં આવ્યા છે.

## પેરા એશિયન ગેમ્સ: ભારતે ૨૦૧૮ની જાકાર્તા ગેમ્સના ૭૨ મેડલ્સનો રેકોર્ડ તોડી નાખ્યો

# ભારતે ચાર દિવસમાં ૮૦ મેડલ્સ જીતી ઇતિહાસ રચ્યો

**હાંગઝોયૂ**

ભારતના પેરા એથ્લેટ્સે ચીનના હાંગઝોયૂ ખાતે યોજાયેલી પેરા એશિયન ગેમ્સમાં ઈતિહાસ રચ્યો હતો. ભારતે ચાર દિવસમાં જ મેડલ્સની સંખ્યા ૮૦ સુધી પહોંચાડીને પેરા એશિયન ગેમ્સમાં પોતાના તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા. ગુરુવારની ઈવેન્ટ્સ દરમિયાન ભારતના ગોલ્ડ મેડલની સંખ્યા ૧૮ સુધી પહોંચી હતી. ભારતે ૨૦૧૮માં ઈન્ડોનેશિયામાં જીતેલા ૭૨ મેડલ્સના સર્વશ્રેષ્ઠ પ્રદર્શનને પાછળ રાખી દીધું હતું. રમતના હજુ બે દિવસ બાકી છે અને ભારત વર્તમાન પેરા ગેમ્સમાં



૧૦૦ મેડલ્સ જીતવાના પોતાના ટાર્ગેટની નજીક પહોંચી રહ્યું છે. નોંધનીય છે કે ભારતે જાકાર્તા ૨૦૧૮માં ૧૫ ગોલ્ડ, ૨૪ સિલ્વર તથા ૩૩ બ્રોન્ઝ મેડલ સહિત ૭૨ મેડલ્સ જીત્યા હતા. મેન્સ એફ૪૬ ગોળા ફેંકમાં સચિન સર્જેરાવે ૧૬.૦૩ મીટરના વિક્રમી થ્રો સાથે ભારતને ગુરુવારે પ્રથમ ગોલ્ડ અપાવ્યો હતો. રોહિતે ૧૪.૫૬ મીટરના થ્રો સાથે બ્રોન્ઝ જીત્યો હતો. પેરા શૂટર સિદ્ધાર્થ બાબૂએ આર-૬ મિક્સ ૫૦ મીટર રાઈફલ ફ્રો એચએસ-૧ ઈવેન્ટમાં ૨૪૭.૭ પોઈન્ટ સાથે ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. શીતલ દેવી અને રાકેશ કુમારની તીરંદાજીની કમ્પાઉન્ડ મિક્સ ટીમે ચીનના લિન યુએશાન તથા શિનલિયાંગને ફાઈનલમાં ૧૫૧-૧૪૯ના સ્કોરથી હરાવીને ભારત માટે ગોલ્ડ જીત્યો હતો.

SALE START THIS WEEKEND

# DIWALI SPECIAL SALE

## FROM OCTOBER 27, FRIDAY TO NOVEMBER 05 SUNDAY.

સેલનો સમય: સવારે ૧૧.૦૦ થી સાંજે ૭.૩૦

# U.K. SWEATER HOUSE

હવે યુકેના સ્વેટર યુકેથી શું કામ મંગાવીએ ? યુકે સ્વેટર હાઉસમાંથી જ યુકેના સ્વેટર મેળવીએ



ધમાકા સેલ... ધમાકા સેલ... ધમાકા સેલ...

યુ.કે. સ્વેટર લેવા માટે જે ભાઈબહેનો ઘણા સમયથી યુ.કે. સ્વેટરના સ્ટોર પર જતા હતા પરંતુ તેમને સ્વેટર મળતું ન હતું અને તેમને નિરાશા થતી હતી. પરંતુ આ વર્ષે તહેવારોની સીઝનમાં સ્વેટર અને કૂર્તિનો સેલ લાગી ગયો છે. ૨૭ ઓક્ટોબર થી ૦૫ નવેમ્બર સુધી ચાલનારા યુ.કે. સ્વેટરના સેલને બિલકુલ પણ તમે મિસ ન કરતા આ સ્વેટરના શિપમેન્ટમાં અલગ અલગ પ્રકારના વુમન સ્વેટર અને કૂર્તિ મળશે.

**જલ્દી કરો આ ઓફર બીજીવાર નહીં મળે**

**Selected ladies ' 30-dollar cardigan on sale for 25 dollars for a limited time only.**

- All new shipment of ladies cardigan in many colors and styles.
- This long weekend huge sale with great prices.
- Many other cardigan available in different prices.
- Selected cardigan Regular 40 On sale 4 for 100
- Other fancy cardigan Prices 40,45,50 to 70

Visit The Store This Weekend .

**સેલનો લાભ ઉઠાવવા શો-રૂમની મુલાકાત લો**

જો તમે ગુજરાત જતા હો તો તમારા સ્વજનો માટે સ્વેટર લેતા જાઓ.
યુકેથી કેનેડા આવતા સ્વજનો જે રીતે યુકે સ્વેટર્સની માંગ કરે છે
તે જ રીતે ગુજરાતના તમારા સગાવહાલાઓ પણ યુકે સ્વેટર્સની માગ કરે છે

NO EXCHANGE
NO REFUND
FINAL SALE



**Karol Bagh Plaza, 1098, Peter Robertson Blvd., #18, Brampton, Ontario (Torbram & Peter Robertson)**

FROM EAST - TAKE 401 W AND 410 N TO BOVAIRD Dr. E AND TURN LEFT ON TORBRAM RD. RIGHT ONTO PETER ROBERTSON Blvd.

**Tel: 905-789-8514**



# HONEST - DEDICATED - TEAMWORK

PINNACLE REAL ESTATE GROUP

## *Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



JUST LISTED — 1744 White Cedar Dr Pickering

Welcome to this charming semi-detached home nestled in a peaceful, family-friendly neighborhood. This well-maintained residence offers the perfect blend of comfort and convenience. As you approach, you'll appreciate the inviting curb appeal with a brand new interlock pathway leading to the front entrance. Step inside to discover a warm and welcoming interior, where new vinyl flooring on the second floor adds a modern touch to the living space. Upstairs, you'll find three well-appointed bedrooms, each offering comfort and tranquility. The new vinyl flooring continues the contemporary aesthetic while maintaining a cozy atmosphere. This home's location is a standout feature. Situated in a quiet neighborhood, it's within close proximity to both Catholic and public schools, making it an excellent choice for families!!



JUST LISTED — 233 Michael Blvd Whitby

Nestled in the tranquil neighborhood of Lynde Creek, this home presents a blend of charm, functionality & comfortable living. From the moment you step into the double volume foyer, you'll be captivated by the warmth that defines this remarkable prpty. The expansive kitchen features an eat-in area with huge picture wndws that frame the backyard views. The family rm, adorned with a cozy f/place, serves as the heart of the home. Ideal for family gatherings & entertaining. The large living rm seamlessly blends with the dining rm, providing a flexible space for formal dining or simply unwinding. The bdrms offer ample space for relaxation, with plenty of natural light. This gem is ready to be filled with the warmth and memories of its new owners. Don't miss this chance to make it yours.



JUST LISTED — 2170 Thornton Rd N Oshawa

Welcome to your dream home in Oshawa, just 500m from Whitby's border. A perfect blend of modernity and rustic charm. This 3+2 bedroom open-concept bungalow has been meticulously updated for a contemporary yet timeless aesthetic. The eat-in kitchen is a masterpiece. Custom lighting suspended from decorative barn beams, stainless steel appliances, and quartz counters. Beautiful hardwood flooring and pot lights galore. The family room features a gas fireplace framed by built-in shelving. Step from the dining room onto a 1000sf party-sized deck. Built-in custom wardrobes and a walkout to a private terrace in the primary bedroom. The basement features a separate entrance, 2 large bedrooms, and a family room with a projector and motorized movie screen and projector for cinematic experiences. Store your toys in the detached 2-car garage/workshop. Solar panels are owned free and clear, generting up to $500/mo in additional income. Redevelopment potential with incoming Northwood Business Park.



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions... Its that Simple!

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.

# OM INDIA FOOD CENTRE

દરેક જાતની ગ્રોસરી, લીલા-તાજા શાકભાજી,
અનાજ, કઠોળ, મસાલા,
વિવિધ ફરસાણના પેકેટ, સ્વીટ આઈટમો,
ઓડીયો-વિડીયો કેસેટ્સ, ડીવીડી, પૂજા સામગ્રી...

## OM INDIA FOOD CENTRE

**6 LOCATION TO SERVE YOU**

1729 Albion Rd,
Etobicoke, ON
**416-743-1100**

3300 McNICOLLE Ave, #B-6,
Scarborough, ON
**416-297-8383**

139 Charing Cross,
Brantford Ontario
**519-758-9999**

71 West Drive, Unit#42,
Brampton, ON
**905-452-1100**

5 Manitou Drive # 102
Kitchner, ON. N2C 1L4
**519-954-1110**

293, Labrosse Ave,
Point-Claire, QC H9R 5M3
**514-426-1100**

Rollz ICE CREAM

## Experience the Ice Cream Flavor Like Never Before with Rollz!



Franchise info : franchiseenquiry@rollzicecream.ca | www.rollzicecream.ca

Location : Ajax | Mississauga | Scarborough | Collingwood | Regina | Edmonton | Guelph | Vaughan | Halifax
Windsor | Kitchener | Bramlea, Brampton | Scarborough Lebovic | North Park Drive, Brampton | Brantford | Peterborough